અઠંગ ઉઠાવગીર

અથવા

બાલાક ચોર.





(અદ્ભુત અને અલૌકિક ઘટનાઓથી ભરપૂર ડીટેક્ટીવ નવલકથા)

અનુવાદક —

અંબેલાલ સારામભાઈ દેસાઈ

પ્રકાશક:—

બુકસેલર મણીલાલ ભાઇશંકર વ્યાસ.

ઠે. બેગમપુરા આમલીશેરી–સુરત.

કીંમત બાર આના.

અઠંગ ઉઠાવગીર

અથવા

ચાલાક ચોર

(અદ્ભુત અને અલૌકિક ઘટનાઓથી ભરપુર ડીટેક્ટીવ નવલકથા)

અનુવાદક–

અમ્બેલાલ સવરામભાઈ દેશાઇ

પ્રકાશક–

બુકસેલર મણીલાલ ભાઈશંકર વ્યાસ

ઠે. બેગમપુરા, આમલી શેરી–સુરત.

આવૃતી ૧લી. (પ્રત ૨૦૦૦) સંવત ૧૯૮૨

કીંમત બાર આના.

વિષયાનુક્રમણિકા.

સુરત ખરાનપુરી ભાગળ, ભાજીવાળી પોળમાં આવેલા શ્રી અનાવિલ બંધુ પ્રી. પ્રેસમાં ગોવિંદજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યુ.

પ્રસ્તાવના.

કેટલાક લોકોનું એવું માનવું છે કે **ડીટેકટીવ** નોવેલો માત્ર મનરંજન કરવા માટેજ લખાય વંચાય છે. પરન્તુ ખરી રીતે જોતાં તેમ નથી **ડીટેકટીવ** નોવેલો વાંચવાથી અને બરાબર તેનું મનન કર્યાંથી લુચ્ચા, ચોર, લુટારા વગેરે લોકોની ઓળખાણ કરવાની તર્કશકિત ઉત્પન્ન થાય છે અને તેથી તેવાંઓના દુષ્ટ હેતુમાં ફસાતા બચી જવાય છે.

ગુજરાતી ભાષામાં ડીટેકટીવ નોવેલો ઘણીજ થોડી છે પણ અંગ્રેજીમાં અને બંગાળીમાં દર વર્ષે સંખ્યાબંધ ડીટેકટીવ નોવેલો બહાર પડે છે. ગુજરાતી ભાષાના લેખકો એ દિશા તરફ પોતાનું લક્ષ દોડાવે એવી અંતરેચ્છા છે.

અંગ્રેજીમાં સર્વોત્તમ ડીટેકટીવ નોવેલ લેખક Mr. Edin phillpoots છે. એમનાં નોવેલોએ પુષ્કળ પ્રસિદ્ધિ મેળવી છે. બંગાળીમાં મિ૦ ફીલપોટ્સની માફક પંચકોડી દેના ડીટેકટીવ નોવેલને લોકો બહુ વાંચે છે. પરન્તુ ગુજરાતીમાં કોઈ એવો લખનાર હજી સુધી તો જણાતો નથી.

આજે અમે જે પુસ્તકને વાંચક વર્ગની સેવામાં રજુ કરીએ છીએ તે ફીલ પોટસની એક વાર્તાનોજ અનુવાદ છે. એ વાર્તા લંડનની યુનીયન જેક લાયબ્રેરીમાં 'Blaker's note book' નામથી પ્રસિધ્ધ થઈ છે બંગાળીમાં 'રહસ્ય લહરી'એ એ વાર્તાના આધાર ઉપર કેટલાંક ઉપન્યાસો કાઢયાં છે, અને હિન્દીમાં પ્રસ્તુત વાર્તાનો 'ચાલાક ચોર'ના નામથી અનુવાદ થઈ ચૂકયો છે. સદરહુ વાર્તાનો ગુજરાતીમાં **બદમાશોની બાદશાહી** એ નામથી **બાણાવળી** નામના અઠવાડીક પત્રમાં કટકે કટકે અનુવાદ થયલો જે વાંચવામાં આવતાં તે પર મારૂં ધ્યાન ખેંચાયલું; અને ધાર્યું હતું કે જો આ વાર્તા એક પુસ્તકાકારમાં પ્રગટ થાય તો ગુજરાતી વાંચકોની જરૂર પસંદગી મેળવશે જેથી મેં આ પુસ્તકના અનુવાદનો અલ્પ પ્રયાસ કર્યો છે. પ્રસ્તુત પુસ્તકનો અનુવાદ કરવામાં અંગ્રેજી ભાષાનાં "Blaker' Note book" બંગાળીનાં "રહસ્ય લહરી" અને હિન્દીમાં "ચાલાક ચોર" એ પુસ્તકોનો આધાર લેવામાં આવ્યો છે અને તે માટે એ પુસ્તકોના કર્તા પ્રકાશકોનો આભાર માનું છું.

ગુજરાતીમાં અમે આ પુસ્તકનું નામ અઠંગ ઉઠાવગીર અથવા "ચાલાક

ચોર" રાખ્યું છે. જો કે આને મળતું નામ હિન્દીમાં છે છતાં પણ એ નામ બહુ બંધબેસ્તુ લાગવાથી તેને મળતુંજ રાખવા પ્રયત્ન કર્યો છે, પ્રસ્તુત પુસ્તકમાં ભુલો હશે પણ તે ભુલો તરફ ન જોતાં પોતાના દીનબન્ધુની અલ્પ ભેટ કોઇ પણ પ્રકારની આનાકાની વિના ગુજરાતી ભાષાના સુજ્ઞ વાંચકો સ્વીકારશે એવી આશા છે, મારો પ્રયાસ વાંચક વર્ગમાં આદરને પાત્ર થશે અને ઈશ્વરની કૃપા હશે તો બીજું પુસ્તક લઈ વાંચકની સેવામાં રજુ થઈશ. અસ્તુ.

અલથાણ.
તા૦ ૨-૨-૨૬
પોસ્ટ, નાનપુરા-સુરત.

અમ્બેલાલ સવરામભાઇ દેશાઈ,

અઠંગ ઉઠાવગીર

અથવા

ચાલાક ચોર!

પ્રકરણ પહેલું. **કુટ્સની કમબખ્તી.**

ઇન્સપેક્ટર કુટ્સ, લંડનના સુપ્રસિદ્ધ 'સ્કોટલેન્ડ યાર્ડ' નામના પોલીસ વિભાગનો એક પ્રવીણ અમલદાર હતો. ફોજદારી તથા ડીટેકટીવ વિભાગના કામમાં તેનું નામ પ્રખ્યાત હતું અને ચતુર અમલદાર હોવાથી, પોલીસનાં સર્વ માણસો તેના ઉપર શ્રદ્ધા રાખતાં હતાં; તો પણ પોલીસના ઘણા ખરા અમલદારોની માફક તેનામાં પણ દોષનો અભાવ નહોતો. તેનામાં મુખ્ય દોષ એ હતો કે, તે પોતે પોતાને સર્વગુણ સંપન્ન સમજતો. કોઇ તેની ભૂલ શોધી કાઢે તો તે ક્રોધથી સળગી ઉઠતો; કોઇનો પણ પ્રતિવાદ તે સહન કરી શકતો નહીં. જે માણસો તેનાથી નવા હોય તેને તો તે તદ્દન તુચ્છજ સમજતો. એટલા માટે અમારે અહીં કહેવું પડે છે કે, તે અહંકારનો એક અવતારજ હતો. ઇન્સ્પેકટર કુટ્સ એવો અભિમાની હતો, કે કોઇ કામમાં કોઇની પણ સલાહ લેવી તે પોતાનું અપમાન થયેલું સમજતો; તથાપિ એક દિવસ અચાનક લંડનના બેકર સ્ટ્રીટમાં રહેતા સુપ્રસિદ્ધ ડીટેકટીવ મિ૦ રોબર્ટ બ્લેકને ઘેર તેને જવું પડ્યું. એના કેટલાક દિવસો પહેલાં મિ૦ બ્લેક પોતાનો પ્રાણ જેમ તેમ બચાવી, દુષ્ટોના હાથમાંથી છૂટી નિવૃત્તિથી પોતાને ઘેર રહેતો હતો. તેની શારીરિક અને માનસિક ખિન્નતા હજી દૂર થઇ નહોતી. તેથી તે કોઇની સાથે પણ મુલાકાત કરતો નહોતો.

એવી સ્થિતિમાં ઇન્સ્પેક્ટર ક્રુટ્સ બ્લેકને ઘેર જઇ તેના બંધ દ્વારની ઘંટડીને જોરથી વગાડવા લાગ્યો.

મિ૦ બ્લેકે ઘંટડીનો અવાજ સાંભળ્યો. આ વખતે તે તેજ દીવસનું પેપર વાંચતો હતો. ઘંટડીનો અવાજ સાંભળી પેપરને એક બાજુ મૂકી દીધું. આ વખતે તેનો સહકારી સ્મિથ પણ તેની પાસેજ બેસીને એક નવલકથા વાંચતો હતો, તેને મિ૦ બ્લેકે કહ્યું. “સ્મિથ ! દરવાજા પર કોણ છે ? હું કોઇને મળવા માંગતો નથી. લોકો હજુ પણ મને નિરાંતે બેસવા દેવાના નથી ! કોણ જાણે મારા વિના તેઓનું કયું કામ અટકી પડે છે ?”

સ્મિથે કહ્યું:–“તમારી પાસે તો કોઇ જરૂરી કામ વાળોજ આવશે. તમે કોઇને ન મળવાની પ્રતિજ્ઞા કરી છે પણ તેથી શું થયું ? મિસિસ બોર્ડલે દરવાજો ઉઘાડ્યો હોય એમ તેનો અવાજ સ્પષ્ટ સંભળાય છે.”

મિસિસ બોર્ડલ દરવાજો ખોલી આવનારને કહેતી હતી કે:–“મિસ્ટર તમે કેવા આદમી છો ? હું જમવા બેઠી છું તેથી દરવાજો ઉઘાડતાં જરા વાર લાગી; તમારાથી પાંચ મિનિટ ઉભા રહેવાતું નથી કે એકદમ દરવાજો ખોલવાનીજ તદબીર કરવા લાગ્યા ! તમે કોઇ સભ્ય માણસ સાથે વ્યવહાર રાખ્યો છે કે નહીં ? કહો, તમારે શું કામ છે ?”

ઇન્સ્પેક્ટર ક્રુટ્સે મિસિસ બોર્ડલનું વિરાટ શરીર અને ઉ: ગ્રુતિ જોઇને જરા નમ્ર અવાજે કહ્યું:–“અરે ભલી બાઇ આટલો બધો ગુસ્સો શા માટે કરો છો ? હું દુ:ખનો માર્યો તમારા શેઠને મળવા આવ્યો છું. મિ૦ બ્લેક ક્યાં છે ? મારે તેને મળવું છે ?”

ઇન્સ્પેક્ટર ક્રુટ્સનો સ્વર ઓળખી મિ૦ બ્લેકે સ્મિથને કહ્યું:–“આ તો ઇન્સ્પેક્ટર ક્રુટ્સ જણાય છે ! તેને કોઇ જરૂરી કામ હશે તેથીજ મને મળવા આવ્યા છે. તે મારા જૂના મિત્ર છે એટલે મારે તેને મળવુંજ પડશે. સ્મિથ ! તમે નીચે જાઓ અને તેને અહીં તેડી લાવો; નહીં તો મિસિસ બોર્ડલ તેને અહીં આવવા દેશે નહીં.”

મિ૦ બ્લેક હજી પૂરૂં કહી રહ્યો નથી એટલામાં તો ભીમકાય ઈન્સ્પેકટર વીજળીના વેગની માફક તેની સામે આવીને ઉભો રહ્યો. તેના પગલાંના અવાજથી આખો ઓરડો કંપી ઉઠયો! મિ૦ બ્લેક-ઈન્સ્પેકટર કુટ્સની ઉપર પ્રેમ રાખતો હતો, તેથી તેનાં આ પ્રકારના અચાનક આવિર્ભાવથી તે નારાજ તો નહીં થયો; પણ તેનો ભાવ દેખીને આશ્ચર્ય તો પામ્યો! તે સમજ્યો કે કાંઇ પણ મામલો છે ખરો. મિ૦ બ્લેક કુટ્સને કાંઇ પણ પૂછે તે પહેલાંજ, તે પોતાના માથાપરની મોટી ટોપી ઉતારી બ્લેકની સામેનાં ટેબલ ઉપર મૂકી પાસેનીજ ખુરશી ઉપર ધમ્મ દઇને બેસી પડયો. તેનાં વજનથી ખુરશી ચર્ર્ ચર્ર્ બોલવા લાગી, પણ તે તરફ જરા પણ લક્ષ આપ્યા વગર ઉત્તેજીત સ્વરથી તેણે કહ્યું:-"આપનો આ કેવો બંદોબસ્ત! આવી કર્કશા ચાકરડીને રાખી છે એનાથી તો એક ગાંડો કુતરો પણ સારો! કોઇ સભ્ય માણસો આપને શી રીતે મળવા આવતા હશે? તે મને જોતાંજ ડોળા કાઢીને એવી રીતે બોલવા લાગી કે-એને જોઇને મારા જેવો મજબુત માણસ પણ ડરી ગયો; તમે તો રૂપિઆ આપીને જાણે વાઘણજ ખરીદી છે!"

મિ૦ બ્લેકે હસીને કહ્યું:-"એ જૂઠી વાત નથી; પણ એવી એક નોકરડીની મારે ખાસ જરૂર હતી; કારણકે લોકો મને એ નહોત તો કાયર કરી નાંખત! એનો મીજાજ જોઇનેજ ઘણાને તો નાસી જવું પડે છે; પણ તમારા જેવા ચાલાક વાંદર તેની દરકાર રાખ્યા વિના મારી પાસે આવીને પડે છે. મારી નોકરડી બોલતી ચાલતી હશે પણ કોઇને પણ કાયર કરતી નથી. તેનાં વર્તનથી તમે દિલગીર થશો નહીં; મારૂં શરીર સારૂં નથી તો પણ તમારી હકીકત સાંભળવાને હું તૈયાર છું, પણ તમે તો હાંફો છો! સ્થિર થઇને એક ચીરૂટ પીઓ! પછી હું તમારી વાત સાંભળીશ. સ્મિથ! મારા મિત્ર ઇન્સ્પેકટરને એક ચીરૂટ આપો!"

સ્મિથે તેજ વખતે એક પેટીમાંથી ત્રણ ચીરૂટ કાઢી તેમાંની એક

મિ૦ કુટ્સને આપી. કુટ્સને ચીરૂટ આપતી વખતે સ્મિથે સ્મિત હાસ્ય કર્યું પણ તેનાં સ્મિત હાસ્યપર કોઇએ ધ્યાન આપ્યું નહીં.

મિ૦ કુટ્સે ચીરૂટ સળગાવી અને જોરથી એક દમ ખેંચ્યો; પરન્તુ ચીરૂટનો ધૂમાડો તેના મુખમાં ગયો ન ગયો એટલામાં તો તે ખુરશી ઉપરથી ઉછળ્યો; કારણકે ચીરૂટ સળગતાંજ એક અવાજ થયો અને તેમાંથી સળગતાં ફૂલકરની માફક દેવતાના તણખા નીકળી ચારે બાજુ પડવા લાગ્યા; ચીરૂટમાં તમ્બાકુને બદલે ફટાકાનો દારૂ ભર્યો હતો! ઇન્સ્પેકટર કુટ્સ તે ચીરૂટ ફેંકે તે પહેલાં તો અવાજ સાથે તે ફાટી ગઇ. તેમાંના અગ્નિની ચીણગારીઓ 'ટાઇગર' નાં મ્હોં ઉપર પડી. મિ૦ બ્લેકનો કુતરો ટાઇગર ટેબલની પાસેજ શેતરંજી ઉપર સૂઇ રહ્યો હતો; ચીરૂટમાંની ચીણગારીઓ ઉપર પડવાથી તે એકદમ ઘૂરકી ઉઠયો. સ્મિથે મ્હોંમાં રૂમાલનો ડૂચો મારી પોતાનું હસવું ખાળ્યું અને એકદમ ઓરડાની બહાર જતો રહ્યો. આ જોઇ ઘણાં કષ્ટથી હસવું રોકી બ્લેકે કુટ્સને કહ્યું:–છોકરો ઘણો મૂર્ખ છે, ગ્રહસ્થ માણસોને ખીજવવામાં તે ચાલાક છે. કાલે રાત્રે મારી સાથે પણ આ રીતે વર્ત્યો હતો; મિત્ર કુટ્સ! તમે બીજું કાંઇ સમજશો નહીં. હું તેને શિક્ષા કરીશ.

ઇન્સ્પેકટર કુટ્સે પોતાની મૂચ્છના જથ્થામાંથી અગ્નિની ચીણગારીઓને ખંખેરી ક્રોધ ભર્યા સ્વરે કહ્યું:–"છોકરો તદ્દન મૂર્ખ જણાય છે. હું પોલીસનો માણસ, કાયદાકાનુનનો પ્રતિનિધિ, આવડો મોટો અમલદાર, એના બાપ જેટલી ઉમ્મરનો, છતાં મારી મશ્કરી કરતાં તેને જરાયે શરમ આવી નહીં? કેવું ખરાબ! એક દિવસ હું જરૂર એને જેલની હવા ખવડાવીશ.

મિ૦ બ્લેકે કહ્યું:–"તમે ક્રોધ ન કરો, છોકરો દુષ્ટ છે તોપણ તેનું હૃદય સરળ છે. તમારાં ધુમ્રપાનમાં અડચણ આવવાથી મને પણ દુઃખ થયું છે, લ્યો તમે બીજી ચીરૂટ સળગાવો." મિ૦ બ્લેકે પોતાની સીગારેટ બોક્સમાંથી એક ચીરૂટ કાઢી કુટ્સના હાથમાં આપી. કુટ્સે તેની શંકાશીલ દૃષ્ટિએ

પરીક્ષા કરી સળગાવી. ત્યાર પછી બે એક દમ જોરથી મારી તેણે કહ્યું. "હું શું કહેવાને આવ્યો હતો. તે એ હું ભૂલી ગયો. બળતી ફૂલકરને સીગાર સમજીને પીવાથી આ બધો ગોટાળો થઈ ગયો! હાં યાદ આવ્યું. સાંભળો મિ૦ બ્લેક! આજકાલ હું ભારી સંકટમાં સપડાયો છું. એક માણસે મને ગાંડો બનાવી દીધો છે. વધારે તો શું પણ મને મારૂં મ્હોં બતાવવાનું પણ ભારી થઇ પડયું છે. મને જોઇને થાણાના નાના મોટા અમલદારો પણ મ્હો ફેરવીને હસે છે. હવે મારૂં માન, મારી પ્રસિદ્ધિ સર્વ નાશ પામ્યાં છે. જે રીતે બાળકો ઢીંગલીઓને નચાવીને રમતો રમે છે તેજ રીતે એક માણસે મને નચાવી રમત રમવા માંડી છે. માટે મારી એવી વિનતિ છે કે તમે 'બેટ'નો પત્તો મેળવો.

મિ૦ બ્લેકે કહ્યું:–"બેટ! કેવું બેટ? ક્રીકેટ રમવાનું બેટ?"

કુટ્સે કહ્યુ:–"નહીં સાહેબ! શું તમે પણ મારી મશ્કરી કરવાની શરૂઆત કરી! રમવાનું બેટ! લઇને તો બાળકો રમ્યા કરે છે, પરન્તુ આ બેટે તો મારી સાથે રમવું શરૂ કર્યું છે! મેં એવાં ઘણાં જાનવર જોયાં છે, ઘણા ચોરોના પત્તા મેળવ્યા છે; લૂટારા, ફાંસીઆ, જુગારી વિગેરેને પકડી જેલની હવા ખવડાવી છે; પરન્તુ આ બેટના જેવો અપરાધી અત્યાર સુધીમાં મારી નજરે પડયો નથી; તે ઘણોજ ભયંકર માણસ છે!"

મિસ્ટર બ્લેકે કુતૂહલવશ થઇને પૂછ્યું:–"તે કોણ છે? કેવો માણસ છે? વિગેરે તમારી વાતોથી તો સમજાતું નથી. સર્વ વાતો સ્પષ્ટ કહો."

ઇન્સ્પેક્ટર કુટ્સે કહ્યું. "જો તે કોણ છે, તે હું જાણતો હોત તો બતાવી દેત; હું તેને વિષે કશું પણ જાણતો નથી. પકડાશે ત્યારે જોઇશું કે તે કેવો માણસ છે. ચાલો જેમ થશે તેમ. હવે અત્યાર સુધી તો જે જે બન્યું છે તે તમને કહું છું. સાંભળો! ત્રણ અઠવાડીઆં પહેલા મને એક પત્ર મળ્યો હતો."–એમ કહી મિ૦ કુટ્સે ગજવામાંથી કાગળોનું એક બંડલ કાઢી તેમાંનો એક કાગળ મિ૦ બ્લેકના હાથમાં આપ્યો. એ પત્ર રજીસ્ટરના ઝીણા અક્ષરોથી છાપેલો હતો; પત્રમાં આ પ્રમાણે લખ્યું હતું.

પ્રિય ઇન્સ્પેકટર કુટ્સ !

આજ કાલ તમારા હાથમાં કોઈ જાસુસી કામ ન હોવાથી મેં વિચાર કર્યો છે કે તમને થોડુંક કામ મેળવી આપું; કારણકે દર મહિને તમે સરકારના ઘણા રૂપીઆ બેઠા બેઠા પચાવ્યા કરો છો અને માત્ર ખાવાપીવા અને સુવામાંજ દિવસ વ્યતીત કરો છો. તમને હમણાં શારીરિક અને માનસિક પરિશ્રમ બિલકુલ કરવો પડતો નથી. એ તમારે માટે યોગ્ય નથી.

"તમને કેવું કામ આપવામાં આવવાનું છે તે જાણવાને માટે તમે વ્યગ્ર થઇ રહ્યા હશો; પણ ગભરાઓ નહીં એ કામ તમારી ઈજ્જતને બટ્ટો લગાડે એવું નથી; કારણકે મેં વિચાર કરી રાખ્યો છે, કે હું એક પખવાડીઆમાં ફીલ્ડ-સાયરની, માર્કવિસ-પત્નીના હીરા, ઝવેરાત ચોરી લઈશ, એ સિવાય હાલવર્ન સેન્ટ્રલ યુનાઇટેડ બેન્કનો જે ખજાનો છે તેમાંથી દસ હજારથી વધારે પાઉન્ડ ઉઠાવીશ; મિ૦ સોલોમન ગ્લાડસ્ટન મહાશયનો હીરાજડીત શીરપેચ મારા અધીકારમાં લઇશ. એ ઉપરાંત બીજા પણ એક મૂલ્યવાન દ્રવ્ય ઉપર મારું લક્ષ્ય છે; તે બીજું કાંઇ નહીં પણ તમારા પોલીસ ખાતાના ચીફ કમીશ્નર સાહેબ જે એક કિંમતી ટાઈ-પીન પહેરે છે તેનું પણ એજ પખવાડીઆંની અંદર હરણ કરવાની ઈચ્છા રાખું છું! તમને પહેલેથીજ ખબર આપવામાં આવે છે; કારણકે ખબર આપ્યા સિવાય બીજા ચોરોની માફક ચોરી કરવી એ મને પસંદ નથી.

તમારો હિતચિન્તક "બેટ"

મિ૦ બ્લેક એ પત્ર વાંચી વિસ્મયપણે ઇન્સ્પેકટર કુટ્સના મ્હો સામે જોવા લાગ્યો. તેની ધારણા એવી હતી કે કોઇએ ખાલી હસવાના ઇરાદાથી આ વગર નામનો પત્ર મોકલ્યો છે. અને એ માત્ર મશ્કરી ખાતરજ હશે.

પત્રના સંબંધમાં મિ૦ બ્લેકને કાંઇ પણ ન કહેતો જોઇને કુટ્સે કહ્યું. "આપને જો એવો પત્ર મળ્યો હોત તો શું કરત?"

મિ૦ બ્લેકે કહ્યું:—"એવો પત્ર મને મળ્યો હોત તો હું સમજત કે કોઇ મશ્કરી કરનારાએ મજા જોવાને માટે આવો પત્ર લખ્યો છે; શું કોઇ આવું લખીને એ પ્રમાણે કરતું હશે? હું તો એ માનતો નથી."

ઇન્સ્પેકટર ક્રુટ્સે કહ્યું:-"હું પણ માનવાને માટે તૈયાર નહોતો; પણ એ ચોરે મારો કાન પકડીને મનાવ્યું છે. કારણ, આ પત્ર મળ્યા બાદ એને માટે સમ્પૂર્ણ સાવચેત રહેવા છતાં, પત્ર મળ્યા પછી ત્રણ દિવસ પછી સાંભળ્યું કે શીલ્ડશાયરની માર્કવિસ પત્નીના પાંચ હજાર પાઉન્ડના હીરાના અલંકાર ચોરાઇ ગયા છે ! પુષ્કળ પ્રયત્ન કરવા છતાં પણ ચોરનો પત્તો લાગ્યો નથી. તેજ અઠવાડીઆમાં ખબર મળી કે હાલબર્ન સેન્ટ્રલ યુનાઇટેડ બેંકના ખજાનામાંથી ગીની અને નોટ મળીને બાર હજાર પાઉન્ડ ચોરાઇ ગયા છે ! ચોરનો પત્તો નથી. ગયા અઠવાડીઆમાં મિ૦ સોલોમન ગ્લાસ્ટનનો હીરાનો મહા મૂલ્યવાન શિરપેચ પણ ગૂમ થઇ ગયો છે ! કયાં ગયો તેનો કાંઇ પત્તો નથી ! પરન્તુ સર્વથી અધિક આશ્ચર્યની વાત તો એ છે કે અમારાં પોલીસના વડા સાહેબ સર હેનરી ફ્રેયર ફ્રેકસની આંખોની સામેજ તેમની કિંમતી ટાઇપીન જતી રહી છે. એ સર્વ સાંભળી આ પત્રને માટે તમો શું ધારો?

મિ૦ બ્લેક ખુરશી પર ટટાર થઇને બેઠો અને ચીરૂટના બે ત્રણ દમ ખેંચીને બોલ્યો:-"તમારી એ વાત સાંભળીને તો લાચાર થઇને એ કાગળ પર વિશ્વાસ કરવો પડે છે. ચોરે લખેલી સર્વ વાતો કરી બતાવી. ખરેખર એ કોઈ અઠંગ ઉઠાવગીર અથવા તો અજબ ચાલાક ચોર છે."

ઇન્સ્પેકટર ક્રુટ્સ ઉત્તેજીત સ્વરથી બોલ્યો:-"હજુ પણ શું ! એ ચોરની ચાલાકી પર સમ્પૂર્ણ વિશ્વાસ ન કરતાં હો તો સાંભળો. દરેક ચોરીને આગળને દિવસે મને એકેક પત્ર મળ્યો હતો; દરેક પત્ર પહેલાં પત્રનાં જેવાંજ અક્ષરોમાં છાપેલો છે તમે તેને વાંચીને સર્વ હકીકત સમજી જશો.

એમ કહીને ઇન્સ્પેકટર ક્રુટ્સે ચાર પત્રો મિ૦ બ્લેકના હાથમાં મૂકયા.

પહેલો પત્ર આ પ્રમાણે હતો:-"પ્રિય ઈન્સ્પેકટર ક્રુટ્સ : શીલ્ડશાયરની માર્કવિસ પત્નીના હીરાનાં ઘરેણાં ચોરાઈ ગયાં છે; તમે તેનો પત્તો કેમ મેળવતા નથી?

"બ્લેક."

બીજો પત્રઃ–"પ્રિય ઈન્સ્પેકટર કુટ્સ ! સેન્ટ્રલ–યુનાઇટેડ બેન્કના બાર હજાર પાઉન્ડ સોનાની પેટીમાંથી ગેપ થઇ ગયા છે. બેંકના માલીકોએ પોકાર કરીને કહ્યું છે, કે જે માણસ ચોરને પકડી આપશે તેને પુષ્કળ ઈનામ આપવામાં આવશે. તમે એ ઇનામ મેળવવાને કેમ પ્રયત્ન કરતા નથી. એ બાર હજાર પાઉંડ કોના હાથમાં છે તે તો તમે જાણો છો તો પછી પકડવાનો પ્રયત્ન કરવો એ શું ! તમારૂં કર્તવ્ય નથી ?" "બોટ."

ત્રીજો પત્રઃ–"પ્રિય ઈન્સ્પેકટર કુટ્સ ! મે તમને અસ્થિર કરી નાખ્યા છે તેને માટે મને દુઃખ થાય છે; તો પણ કર્તવ્યના બંધનને લીધે તમને સૂચના આપવામાં આવે છે કે, પ્રસિદ્ધ ધનાઢય સેલોમન ગ્લાસટનનો બહુમૂલ્ય શિરપેચ ચોરાઇ જવાથી તે અત્યંત કષ્ટથી હાહાકાર કરી રહ્યો છે હું તેના દુઃખમાં આંતરિક સહાનુભૂતિ પ્રકટ કરૂં છું. તો પણ તમને છાની રીતે જણાવવામાં આવે છે, કે એ કામ મારૂં છે. શિરપેચ મારી પાસે તૈયાર છે, તમારા જેવા સુપ્રસિદ્ધ પોલીસ અમલદાર મારો પત્તો મેળવી મને ન શોધી કાઢે તો તમારા જેવો ગધેડો ઇંગ્લાંડમાં બીજો કોઈ નહીં હોય !" "બોટ"

ચોથો પત્રઃ–"પ્રિય ઇન્સ્પેકટર કુટ્સ તમારા વડા સાહેબ એટલે પોલીસ કમિશ્નર સર હેનરી ફેયર ફોકસ પોતાની કિંમતી અને સુન્દર ટાઈ–પીન ખોઈને દિવાના જેવા થઈ ગયા છે, એ સમાચારથી મને જરા પણ આશ્ચર્ય લાગ્યું નથી. પીન ઘણીજ સારી છે. એ ઘણું કરીને સર હેનરીએ પોતાની ચતુરાઈના ઈનામમાં મેળવી હતી. એવી વસ્તુ ખોવાઈ જવાથી કોને દુઃખ ન થાય ? એ વસ્તુ મને ઘણીજ પસંદ પડી છે, પરન્તુ અડચણ એ નડે છે, કે હું તેને ખુલ્લી રીતે વાપરી શકતો નથી; પકડાઇ જવાના ભયથી હું તે વાપરતો નથી એમ નહીં પણ ચોરીને બટ્ટો લાગે એ ભયથી વાપરતો નથી." તમારો "બોટ."

મિ૦ બ્લેકે એક એક કરીને સર્વ પત્રો વાંચ્યા. વાંચીને તેનું કુતૂહલ બહુ વધી ગયું. એ અડંગ ઉઠાવગીર તસ્કરની અદ્દભૂત હોંશીયારી જોઇને પોતાનાં આશ્ચર્યનું તે દમન કરી શકયો નહીં. તે મનમાંજ બોલ્યોઃ–"હા; સાચો ચોર એજ છે. અત્યાર સુધીમાં મેં પુષ્કળ ચોરીઓ અને લુંટો પકડી

છે. પણ આવો ચાલાક ચોર મેં અત્યાર સુધીમાં જોયો નથી. હવે મને યાદ આવે છે કે કેટલાક દિવસો ઉપર વર્તમાન પત્રોમાં આ સર્વ ચોરીની હકીકત વાંચી હતી; પરન્તુ એ ચોરીમાં આટલું રહસ્ય છે એવી કલ્પના પણ કરી નહોતી! એ ચોરને પકડવાનું કામ સ્કોટલેન્ડ યાર્ડના પ્રખ્યાત ડીટેક્ટીવોને સોંપ્યું હશે એવું અનુમાન કરી એ સંબંધમાં હું નિશ્ચિંત હતો.

પણ મી૦ "કુટ્સ! ખરેખર આ અદ્‌ભૂત બાબત છે! તમારે પણ કીર્તી સંપાદન કરવાની તક છે આવાં સાહસી ચોર પકડવાને માટે સર્વને લાગ મળતો નથી; એવો લાગ તો કોઈ વીરલાનેજ મળે છે; જો તમે કોઇ યુકિતથી એને પકડો તો તમારી ખ્યાતિ આખાં ઇંગ્લંડમાં પ્રસરી રહેશે."

ઇન્સ્પેક્ટર કચવાઇને બોલ્યો:–ખ્યાતિ ચૂલામાં જાય! મારી સર્વ વાતો સાંભળીને તમારાં મનમાં ઇર્ષ્યાને બદલે કરૂણાજ ઉત્પન્ન થશે. એ વિકટ ચોરે મને દિવાનો બનાવી દીધો છે, અને તેના અત્યાચારોથી હું ગભરાઇ ગયો છું. જુવો કાલેજ સન્ધ્યા સમયે એક બીજો પત્ર મળ્યો છે."

એટલું કહીને મિ૦ કુટ્સે પહેલાંના જેવાંજ અક્ષરોમાં છાપેલો એક કાગળ કાઢી બ્લેકના હાથમાં આપ્યો. તેમાં લખ્યું હતું કે:—

"પ્રિય ઇન્સ્પેક્ટર કુટ્સ! હું તમને એટલો બધો ચાહું છું કે મારી ગુપ્ત વાર્તા તમને કહ્યા વિના મારૂં મન માનતું નથી! એટલા માટે હું તમને બીજી એક ગુપ્ત વાત કહું છું. 'નરવુડ' નામનાં સ્થાનમાં આર્ડોઇન નામક વિશાળ ભુવનમાં એક ધનાઢય માણસ રહે છે; તેનું નામ એન્ટની ડેવિલ્સ છે. જો કે તે અગાધ સમ્પત્તિવાન છે પરન્તુ કંજુસોનો તે સરદાર છે. તે વૃધ્ધનો મિજાસ પણ ગરમ છે. સંસારમાં જેટલા કિમતી હીરા અને રત્નો છે તેનો તે પાણીની માફક પૈસા ખર્ચી સંગ્રહ કરે છે. એ પ્રમાણે તેણે પોતાના ધન ભંડારમાં અસંખ્ય હીરા અને રત્નો એકઠાં કર્યાં છે. એ સર્વમાં કરોડ રૂપીઆની કિંમતના હીરા અને રત્નો સર્વથી અધિક મૂલ્યવાન અને સુન્દર છે. એ હીરા અને રત્નોને હસ્તગત કરવાનો મારો દ્રઢ નિશ્ચય છે; એટલા માટે મેં નક્કી કર્યું છે કે આજ રાત્રે નવ વાગે તે કંજુસ ધનવાનના

ઘરમાં પેસી મારો સંકલ્પ હું પૂરો કરીશ. આજ રાતના આઠ વાગે આ પત્ર તમને મળશે તે વખતે હું વિક્ટોરીયા સ્ટેશનથી ટ્રેઈનમાં બેસી ત્યાં જઈશ. તેથી તમે પણ એજ ટ્રેનમાં આવી મને પકડજો. જો તમે એ ટ્રેઈનમાં આવશો તો રાતના નવ વાગે એ કંજુસના ઘરમાં તમને મારો મેળાપ થશે. તમે વેસ્ટ નારવુડ સ્ટેશન પર ઉતરી કોઈપણ કોન્સ્ટેબલને ત્યાંનું ઠેકાણું પૂછશો તો તુર્તજ તે તમને તે ઠેકાણે પહોંચાડી દેશે. આશા છે કે આ આમંત્રણનો તમે જરૂર સ્વીકાર કરશોજ."

તમારો "બેટ."

મિ૦ બ્લેક એ પત્ર વાંચી ઉત્તેજિત સ્વરથી બોલ્યો:—"જૂઠી વાત. તદ્દન ખોટી ! ચોર પોતાને પકડવા માટે પોતેજ પોલિસને આમંત્રણ કરે ! પોલીસની સાથે કયાં અને કયારે મેળાપ થશે તેના કલાક મિનિટ પણ બતાવ્યા છે. એ વાત પર શું કોઇ વિશ્વાસ કરી શકે કે ? આમાં તો તેણે અવશ્ય તમારી મશ્કરીજ કરી છે ?"

મિ૦ કુટ્સ કાંઇક આવેશથી બોલ્યો; "જો મજાક કરી હોત તો અત્યાર સુધી તેણે જેટલા પત્ર લખ્યા છે તેને પણ મજાકજ સમજવી જોઇએ પ્રિય મિ૦ બ્લેક ! જો એણે મજાકજ કરી હોત તો તો હું બચી જાત; પણ એ મજાક નથી. હું કેવાં કષ્ટમાં પડયો હતો તેનું આપ તમે હમણાંજ સર્વ હકીકત સાંભળી સમજી શકશો. કાલે આઠને પાંચ મિનિટે એ કાગળ મને મળ્યો હતો. પત્ર વાંચતાંજ હું સમજી ગયો કે એમાં જે કાંઇ લખ્યું છે તે બેટ સત્ય કરી બતાવશે. પહેલી વારની ઘટનાઓથીજ એ વાત મારા હૃદયમાં ઠસી ગઇ હતી. એટલા માટે એક ગાડી ભાડે કરી હું સ્ટેશન ઉપર ગયો અને વિક્ટોરીયા સ્ટેશનથી સવા આઠ વાગ્યાની ગાડીમાં બેસી નવ વાગ્યા પહેલાં હું નારવુડ સ્ટેશનપર પહોંચી ગયો. સ્ટેશનથી બહાર નીકળ્યા પછી 'આર્ડોઇન હાઉસ' પાસે પહોંચતાં મને ઝાઝો વિલમ્બ થયો નહીં. જ્યારે હું તે મકાનની સામે પહોંચ્યો ત્યારે નવ વાગ્યામાં ત્રણ મિનિટ બાકી હતી. ધડકતે હૃદયે હું તે ઘરના દરવાજામાં પેઠો આશા અને

શંકાથી મારી છાતી ઉછળી રહી હતી. ચોર એટલી સહેલાઇથી પોતાની ઇચ્છા પુર્વક મારાથી પકડાઇ જશે એ વાત પર હું એકાએક વિશ્વાસ કરી શકયો નહીં પરન્તુ મને એવો પણ વિશ્વાસ હતો કે ચોરને દેખતાંની સાથેજ હું કેદ કરી લઇશ ! હું ઉત્સાહ પૂર્વક ઘરમાં પેઠો. પેસતાંજ એક પાકા બાલવાળો નાકપર ચશ્મા પહેરેલો વૃદ્ધ માણસ હાંફતો હાંફતો મારી સામે આવીને બોલ્યો; "જલ્દી પોલીસને બોલાવી લાવો ઘરમાં ચોર પેઠો છે. તે ઘરમાં પેઠા પછી મેં દ્વાર બન્ધ કરી દીધાં છે અને અહીં દોડતો આવ્યો છું, હવે તે ત્યાંથી નાસી શકશે નહીં; કૃપા કરીને ઉતાવળથી પોલીસને બોલાવો કે તુર્તજ ચોર સહેલાઇથી પકડી શકાય ! "

મેં તે વૃદ્ધને બારીક દૃષ્ટિથી જોતાં કહ્યું તમે કોણ છો ? "

વૃધ્ધે કહ્યું. "હું જ આ ઘરનો માલીક એન્ટની ડેવિજેસ છું."

"તેનું નામ સાંભળીને તેને બીજું વધારે પૂછવાનું મેં યોગ્ય ધાર્યું નહીં. મેં તેને મારી ઓળખાણ આપી અને હું એકદમ તે બન્ધ ઓરડા તરફ દોડયો. મારા આનંદ અને ઉત્સાહની સીમા રહી નહીં હું સમજ્યો કે બેટ જાળમાં સપડાયો છે તેને હવે તુર્તજ પકડવો જોઇએ ! તે વૃદ્ધ મારી સાથે દોડીને ઉપર જણાવેલા ઓરડાના દ્વાર પર આવ્યો અને મારા હાથમાં "ચાવી" આપી ગભરાતાં બોલ્યો. "મહેરબાન ! ચોર આજ ઓરડામાં છે. પણ સાવધાન ! ચોર જુવાન અને સર્વ હથીઆરોથી સજ્જિત છે તમે જરા સાવચેતીથી ઓરડામાં પેસજો."

"હું તે વખતે અત્યંત ઉત્તેજિત થઇ રહ્યો હતો. ઓરડામાં જતાંની સાથેજ ચોર મારા ઉપર આક્રમણ કરશે કે નહીં એવી શંકાની તો મારા મનમાં કલ્પના પણ નહોતી! મેં ત્વરાથી તે ઓરડાનો દરવાજો ઉઘાડયો અને નિશ્ચય કર્યો કે અંદર જતાંજ ચોરપર તુટી પડીશ તેને પોતાનો બચાવ કરવાનો વખતજ મળવા દઇશ નહીં. અંદર જઇ તે ઓરડામાં હું

ચોરને શોધી રહ્યો હતો એટલામાં એકદમ મારી પીઠપર જબરજસ્ત ફટકો પડયો ! તે ફટકાથી લથડીઆ ખાતો હું એક તુટેલી લોઢાની પેટીપર જઇને પડયો; માથામાં એવું વાગ્યું કે હું એકદમ બેહોશ થઇ ગયો ! ઉઠવાની શક્તિ જતી રહી ! કોણ જાણે કેટલાયે વખત સુધી હું એવીજ અવસ્થામાં પડી રહ્યો ! પણ જ્યારે મને ભાન આવ્યું ત્યારે મેં જોયું કે સામે સર્વ પેટીઓ ઉઘાડી પડી છે અને પાછળના ઓરડાનાં બારણાં બન્ધ છે હું સમજ્યો કે આજ ઓરડામાં ચોરને કેદ કરતાં હું કેદ થયો છું. ”

મિ૰ બ્લેક એ અદ્‌ભૂત વાત સાંભળીને આશ્ચર્યચકિત થઇને બોલ્યો. "ત્યારે તો તે વૃદ્ધ ઘરનો માલિક એન્ટની ડેવિજેસ નહોતો એજ ખરૂંને ?"

ઇન્સ્પેકટર ફુટ્સે કહ્યું:–"નહીં, તે ઘરનો માલીક નહોતો, તે તો બ્લેટ પોતેજ હતો. ઘરનો માલીક તો એ વખતે ઘેર હતોજ નહીં, એજ દિવસે તેને એક જૂઠો તાર મળ્યો હતો, તેમાં લખ્યું હતું કેઃ–"તમારા ભાઇ નેરોબરીમાં કાંઇ અસાધ્ય રોગથી પીડાઇ રહ્યા છે. જલ્દી આવો." એ પણ બ્લેટની ચાલાકી હતી. તાર મળતાંજ વૃધ્ધ તુર્તજ પોતાના ભાઇને જોવા ચાલ્યો ગયો. ત્યાં ગયા પછી તે વૃધ્ધને બીજો તાર મળ્યો તેમાં લખ્યું હતું કે, "તમારા ઘરમાં નવ વાગે એક ચોર ચોરી કરવા આવવાનો છે. તુર્તજ આવીને પોલીસની મદદથી તમારે તેનો બંદોબસ્ત કરવો." એ તાર મળતાંજ એન્ટની બે કોન્સ્ટેબલોને લઇને સવા નવ વાગે પોતાને ઘેર આવ્યો અને મનેજ ચોર જાણી પોલીસને સોંપી દીધો ! લોઢાની પેટીઓ તપાસતાં તેને જણાયું કે તેનો સર્વનાશ થઇ ગયો છે ! હીરા, રત્નો અને હીરાજડિત સુવર્ણના અલંકારો એ સર્વ ચોરાઇ ગયાં છે. કોન્સ્ટેબલો મને પકડી ખેંચવા લાગ્યા. મેં તેઓને સર્વ સત્ય હકીકત સમજાવી આખરે કહ્યું. હું તો ઇન્સ્પેક્ટર ફુટ્સ છું." હવે થાણાના સર્વ અમલદારો, મારી ચોર પકડવાની આ બહાદુરી સાંભળી મારી મશ્કરી કરે છે. તેઓને મારું મ્હોં બતાવવાનું પણ મને ભારી

થઇ પડયું છે. માત્ર એટલુંજ નહી પણ આજ પ્રાતઃકાળમાં મને એક ફોટો મળ્યો છે તે જોઇને તો હું મુડદાં જેવો થઇ ગયો છું. મેં ધાર્યું હતું કે ફોટો કોઇને દેખાડીશ નહીં સંતાડી રાખીશ, પરન્તુ થાણામાં પણ એની કોપી પહોંચી ગઇ છે. તેને જોઇને સર્વ અમલદારો હસી હસીને ગાંડા થઇ ગયા છે. તેઓએ મને તો ગાંડોજ બનાવી દીધો છે."

મિ૦ બ્લેકે કહ્યું:—"તે ફોટો કોનો છે? અને કોણે મોકલ્યો છે?"

એ સાંભળીને ઇન્સ્પેકટર કુટ્સે ગંભીર ભાવથી ગજવામાંથી એક ફોટો કાઢી બ્લેકની સામે મૂકી દીધો. મિ૦ બ્લેકે વિસ્મયતાની દ્રષ્ટિથી જે કાંઇ જોયું તેનાથી તે પણ પોતાનું હસવું ખાળી શકયો નહીં. તેણે જોયું કે ઉઘાડી પડેલી પેટીની સામે ઇન્સ્પેકટર કુટ્સ લોથપોથ થઇને પડયો છે તેના બન્ને પગો ઉંચા થઈ રહ્યા છે અને મોંઢા પર ભય અને વિસ્મયતા છવાઇ રહ્યાં છે. ફોટાની નીચે રબરના ઝીણા અક્ષરોથી છાપેલું હતું કે "ઇન્સ્પેકટર કુટ્સનું ચોરને પકડવું." એ ફોટાની સાથે એવાજ પ્રકારના અક્ષરોથી છાપેલો એક કાગળ પણ હતો તેમાં લખ્યું હતું કે:—

"પ્રિય ઇન્સ્પેકટર કુટ્સ! મને વિશ્વાસ છે કે તમારી કાર્યકુશળતાનો પરિચય આપનાર ફોટો જોઈને તમે અવશ્ય ખુશી થયા હશો! ગઈ રાતે ચોર પકડવાને ગયા ત્યારે તમારી જે હાલત થઈ હતી તેનોજ એ ફોટો છે. ઉતાવળને લીધે ફોટો સારો ઉતર્યો નથી. 'સ્નેપશોટ'થી જેવો ઉતરી શકયો તેવોજ મોકલ્યો છે. હીરા રત્નો વગેરે મને મળી ગયા છે. મને આશા છે કે તમને વધારે વાગ્યું નહીં હોય, કૃપા રાખશો જલદીથી મારો પત્ર તમને મળશે.

તમારો અકૃત્રિમ હિતૈષી "બ્રેટ."

પત્ર વાંચીને મિ૦ બ્લેકનું મ્હોં લાલ થઇ ગયું. હસવાનો પ્રસંગ જોઇએ તેવો હોવા છતાં પણ ઇન્સ્પેકટર કુટ્સની દુઃખદ સ્થિતિ જોઇને તે વધારે દુઃખી થયો; પરન્તુ ઇન્સ્પેકટર કુટ્સે બ્લેકના એ વિચારનો જૂદોજ અર્થ કર્યો. તે સમજ્યો કે મિ૦ બ્લેક મારી દુર્ગતિની વાત સાંભળીને મનમાં

હસે છે. તેથી ક્રોધિત થઇ અત્યંત ઉત્તેજિત સ્વરે તેણે કહ્યું:–"તમે મારો એ ફોટો જોઇને મનમાં હસી રહ્યા છો, પણ મારે બદલે જો તમારી એવી દુર્ગતિ થઇ હોત તો તમે તમારાં હૃદયની અવસ્થા સારી રીતે સમજી શક્ત."

મિ૦ બ્લેક તેને સમજાવતાં કહ્યું:–"મીત્ર કુટ્સ ! ઘણાં દુઃખથી કહેવું પડે છે કે તમે દરેક વાત વગર વિચાર્યેજ કહી નાખો છો ! શું હું તમારો દુશ્મન છું કે તમારા દુઃખ પર હસું ? તો પણ એ વાત તો મારે માનવીજ પડશે કે જે આ ફોટાને જોશે તે હસ્યા વગર રહેશે નહીં. મારી સમજ પ્રમાણે તમે પણ એનો અસ્વીકાર કરી શકશો નહીં. આ ફોટો હસવા જેવા દેખાવનો છે. જે ચોરે તમારી એવી દુર્ગતિ કરી છે. તેનું સાહસ અને બુદ્ધિ જોઇને તેની પ્રસંસા કર્યા વિના રહેવાતું નથી. એવો સાહસી, બુદ્ધિવાન અને રસિક ચોર મેં કયાંય પણ જોયો નથી ! જે અવસ્થામાં જે નાના ઓરડામાં આ ફોટો લેવામાં આવ્યો છે, તેનો વિચાર કરતાં જણાય છે કે એ વિદ્યામાં પણ ચોર નિપૂણ છે, ફોટો બહુજ સરસ લીધો છે."

ઇન્સ્પેક્ટર કુટ્સ છબીની પ્રશંસાથી વધુ વ્યગ્ર થઇને બોલ્યો:–"ચોર ! હતભાગી ચોરે મને કેવું દુઃખ દીધું છે, તેને માટે તો તમે એક શબ્દ પણ બોલતા નથી પણ ઉલટા છબીનાં વખાણ કરી રહ્યા છો. હું આજે ત્યાં આ ફોટાના વખાણ સાંભળવા આવ્યો નથી, તમો એ જોઇને ચોર તરફ તિરસ્કાર બતાવશો એમ ધારતો હતો જ્યારે હું ઉલટો જોઈ રહ્યો છું કે તમારી અધિક સહાનુભૂતિ તો ચોર તરફ દેખાય છે."

મિ૦ બ્લેક કહ્યું:–"નહીં કુટ્સ ! ચોર પ્રત્યે મારી જરા પણ સહાનુભૂતિ નથી, પણ કરૂં શું ? તેની વીરતાનાં વખાણ મારાથી કર્યા સિવાય રહેવાતું નથી." આમ કહી આગળ કાંઇ પણ વધુ ન બોલતાં મિ૦ બ્લેક ગંભીર ચિન્તામાં લીન થઇ ગયો. તે વિચારવા લાગ્યો કે:–"આ ચોર કોણ હશે ? ખરેખર એ કોઇ સાધારણ ચોર નથી ! આત્મશક્તિ પર એને અગાધ

વિશ્વાસ છે. કોઇ ભયંકર ધૂર્ત અને ચાલાક જણાય છે. અને પોલીસની આંખમાં ધૂળ નાખવામાં વધારે ચતુર છે. એ ચોરીની નવી નવી વાતો, અને નવી ટબ કાઢવામાં એના સુલભ કાર્યનો પરિચય મળે છે અને તેમાં વિલક્ષણ હાસ્ય પણ છે. વાહ ! હવે લંડનમાં કેટલાક દિવસો સુધી એવી નવી નવી ઘટનાઓનો ખૂબ હેવાલ સાંભળવામાં આવશે એ અસાધારણ ચોર સર્વોત્તમ ડીટેક્ટીવનો પ્રતિસ્પર્ધિ બનવાને અયોગ્ય નથી. જો કે મારી ઇચ્છા ફરી કાર્યક્ષેત્રમાં ઉતરવાની નહોતી તો પણ તેને પકડવાનો લોભ હું અટકાવી શકતો નથી."

મિ૰ બ્લેકને ચિન્તાતુર જોઇને ઇન્સ્પેક્ટર ક્રુટ્સે કહ્યું:–"મિ૰ બ્લેક ! તમે અમારા સરદાર છો, તમે અનેક સંકટોમાં અમને મદદ કરી ઘણીવાર અમારાં સન્માનની રક્ષા કરી છે. પરન્તુ આવા સંકટ સામે કોઇપણ વખત થવું પડયું નથી. ચોરના હાથથી આવું અપમાન કોઇ વખત લાગ્યું નથી. આ વખતે પણ તમારા તરફથી ગ્યોગ્ય સહાયતા મળશે એવો વિચાર કરીનેજ હું આવ્યો છું. થોડુંક કષ્ટ વેઠીને પણ તમારે એ ચોરને પકડવો પડશે. તેને પકડશો નહીં તો મારાં માન–ગૌરવનો સર્વ નાશ થઇ જશે; અને આ ચોર પણ જરામાં મારો પીછો છોડશે નહીં. પોલીસના નાના મોટા અમલદારો તરફથી રોજ મશ્કરી ખમી મારે એક દિવસ મારી નોકરી ગુમાવવી પડશે. જો ફરીથી મારે આવું અપમાન પામવા વખત આવશે તો જરૂર તમે મને ગાંડાની હોસ્પીટલમાંજ જોઈ શકશો. હમણાં પણ હું થોડો તો ગાંડો થઇ ગયો છું. રાત, દિવસ, ખાતાં, પીતાં, સુતાં, બેસતાં મારા હૃદયમાં એ બ્લેટ-નીજ વાતો ઘુંટાયા કરે છે. અન્ય કોઇ બાબત પર મને વિચાર કરવાનો વખતજ મળતો નથી. પોરટમેનને જોતાંજ મારા મનમાં એવી શંકા ઉઠે છે કે બ્લેટનો કોઈ નવો પત્ર તો નહીં આવ્યો હોય ? અને તે પત્રમાં તેણે એમ તો નહીં લખ્યું હોય કે આ વખતે મેં (બ્લેટે) બંકિમ રાજભવનમાં

ચોરી કરવાનો સંકલ્પ કર્યો છે અને રાજાના કોહીનુર જડિત મુગટનું અપહરણ કરવાનો મજકુર તેમાં લખ્યો છે. વસ્તુતઃ તેની ધૃષ્ટતા અને અદ્‌ભૂત સાહસ જોઇને મનમાં એમ થયા કરે છે કે તેને માટે કોઇ પણ કામ અઘરૂં નથી. તેની ઇચ્છા થાય તો ઈંગ્લાંડની બેન્ક પણ તે લૂટી શકે છે. એટલા માટે રબરના અક્ષરોમાં છાપેલો કાગળ જોતાંજ મારાં હૃદયમાં ભયનો કંપ થઈ આવે છે. ડરતાં ડરતાં હું તે પત્રને ફોડું છું. સાંભળ્યું છે કે નિહિલીસ્ટ લોકો કાગળમાં બોંબનો મસાલો મૂકી રૂશિયાના સમ્રાટ પર તે કાગળો મોકલ્યા કરતા હતા, તે કાગળ ફોડનાર મંત્રીઓની જે હાલત થતી હતી તેનો વિચાર કરી એવા કાગળ પત્રથી હવે હું બહુજ ડરૂં છું. મને ખાત્રી છે કે, એટ મારો પીછો છોડવાનો નથી; એકાદ બે દિવસમાં એક નવો પત્ર અવશ્ય આવશે. કેટલાક દિવસોની અંદર એ અતુલ સાહસી ચોરે ભિન્ન ભિન્ન ઠેકાણે પાંચ ચોરીઓ કરી છે. દરેક ચોરીમાં તેની આશ્ચર્યજનક ચાલાકી જણાઇ આવે છે. એ ચોરીઓ પકડવાનો ભાર મારા ઉપર મૂકવામાં આવ્યો છે. પરન્તુ આજ સુધીમાં હું એક પણ ચોરી પકડી શકયો નથી. એટલુંજ નહીં પણ આજ સુધીમાં ચોર કોણ છે તે પણ હું જાણી શકયો નથી. ઉલટો તે મારાં નાકે દમ આણી રહ્યો છે. તેને પકડવા જતાં હુંજ પકડાઈ ગયો છું. કૃપા કરીને મને આ આફતમાંથી ઉગારો."

મિ૦ બ્લેક કુટ્સની વાતો ગુપચુપ સાંભળીને બૂઝાઇ ગયેલી ચીરૂટ સળગાવી પીવા લાગ્યો. ત્યાર બાદ બેચાર વાર ધૂમાડાનું એન્જીન ચલાવી ધીરે ધીરે તેણે કહ્યું:—"મિ૦ કુટ્સ! તમે મારી મદદ માગવા આવ્યા છો એને માટે હું ખુશ છું. મેં છેલ્લાં કેશ પછીથી નિશ્ચય કર્યો હતો કે હવે હું ડીટેકટીવપણું કરીશ નહીં અને એનાથી સદા દૂરજ રહીશ. પરન્તુ આ થયેલી ચોરીની તમારા મુખે વાત સાંભળી મારો એ નીશ્ચય છોડી દેવોજ પડશે. મેં અત્યાર સુધીમાં ઘણા ચોરો અને લૂટારાઓ જોયા છે, ઘણી

ચોરીઓ પકડી છે, પરન્તુ આવો ચોર મારે માટે નવો છે એને પકડવાની લાલસા રોકવી એ મારે માટે અત્યંત મુશ્કેલ કાર્ય છે. એટલે હું આનંદથી તમોને મદદ કરીશ. તમારી વાતો સાંભળીને મારૂં કુતૂહલ અત્યંત પ્રબળ થઇ ઉઠયું છે. એ બ્લેટ કોણ છે? તે જાણવાને માટે હું અધીર થઈ રહ્યો છું. ગમે તેમ કરીને હું તેને પકડીશ નહીં તો મારૂં મન અસ્થિરજ રહેશે.

મિ. બ્લેકની વાત સાંભળીને ઇન્સ્પેકટર કુટ્સનો ચહેરો હર્ષથી ખીલી ઉઠયો; તે શીર નમાવીને બોલ્યોઃ-"આપ મારા જેવાં આપત્તિમાં સપડાયલા પર એવીજ કૃપા કર્યા કરો છો. આજે તમારી વાતો સાંભળીને મારા મરવા પડેલા દેહમાં પુનઃ જીવનનો સંચાર થયો છે. મિ. બ્લેક તમે મને મદદ કરશો, એ સાંભળીને મને આશા થાય છે કે એ પાપી હવે લોકોનો સર્વ નાશ કરી શકશે નહીં. જલદી એને જેલમાં જવું પડશે. તેને જેલમાં પહોંચાડયા સિવાય હું સુખથી સુઇ શકીશ નહીં."

મિ. બ્લેક એ વખતે કાંઇક વિચાર કરી રહ્યો હતો. ઇન્સ્પેકટર કુટ્સની વાતોપર તેણે ધ્યાન આપ્યું નહીં. તે ધીરે ધીરે કહેવા લાગ્યોઃ-"કુટ્સ! તમે અધીરા ન થાઓ; આજ રાત્રે તમે નિરાંતે સુઇ જજો. કોઇની પણ વાત ન સાંભળતાં, સ્થિર ચિત્તથી તમારૂંજ કામ કરીશ. તમોને ખાત્રી છે કે બ્લેટ તમને પત્ર મોકલશે, જો તે પત્ર મોકલે તો તે મળતાંજ મને ટેલીફોનથી ખબર આપજો. પરન્તુ સર્વથી પહેલાં હુ-બ્લેટે કરેલી તમામ ચોરીઓનો હેવાલ શરૂથી આખર સુધી જાણવા માંગું છું. તમે તેનો વિસ્તારપૂર્વક રિપોર્ટ લખીને મારી પાસે મોકલી દેજો. તેનાથી મને એ ચોર પકડવાનું કામ સહેલું થઇ પડશે. વારૂ અત્યાર સુધી બ્લેટે જેટલા પત્ર તમારા ઉપર મોકલ્યા હતા તેના પર સરનામું કેવું હતું. કવર ઉપર કયી કયી પોસ્ટ ઓફિસની છાપ હતી?"

ઇન્સ્પેકટર કુટ્સે કહ્યુંઃ-"દરેક ઉપર મારૂં નામ અને ઠેકાણું રબ્બરના અક્ષરોમાંજ છાપેલું હતું. અને સર્વ પત્રો પર એકજ પોસ્ટની છાપ હતી અને તે છાપ 'વેસ્ટ'ની હતી."

ત્યાર પછી કુટ્સ મિ૦ બ્લેકની રજા લઇ ચાલ્યો ગયો. તેના ગયા પછી મિ૦ બ્લેક મનમાં ને મનમાં બેટનાં વિચિત્ર કામોની પ્રસંસા કરી રહ્યો હતો. તેજ વખતે પાસેના ટેલીફોનની ઘંટડી ટનનનનન્ કરતી વાગી ઉઠી.

મિ૦ બ્લેક ટેલીફોન પાસે ગયો અને ભૂંગળાને કાને લગાડી પૂછવા લાગ્યો:–"તમે કોણ છો ? શું કહો છો ?"

ટેલીફોનથી અવાજ આવ્યો:–"તમે કોણ છો ? શું ! તમે રોબર્ટ બ્લેક છો ?"

મિ૦ બ્લેકે કહ્યું:–"હા; હું બ્લેકજ છું; તમે કોણ છો ?" આ વખતે જવાબમાં પહેલાં મિસ્ટર બ્લેકને મોટેથી હસવાનો અવાજ સાંભળ્યો. ત્યાર પછી સ્પષ્ટ સ્વરમાં ઉત્તર આવ્યો:–"હું કોણ છું તે તમે જાણવા માગો છો ? તો સાંભળો કુટ્સની કમબખ્તી કરનાર હું પોતે ! મારૂં નામ "બેટ."

પ્રકરણ બીજું. શાહુ ચોર !

મિ. બ્લેકે ટેલીફોનથી જે કાંઇ સાંભળ્યું તે તેની કલ્પનાની બહારનું હતું. તેમાં હદ વગરની અજાયબી હતી. બેટ ટેલીફોનથી વાતચીત કરી રહ્યો છે એ જાણીને તેના હાથમાંથી ફોનનું ભૂંગળું પડી ગયું ! તેની વાચા–શકિત બન્ધ થઇ ગઇ. તે મોહાન્ધની માફક ટેલીફોનની સામે જોઇ રહ્યો. ત્યાર પછી બેટ શું કર્યું અને શું કહ્યું તે તેનાથી સંભળાયું નહીં. પહેલાં તે એમ સમજ્યો કે કોઇ મિત્ર મશ્કરી કરે છે; બેટ મને શા માટે બોલાવે ? કારણ પોતાની સાથે બેટને જરા પણ ઓળખાણ નહોતી, તેમજ "બેટ" પોતાની મેળે સ્વેચ્છાથી વાતચીત કરવા આવે એ પણ સંભવ નહોતો; પરન્તુ એ વખતે તે અસંભવિત બાબત પણ સંભવિત થઇ ગઇ. એથી તે અજાયબીમાં ગરકાવ થઇ દીગમુંઢની માફક ઉભો રહ્યો. પરન્તુ તેની હાલત

ઘણો વખત સુધી એવી રહી નહીં. તેણે મનને સ્થિર કરી ટેલીફોનનું ભૂંગળું ફરીથી કાને લગાડયું અને ચંચળ સ્વરે પૂછયું:–"બેટ! બેટ કોણ?"

ઉત્તર આવ્યો:–મિ૦ બ્લેક! તમે અજાણ્યા શા માટે થાઓ છો! તમે શું આ નામ પહેલ વહેલુંજ સાંભળ્યું? મારી સાથે અસત્ય વાત કરવાથી તમને લાભ થવાનો નથી. પાંચ મિનિટ પહેલાંજ ઇન્સ્પેક્ટર કુટ્સ તમારી સાથે સલાહ મસલત કરતો હતો અને હું સારી રીતે જાણું છું કે એ સલાહ મસલત ઘણા વખત સુધી મારે વિષેજ થઇ હતી કેમ! એ ખરૂં ને?"

બેટની વાત સાંભળીને મિ૦ બ્લેક કંપી ઉઠયો, અને હોઠ દબાવી વિચારવા લાગ્યો:–"બેટ શું કોઇ દૈવી શક્તિ મેળવેલો માણસ હશે! કે ઇન્સ્પેક્ટર કુટ્સની સાથે જે વાત થતી હતી તે એ સાંભળતો હતો?"

તેનો ઉત્તર ન મળવાથી બેટે ફરી કહ્યું "તમે કેમ ચૂપ થઇ ગયા! શું હું જૂઠું બોલું છું?"

મિ૦ બ્લેકે ધીમેથી કહ્યું. "તમારૂં કહેવું ખરૂં છે; પણ તમે કેમ જાણ્યું કે કુટ્સ મારી સાથે વાત કરી રહ્યો હતો?"

બેટે કહ્યું. "કેમ જાણ્યું તે પૂછશોજ નહીં હું તમારી સર્વ વાતો જાણું છું. એટલુંજ નહીં પણ તમારી ગુપ્તમાં ગુપ્ત વાતો પણ મારાથી અજાણી નથી કુટ્સે તમને તેનો પેલો ફોટો દેખાડયો હતો?"

મિ૦ બ્લેકે કહ્યું. "એ હકીકત જાણવાથી તમને શો ફાયદો?"

બેટે કહ્યું. "ફાયદો કે નુકશાનને માટે હું પૂછતો નથી; પરન્તુ ફોટો કેવો હતો તેજ જાણવા માગું છું. કુટ્સને મેં લાત મારી ઝવેરીના ઓરડામાં ધકેલી દીધો તે વખતની તેની સ્થિતિ ખરેખર જોવા જેવી હતી. હું ધારૂં છું કે તે છબી જોઇને તમને હસવું આવ્યા વગર રહ્યું હશે નહીં!"

મિ૦ બ્લેક વિચાર કરવા લાગ્યો:–ઉફ્, "આ જીવનમાં આવો પ્રસંગ ચોર સાથે મેં કદી પણ જોયો નથી." એને શું જવાબ આપું?

મિ૦ બ્લેકને નિરૂત્તર જોઇને બેટ કહ્યું:–"મિ૦ બ્લેક તમે જરૂર નહીં મારે તમારી સાથે બહુ વાતો કરવી છે. કારણ કે ભવિષ્યમાં હવે મારે તમારી સાથે કામ લેવાનું છે. તમે પ્રખ્યાત ડીટેકટીવ છો; તમને તમારી શકિત પર પૂર્ણ વિશ્વાસ છે. પણ હું તમારાં તે વિશ્વાસને નષ્ટ કરીશ. તમારા ગર્વનું ખંડન કરીશ તમને મારી મુઠીમાં દબાવીશ."

મિ૦ બ્લેક ગુસ્સાથી બોલી ઉઠયો:–"શું! તમે મને મુઠીમાં દબાવશો ?"

બેટે કહ્યું; "હા; મારામાં એટલી શકિત છે કે, હું તમને એક બજારમાંથી ખરીદી બીજા બજારમાં વેચી શકું છું. મારી આ વાતનું પ્રમાણ તમને થોડા વખતમાંજ બતાવવામાં આવશે."

બ્લેકે આવેશ યુક્ત સ્વરે કહ્યું; "હું ફુટ્સ નથી; મારાથી સાવચેત રહીને વાત કરો!"

બેટ બોલ્યો:–"હું સમ્પૂર્ણ સાવચેત છું. ફુટસને પણ તમારા જેટલું અભિમાન હતું પણ બે એક બાબતોમાં મેં તેને દિવાનો બનાવી દીધો છે તેથી હવે તેને અધિક સતાવવામાં લાભ નથી. તમે તેના કરતા ઉચ્ચ દરજ્જાના ડીટેકટીવ છો તેથી તમારી સાથે બે એક ચાલાકી રમવામાં મને આનંદ મળશે. હું જાણું છું કે મારા જેટલી શકિત તમારામાં નથી પણ મારી બરોબર કાંઇક તમે છો તેથી આ વખતે હરિફાઇના ક્ષેત્રમાં ઉતરવાને તમનેજ આમંત્રણ કરૂં છું.

મિ૦ બ્લેકે ચીડવાઇને કહ્યું:–"તમે મને તમારી બરોબરીનો ગણો છો ? ઠીક છે."

બેટે કહ્યું:–"બીજા માણસો કરતાં તમારામાં બુદ્ધિ છે; પણ મેં તમારી બુદ્ધિનો અંગત પરિચય હજી લીધો નથી. સાંભળ્યું છે અને પેપરોમાં વાંચ્યું છે કે તમે અસાધારણ શકિતશાળી ડીટેકટીવ છો. તમારી પ્રશંસા સાંભળીને એકવાર તમારી બુદ્ધિની પરીક્ષા કરૂં, આશા છે કે તમે એથી

નારાજ થશો નહીં. જો મારી વાતો સાંભળી તમે ડરી ગયા હો તો તેનો ખુલ્લોજ સ્વીકાર કરી દો."

મિ૦ બ્લેકે કહ્યું:–"જો હું ચોરથી ડરતો હોત તો અત્યાર સુધીમાં ક્યારનુંયે ડીટેક્ટીવપણું છોડી દીધું હોત. પરન્તુ એટલું ખરૂં કે તમારી વાતો સાંભળીને મારા મનમાં થોડું ઘણું કુતૂહલ થયું છે. એ કુતૂહલ જો એચાર દિવસ એમને એમ રહેશે તો મારે તમારી સામે કાર્યક્ષેત્રમાં ઉતરવું પડશે. તમારૂં એટલું બધું સાહસ વધી ગયું છે તો પછી શામાટે દૂર રહી શેખી કરો છો! મારા ઘરમાં આવી મને મળવાનું તમે સાહસ કરો; તો હું સમજીશ કે તમારી વાતો અને કામો બન્ને સરખાં છે."

મિ. બ્લેકનો જવાબ સાંભળી પહેલાં તો બેટ ખડખડાટ હસી પડ્યો. અને દૃઢ સ્વરે બોલ્યો:–"મિ. બ્લેક! તમે એમ ધારતા હશો કે મારી વાત સાંભળીને બેટ ડરી ગયો હશે અને ઘેર આવી મળવાનું સાહસ કરશે નહીં પરન્તુ તમારી એ કલ્પના ભ્રમરૂપ છે. હું કાંઈપણ ડર વિના તમારે ઘેર આવી શકું છું. પરન્તુ શું મને તમે આમંત્રણ કરો છો? મને ખાત્રી છે કે મિ. કુટ્સે મારે માટે જે કાંઈ તમને કહ્યું છે, તે સાંભળીને તમે મારે માટે સારોજ અભિપ્રાય બાંધ્યો હશે."

મિ. બ્લેક બોલ્યો:–"અત્યાર સુધી તમે તમારી પ્રશંસાનીજ વાતો કરો છો. મારે ઘેર તમે આવો તેથી હું ડરીશ એમ સમજશો નહીં હું ડરતો નથી; પરન્તુ 'ડર' પોતે મારાથી ડરે છે, હું જે કહું છું તે ખોટું નથી પણ વખત આવ્યે હું તમોને એનું પ્રત્યક્ષ પ્રમાણ બતાવીશ."

બેટ બોલ્યો:–"ઠીક છે; મેં તમારૂં નિમંત્રણ સ્વીકાર્યું. હું ત્રણ ચાર દિવસની અંદર તમારે ઘેર આવી તમોને મળીશ. પરન્તુ મારી ઇચ્છા એવી છે કે તે પહેલાંજ તમારી સાથે મને ઓળખાણ થાય તો ઠીક! મેં કુટ્સને જેટલા પત્ર લખ્યા હતા તે સર્વ તમે વાંચ્યા હશે તે વાંચીને મારે માટે

તમે કોઇપણ પ્રકારનો અભિપ્રાય બાંધ્યો હશે. જો એ પત્રો કુટ્સને ન લખ્યા હોત અને તમને જ લખ્યા હોત તો ઠીક થાત. કારણ કે એમ થવાથી તમારી સાથે ક્યારનીયે મારે ઓળખાણ થઇ ગઇ હોત ! "

મિ૦ બ્લેકે કહ્યું:-"આ સર્વ ખોટી વાતો છે ઓળખાણ પાડવાનો હજી પણ સમય છે. પરન્તુ હું તમને સાફ કહી દઉં છું કે તમે આગ સાથે રમત રમવા માગો છો, યાદ રાખજો કે તમારા હાથ બળી જશે."

બેટે કહ્યું:-"મારા હાથ બળશે કે તમારૂં મોંઢ ! એ સર્વ વખત આવ્યે જણાશે. પોતાનો બચાવ કેમ કરવો એ હું સારી રીતે જાણું છું. દુનીઆના કોઈ પણ જાસુસથી હું ડરતો નથી તેમ તેની દરકાર પણ રાખતો નથી ડીટેકટીવોને બેવકુફ બનાવવામાં મારૂં મન રંજન થાય છે. ચોરી તો હું માત્ર શોખને ખાતરજ કરૂં છું. તમારી માફક નવરો બની બેસી રહેવા હું માગતો નથી. હું હમ્મેશાં ગમે તે કામમાં મંડયો રહું છું "

મિ૦ બ્લેકે કહ્યું:-"હવે તમારે બહુ દિવસ કામમાં રહેવું પડશે નહિ ! જ્યારે તમે મારી સાથેજ હરીફાઇમાં ઉતર્યા છો તો હવે થોડા સમયમાંજ તમારા હાથ પગોમાં બેડી પડશે એ કદી ભુલશોજ નહિ."

બેટે હસીને કહ્યું:-"એ વિચાર પછી થશે. હું જાણું છું કે તમે મને બેડી પહેરાવવાને અત્યંત આતુર છો તમારી એ ઇચ્છા પૂરી થશે કે નહીં તેની પરીક્ષા કરવી એ શું ખોટું કામ છે ? જો પરીક્ષા પહેલી થઇ ગઇ હોત તો ઠીક થાત કારણકે કુટ્સને શરમાવું પડતે નહીં. મેં તેને જે પ્રમાણે બનાવ્યો છે તેજ પ્રમાણે તમારે પણ બનવું પડશે."

બ્લેક બોલ્યો:-"કોને બનવું પડશે એ અત્યારે કહેવું ખોટું છે."

બેટ બોલ્યો:-"ઠીક-હું હવે તમને વધુ વખત રોકીશ નહીં. કાલે આપને કાંઇ ખાસ કામ છે ?"

મિ૦ બ્લેકે કહ્યું:-"કામ હશે તો પણ તમને મળવાને ખાતર તેને પડતું મુકવામાં મને જરાયે હરકત નથી."

બેટ બોલ્યો:–" નહીં એમ નહીં તમારે તમારૂં કાંઇ પણ કામ પડતું મુકવું નહીં. જો કાલે તમને ફુરસદ હોય તો કેટલીક મિનિટને માટે ક્રસવીના લીલામખાનામાં પધારજો. ત્યાં સ્વર્ગસ્થ મિ૦ હેનરી વૉટે એકઠા કરેલા પૂર્વ દેશના બહુ મૂલ્ય હીરા, જવાહીર વિગેરે લીલામ થવાનું છે. તમને ત્યાં આવવાનો સમય મળશે ?"

મિ૦ બ્લૅક જાણતો હતો કે ઈંગ્લાંડના સુપ્રસિદ્ધ ધનાઢ્ય હેનરી વૉટના ખજાનામાં જેટલું જવાહીર છે એટલું પૃથ્વી પરના થોડાજ કરોડપતિઓના ખજાનામાં હશે. હેનરી વૉટના મૃત્યુ પછી, તેની વિધવા પત્નીએ એ સર્વ અમૂલ્ય જવાહીર ક્રસવીના લીલામખાનામાં વેચવા માટે મોકલી દીધું છે. ક્રસવીના લીલામખાનામાં હમેશાં એવી અમૂલ્ય વસ્તુઓનું લીલામ થયા કરતું હતું અને તેમાંથી ક્રસવીને સારૂં કમિશન મળતું હતું. મિ૦ બ્લૅક ત્યાં અનેક વાર કાર્ય પ્રસંગે ગયો હતો. તે લીલામખાનાવાળું ઘર જેવું મજબૂત હતું તેવુંજ તે સુરક્ષિત પણ હતું. ત્યાં ચોર લૂટારાઓ પ્રવેશે એવી શંકા પણ રાખવામાં આવતી નહોતી. જે લોઢાની ત્રીજોરીમાં લીલામના કીમતી દાગીના રાખવામાં આવતા હતા તે પેટીને તોડનાર ચોર આ પૃથ્વીપર ન હોતો. બેટનાં મુખથી લીલામખાનાનું નામ સાંભળી બ્લૅકનું હૃદય કુતૂહલથી ભરાઇ ગયું. સર્વથી અધિક આશ્ચર્યની વાત તો એ હતી કે બેટ, બ્લૅકને ત્યાં બોલાવી અદ્દભુત ચોરી કરી બતાવવાનો હતો. એ સંભવિત છે કે અસંભવિત છે તેનો તે નિર્ણય કરી શક્યો નહીં. પહેલાં તો તે સમજ્યો કે બેટ મશ્કરી કરે છે પણ તેજ ક્ષણે બેટનાં અસાધ્ય કાર્યોની વાત તેને યાદ આવી અને લાચાર બની તેણે માથું ખજવાળવા માંડયું.

બેટે કહ્યું:–"મિ૦ બ્લૅક ! મારી વાત ભૂલશો નહીં; ફુરસદ હોય તો જરૂર ત્યાં આવજો. તમને મારી વાત પર વિશ્વાસ નથી પણ હું અવશ્ય ત્યાં આવીશ. જો તમે નહીં આવશો તો પાછળથી પસ્તાવું પડશે. ચાલો હું રજા લઉં છું. સલામ."

એટના ગયા પછી મિ૦ બ્લેકે ટેલીફોનના મુખ્ય અમલદારને ઘંટડી મારી. સર્વ ટેલીફોનનું કાય એ અમલદારની દેખરેખ નીચેજ ચાલતું હતું.

મિ૦ બ્લેકનો સ્વર સાંભળીને એક સ્ત્રી ક્લાર્કે કોમળ સ્વરે પૂછયું. "તમે કોણ છો ?"

મિ૦ બ્લેકે પૂછયું:–"હું હમણાં ટેલીફોનથી જેની સાથે વાત કરી રહ્યો હતો તે મકાન કોનું છે ?"

સ્ત્રી ક્લાર્કે કહ્યું:–"સાહેબ ! એ હકીકત કહેવાને હું અસમર્થ છું."

સ્ત્રીને બોલતી અટકાવીને વચમાંજ મિ૦ બ્લેકે કહ્યું:–"મારૂં નામ રોબર્ટ બ્લેક છે હું સરકારી કામને માટેજ આ હકીકત પૂછું છું."

ત્યાર પછી એક મિનિટ રહીને તે સ્ત્રી ક્લાર્કે કહ્યું:–"જે મકાનના ટેલીફોનથી તમે અત્યાર સુધી વાતો કરી છે તે મકાન સ્કોટલાંડ યાર્ડનું થાણું છે !"

મિ૦ બ્લેકના માથાપર વિજળી પડી હોય તેની માફક તે ચોંકી ઉઠયો. થોડી વાર સ્તંભિત રહીને તેણે પૂછયું:–"સ્કોટલાંડ યાર્ડનું થાણું ! તમે એ શું કહો છો ?"

રમણીએ ઉત્તર આપ્યો:–"હા, સાહેબ ! હું સત્યજ કહું છું. જે માણસ તમારી સાથે વાત કરતો હતો તે સ્કોટલાંડ યાર્ડના થાણેથીજ વાત કરતો હતો. હવે કાંઇ બીજું પૂછવું છે ?"

મિ૦ બ્લેકે ભૂંગળું મૂકી દીધું અને ખુરશી ઉપર બેસી ગયો. સર્વ વાતો તેને જાદુ સમાન દેખાવવા લાગી. તે પોતાનાં આખાં જીવનમાં આવી રીતે કદી પણ સ્તંભિત થયો નહોતો ! "એ બેટ કોણ હશે ?" તે મનમાં બબડયો:–"જે સ્કોટલાંડ યાર્ડના નામથી સમસ્ત દુનિયાંના ચોર લુટારા કંપે છે. જેની છાયાના સ્પર્શ માત્રથી અતિ સાહસિક અને ચાલાક ચોરો પણ ડરે છે, તેજ સ્કોટલાંડ યાર્ડના અનેક પહેરેગીરોથી રક્ષિત થાણાના એક ગુપ્ત ઓરડામાં ટેલીફોન પાસે ઉભા રહીને આટલી વાર સુધી પોતાની

બહાદૂરીનો પરિચય કરાવ્યો ! અને તમામ વાત કરી નવિંદને અદ્રશ્ય થઇ ગયો ! એ કેવી ઘટના ! એ શું એમ બનવાજોગ છે !" વ્યર્થ સમય ગુમાવવો એ બ્લેકના સ્વભાવથી વિરૂદ્ધ હતું. તુર્તજ તેણે ટેલીફોનના યંત્ર ઉપર હાથ મૂકયો અને ઇન્સ્પેકટર કુટ્સને કાંઇક પૂછવાનો વિચાર કર્યો; પણ તેણે તે વિચાર મુલત્વી રાખ્યો. કારણકે તેને પૂછવાથી કશો પણ લાભ થાય તેમ નહોતો. બોટ ચાલુમાં પોતાની કોઇ પણ નિશાની મૂકી જાય તેવો મૂર્ખ નહોતો કે જેનાથી પોલીસ તેની શોધ કરી શકે !

મિ૰ બ્લેકે ચિન્તાઓને ત્યાગી પોતાની ચીરૂટ સળગાવી. બોટનું અદ્‌ભુત સાહસ, અસાધારણ બુદ્ધિ વિગેરે વિચારી તે મનમાંજ વિચાર કરવા લાગ્યો:–" આ ચોર ચોરોને માર્ગે નથી ચાલતો પણ તદ્દન નવા રાહ પર ચાલે છે. તે પોલીસને સાવચેત કરીને ચોરી કરે છે ! અને પોલીસની આંખમાંજ ધૂળ નાખી અંતર્ધ્યાન થઇ જાય છે ! "

આ બધું વિચારી મિ૰ બ્લેક "બોટ"ની હોંશીયારી માટે મનમાંજ તેની પ્રશંશા કરવા લાગ્યા; બોટે ક્રુસવીનાં લીલામખાના વિષે જે કાંઇ કહ્યું છે તેનો અર્થ સ્પષ્ટ છે. હેનરી વૅાટના સર્વોત્તમ હીરાના અલંકારો તે બધાની દૃષ્ટિ સમક્ષ ઉડાવશે. ક્રુસવીની મજબુત લોઢાંની ત્રીજોરી પણ તેના પ્રયત્નને વ્યર્થ કરી શકશે નહીં. સાવચેત પહેરેગીરોનું ધ્યાન ચૂકાવી તે એ હીરાનાં ઘરેણા લૂટશે. એ તેના કહેવા પરથી ખુલ્લું સમજાય છે. એટલુંજ નહીં, પણ તેનાં આમંત્રણનો અર્થ એજ છે કે "જો તમારામાં શક્તિ હોય તો મને કેદ પકડો. થોડીવાર આ વિચારમાળા અટકાવી વળી ચીરૂટનો ધૂમાડો કાઢતાં મિ૰ બ્લેક વિચારવા લાગ્યો. "એણે મને સ્પષ્ટ કહ્યું છે કે "હું તમને મુઠીમાં દબાવીશ." જો કદાચ તેનો એ સંકલ્પ સિદ્ધ થાય તો લોકોની આગળ મારે તો મ્હોં બતાવવુંજ ભારે થઇ પડે. મોટા મોટા ચોરો પકડયા, કેટલીયે વાર મોતના મ્હોંમાંથી બચ્યો તો શું એક ચોરની

વાતોથી ડરૂં ? જો તેને પકડી ન શકાયો તો આજ સુધીના જીવનની કીંમત પણ શું ? નહીં; એનાં આમંત્રણનો સ્વીકાર કરી કાર્યક્ષેત્રમાં ઉતરીશ; એને પકડી એના ગર્વનું ખંડન કરીશ ! આવા આવા વિચારમાં મિ૦ બ્લેક હતો એટલામાં સ્મિથ આવી પહોંચ્યો. તેને જોઇને બ્લેકે કહ્યું: "સ્મિથ ! બેટ વિષે તું કાંઇ જાણે છે ?"

સ્મિથે માથું હલાવી કહ્યું:–"નહીં સાહેબ ! બેટ "બેટ" કાણ છે ?"

મિ૦ બ્લેકે કહ્યું:–" બેટ એક માણસ છે. અવશ્ય એ નામ નકલી છે. તમે ચોરોનાં લીસ્ટમાં જુઓ એ નામ છે ? એ ઘણા વખતથી ચોરી કરતો નથી માટે લાંબા વખતનું પત્રક જોવાની જરૂર નથી."

સ્મિથે કબાટમાંથી મોટા મોટા પોથા કાઢયા અને થોડા સમયમાં તે સર્વ પોથા જોઇ કાઢયા. પરન્તુ બેટ નામના ચોરનો તેમાં ઉલ્લેખ ન હોતો. સ્મિથે બ્લેકને કહ્યું:–" બેટ નામનો કોઇ ચોર આમાં જણાતો નથી; જો તે પ્રસિદ્ધ ચોર હોત તો તેનું નામ આમાં જરૂર લખ્યું હોત. કોઇ ચાલાક ચોરે પોતાનું નામ બદલી નાખ્યું છે તેથી તેનો પત્તો નામ વગર મેળવવો મુશ્કેલ છે.

બ્લેકે કહ્યું:–" જ્યારે એનું નામજ નકલી છે ત્યારે એનો પત્તો શી રીતે મળી શકે ? તોપણ એટલું તો ખરૂં કે એ ચોર નવો નથી. તે ઘણા ચોરોને ચોર વિદ્યા શીખવે છે. કુટ્સને તેણે પકડવાને બહાને બેવકુફ બનાવ્યા છે અને કેટલીક ચોરીઓ પણ કરી છે ત્યારબાદ ઇન્સ્પેકટર કુટ્સ સાથે ચયલી સઘળી વાતો ત્યાં ટેલીફાન દ્વારા થયલી બેટ સાથેની સઘળી હકીકત સ્મિથને જણાવી એ સર્વ વાતો સાંભળી સ્મિથે આશ્ચર્યથી કહ્યું. કુટ્સનો ફોટો તો બતાવો ! ખરેખર ! એ અદ્દભુત ચોર છે. કાલે કયાં ચોરી કરશે તે પણ તેણે તમને જણાવી દીધું છે. શું કાલે તમે કુસવીના લીલામખાનામાં લીલામ જોવા જશો ? જો જાઓ તો જરૂર મને સાથે લઇ જજો."

મિ૦ બ્લેક કુટ્સનો ફોટો આપતાં બોલ્યોઃ—"હા મારો જવાનો વિચાર છે; તમે સાથે આવજો. જો ત્યાં બેટ મળી ગયો તો તે કદી બચી શકશે નહીં. મારી પ્રકૃતિ જો કે સારી નથી તો પણ બેટનો અહંકાર જોઇને તે કેવો માણસ છે; કઇ યુકિતથી ચોરી કરે છે ? વિગેરે જોવાને મારૂં મન આતુર થઇ રહ્યું છે જે મારાથી અટકાવી શકાતું નથી."

સ્મિથે કહ્યું:-"તમે કહેલી બેટની વાત સાંભળીને તે ખરેખર બહાદૂર છે એમ કહેવા સિવાય રહેવાતું નથી તેણે ઇન્સ્પેકટર કુટ્સની મિટ્ટી ખરાબ કરી તે સારૂં થયું કારણકે કુટ્સ અભિમાની છે. અમારા જેવા માણસને તો તે ગણતો પણ નથી. તેનો અહંકાર તોડયો એ સાંભળીને મને સંતોષ થયો છે, પણ બેટે જો તમારી હાલત તેવી કરી તો તમારી બેઆબરૂથી મને ઘણું દુઃખ થશે."

મિ૦ બ્લેકે કહ્યું:-"મેં તેની વાતોથી એ જાણી લીધું છે. કાલે એની હાથચાલાકી જોઇશ કે કેવી રીતે એ શાહુચોર મારી આંખોમાં ધૂળ નાખી જાય છે. મને તો એવી ખાત્રી છે કે એણે ચોરી કરવાની કોઇ નવી યુકિત શોધી કાઢી હશે."

પ્રકરણ ત્રીજું. દેખતી આંખમાં ધૂળ.

આગલે દિવસે સવારની ટપાલમાં ઇન્સ્પેકટર કુટ્સે મોકલેલો રિપોર્ટ મિ૦ બ્લેકને મળ્યો. બેટે જે જે જગ્યાએ ચોરીઓ કરી હતી તેના વર્ણનથી એ રિપોર્ટ ભરેલો હતો. ઇન્સ્પેકટર કુટ્સે જે જે વાતો કરી હતી તે તેમાં અક્ષરશઃ બરાબર હતી. પરન્તુ મિ૦ બ્લેક એ રિપોર્ટ વાંચીને એ ન જાણી શકયો કે ચોર કોણ છે? અને રિપોર્ટમાં જણાવેલી વસ્તુઓ કયા પ્રકારે કોની પાસેથી નીકળી શકશે ? ઘણા વખત સુધી તેણે મગજની શકિત ગુમાવી વીચારો કર્યાં, છેવટ કાંઇ પણ પરિણામ આવ્યું નહીં ! મિ૦

બ્લેક વિચાર કરવા લાગ્યોઃ–"કે એકજ માણસે આ સર્વ ચીજો ચોરી છે. પણ હજુ ચોરી સમાપ્ત થઇ નથી. કાલે પાછો તે એક મોટી ચોરી કરનારો છે. અને તે પ્રયત્ન જોવાને મને તેણે આમંત્રણ કર્યું છે. કાલે જો કદાચ તે હાથ આવે તો તો એક ચોરી તો શું પણ સર્વ ચોરીનો પત્તો મળી આવશે. તેની સર્વ ચાલાકીઓ જરામાં ખતમ થશે અને ફરી તે એવી બાહદુરી પણ કરી શકશે નહીં. મોટા મોટા ચોરો પણ ચોરી કરતી વખતે ગમે તે એક ભૂલ કરી નાખે છે અને તેથી તે પકડાઈ જાય છે. બેટના કાર્યમાં એવી ભૂલ થાય એવો સમ્ભવ છે ? વધારે વિચાર કરવાની જરૂર નથી. થોડાક કલાકમાં સર્વ વાતો જણાઇ આવશે. એ દિવસે બપોરે મિ૦ બ્લેક સ્મિથને સાથે લઇને ઘરમાંથી બહાર નીકળ્યો. ગાડી ભાડે કરી તેણે ગાડી સ્કોટલાંડ યાર્ડના થાણા તરફ હાંકવા હુકમ આપ્યો.

સ્મિથે પૂછ્યુંઃ–"સ્કોટલાંડ યાર્ડ તરફ આપણે શામાટે જઇએ છીએ ?"

મિ૦ બ્લેકે કહ્યુંઃ–"ઇન્સ્પેકટર કુટ્સને આપણી સાથે લેવો છે. કુટ્સેજ મને બેટની સર્વ હકીકત જણાવેલી હોવાથી બેટ વિષેની સર્વ વાતો તેને મારે કહેવી જોઇએ. અને કાલથી અત્યાર સુધીમાં બેટ સંબંધી કાંઇ નવી વાત બની હોય તો તે પણ જાણવી જરૂરની છે." જો બેજ મિનિટ મોડો બ્લેક થાણામાં પહોંચ્યો હોત તો કુટ્સ તેને મળતે નહીં. તે બહાર જવા માટે તૈયાર થઇનેજ ઉભો હતો. તે જોઇ ગાડીમાંથીજ બ્લેકે પૂછ્યુંઃ–"મિ૦ કુટ્સ બેટની કાંઇ નવી ખબર મળી છે કે ?"

કુટ્સે કહ્યુંઃ–"બીજી કાંઇ નવી ખબર તો મળી નથી. પણ ગમે તેમ કરી જો તે આપણા હાથમાં આવી જાય તો તેને જેલની હવા ખવડાવું. ઓછામાં ઓછા દશ વર્ષ તો તેને ઘણા ભરડવાજ પડશે. તે ફરીને મારા જેવા સારા માણસને દુઃખ દેશે નહીં પાજી ! બેવકુફ ! લુચ્ચો મારી સાથે આટલો બધો મીજાજ ! કાગળ લખી લખીને મારી મશ્કરી !"

ક્રોધથી લાલ થઇ ગયેલું ઇન્સ્પેકટરનું મુખ જોઇને મિ૦ બ્લેકે હસીને કહ્યું:–"હવે તમે ડરશો નહીં હવે તે તમારી મશ્કરી નહીં કરે. મશ્કરીનો ભાર હવે તેણે મારાં શિરપર નાખ્યો છે. આવો તમે ગાડીમાં બેસી જાઓ હું તમને બધી હકીકત જણાવીશ."

ઇન્સ્પેકટર ગાડીમાં બેઠો અને પૂછયું:–"હવે તે તમારી મશ્કરી કરવા લાગ્યો છે એટલે?"

બ્લેકે કહ્યું:–"હા; મને તેણે ખુલ્લું જણાવ્યું છે કે હવે હું તમારી હરીફાઇમાં ઉતરીશ."

બ્લેકની વાત સાંભળી મી૦ કુટ્સ એકી નજરે બ્લેકનાં મ્હોં સામે જોઇ રહ્યો ! અને પછી કહ્યું:–"હું કાંઇ પણ સમજી શકતો નથી."

ત્યાર બાદ મિ૦ બ્લેકે કુટ્સને બેટ સાથે થયેલી વાતચીત કહી. ઇન્સ્પેકટરે તે સર્વ વાત આશ્ચર્ય સહ સાંભળી અને ઘણીવાર સુધી ચૂપ બેસી રહ્યો. જાણે તેની વાક્શક્તિજ લોપ થઇ ગઇ ! પણ છેવટે તેણે કહ્યું. "તેણે સ્કોટલાંડ યાર્ડના થાણામાં ઉભા રહી તમારી સાથે વાત કરી એ હું સાચું માની શકતો નથી."

મિ૦ બ્લેકે કહ્યું:–"મને એ હકીકત ટેલીફોનના મુખ્ય અમલદારે જણાવી છે એટલે ખોટી નહીં હોય !"

ઇન્સ્પેકટર કુટ્સ એકદમ બોલી ઉઠયો:–"આશ્ચર્ય ! ત્યારે તો હું શી રીતે એ વાત ખોટી માનું ?" હું થાણામાં જઇને તપાસ કરીશ કે કોણ."

મિ૦ બ્લેકે વચમાંજ કહ્યું:–"નહીં તમે એમ કરશો નહીં તમે તમારે ચુપચાપ બેસી રહો. એની તપાસ કરવાથી હવે કાંઇપણ લાભ થવાનો નથી પણ ઉલટું નુકશાનજ થશે. તમે આજે અમારી સાથે રહો અમે બેટના આમંત્રણથી ફ્રંસવીનું લીલામ જોવા જઇએ છીએ."

કુટ્સે કહ્યું:–"વારૂં હું તમારી સાથે રહેવા તૈયાર છું. બેટ ત્યાં આવ-

વાનું નક્કી કર્યું છે, તો ત્યાં તે જરૂર આવશે. અને જો કોઇ પણ યુક્તિથી હું તેને પકડીશ તો પછી જો જો તેની મજા !"

ક્રસવીનું લીલામખાનું સ્કૅાટલાંડ યાર્ડના થાણાથી બહુ દૂર નહોતું એટલે ત્યાં જતાં તેઓને વધુ વખત થયો નહીં ! ગાડી જેટલી વખત ચાલી તેટલી વખત સ્મિથ એક પણ અક્ષર બોલ્યો નહોતો ! પણ એકવાર ક્રૂરભરી દ્રષ્ટિએ સ્મિથનાં મ્હોં તરફ જોઇ ક્રુટ્સે બ્લેકને કહ્યું :-" તમે આ વાંદરને શા માટે સાથે લાવ્યા છો !"

ઇન્સ્પેકટર ક્રુટસના એ શબ્દથી સ્મિથ ખુબ ગુસ્સે થયો. તે તેનું અપમાન કરતા બોલ્યોઃ મહેરબાન ! બેસી રહો તમારી બહાદૂરીનો બેટે ઉતારેલો ફોટો જોઇને સારી રીતે મને સંતોષ થયો છે.

એ સાંભળી ક્રુટ્સનો ક્રોધ મેધ માફક ગરજી ઉઠયો, પરંતુ વરસવાનો લાગ તેને મળ્યો નહીં. કારણ કે તે વખતે ગાડી ક્રસવીના લીલામખાના આગળ ઉભી રહી હતી. ત્રણે જણા ગાડીમાંથી ઉતરી પડયાં.

ક્રવીસના લીલામખાનામાં કોઇ સાધારણ માણસ જઇ શકતું નહીં, તેના મોટા દરવાજા પર એક માણસ રહેતો હતો અને તેનું કામ એ હતું કે તે અસાધારણ અને જાણીતા માણસોનેજ અંદર જવા દે. વગર ઓળખાણ આપ્યે કોઇથી અંદર જઈ શકાતું નહોતું. એ જોઇને મિ૦ બ્લેકે પોતાના નામનો વિઝીટીંગ કાર્ડ પહેરેદારના હાથમાં આપ્યો, ત્રણે જણા કાંઇ પણ હરકત વિના અંદર દાખલ થયા.

અંદર એક વિશાળ ઓરડો હતો; જેમાં નાની મોટી કીમતી વસ્તુઓ ગોઠવી રાખેલી હતી. યુરોપના સર્વોત્તમ ચિત્રકારોની કેટલીએ કિમતી છબીઓ ઠેકઠેકાણે ગોઠવેલી હતી. ચીન, જાપાન, હિન્દુસ્થાન, મિસર વિગેરે દેશોની અમૂલ્ય વસ્તુઓ જોઇને એ લોકોનાં હૃદય આશ્ચર્યથી ભરાઇ ગયાં. હીરા, જવાહીર વિગેરે બહાર નહોતું. તે તો મોટી મોટી મજબુત લોઢાની

ત્રીજોરીઓમાં હતું. તે પેટીઓને જોતાંજ મનમાં એમ થતું હતું કે આમાંથી એક પણ વસ્તુ ચોરી જવી તે તો હવાને મુઠ્ઠીમાં પકડવાની વાત જેવું છે.

જે સ્થળે એ લોઢાની ત્રીજોરીઓ ગોઠવેલી હતી તેની ચારે બાજુ કેટલેક દુર સુધી લોઢાનો મજબુત કઠેરો બનાવેલો હતો. મિ૦ બ્લેકે તે ઓરડામાં જઇને જોયું તો લીલામ શરૂ થઇ ચૂક્યું છે. પરન્તુ ખરીદનારની સંખ્યા દશ બારથી વધારે નહોતી. જે લોકો ખરીદવા આવ્યા હતા તે સર્વ જાણીતા આસામી હતા. મિ૦ બ્લેકે એકવાર તીક્ષ્ણ દ્રષ્ટિથી સર્વના તરફ જોયું તો તેને જણાયું કે બે એક અપરિચિત ગ્રહસ્થ છે પણ તેમાં એકે બ્લેટ હોઈ શકે તેવો નથી.

ઇન્સ્પેકટર કુટસે લોકો તરફ જોઇને ધીમે સ્વરે કહ્યું:-"મિ૦ બ્લેક! આમાં એક પણ માણસ એવો જણાતો નથી કે તે બ્લેટ હોઇ શકે. મને તો એમ જણાય છે કે તે લુચ્ચાએ આપણને હેરાન કરવા નકામી લાલચ આપી અહીં બોલાવ્યા છે."

મિ૦ બ્લેકે કહ્યું:-"એ કેમ કહી શકાય જો તે અહીં નહીં આવ્યો હોય તો થોડીવાર પછી આવશે. કારણ લીલામ હમણાંજ શરૂ થયું છે. હા; જો તે અહીં નહીં આવે તો આપણે તેને બુદ્ધિમાનજ કહેવો પડશે કારણ કે અહીં આવીને ફસાઇ ગયા પછી તેનું નીકળવું મહા મુશ્કેલ છે."

મિ૦ બ્લેકની એ વાત સાચી હતી; ફસવીનાં લીલામખાનામાં સાધારણ ચોર, લૂટારા અને ખીસ્સાં કાતરૂઓ જો આવી ચઢે તો ત્યાંથી તેનું છટકવું એ સહેલું કામ નહોતું. તે બજારની સાધારણ દુકાન નહોતી. મિ૦ બ્લેક, કુટસ, અને સ્મિથ આજે આવ્યા હતા તે સિવાય દરરોજ બે કોન્સ્ટેબલો અને સાધારણ પોષાક પહેરેલા બે ડીટેકટીવો ત્યાં હમેશાં હાજર રહેતા હતા. આ વખતે પણ હતા અને આવનાર માણસોને બારીક દ્રષ્ટીએ તપાસતા પોતાની ફરજ બજાવી રહ્યા હતા.

મિ૦ બ્લેકને જોતાંજ મિ૦ જેમ્સ ક્રુસવી સલામ કરી હસીને બોલ્યોઃ— "મિ૦ બ્લેક ! તમે તો આ બાજુ કદી આવતાજ નથી. આજે કેમ ભૂલ્યા પડ્યા ? કાંઇ ખરીદવા આવ્યા છો ?"

મિ૦ બ્લેકે ઉત્તર આપ્યોઃ—" નહીં, ફકત લીલામ જોવાજ આવ્યો છું. બેંકમાં મારા એટલા રૂપીઆ નથી કે અહીંની કોઇ વસ્તુ ખરીદી શકું. સાંભળ્યું છે કે આજે અંહી કિમ્મતી જવાહીરનું લીલામ થવાનું છે તે હું ખરીદી શકીશ નહીં પણ તે જોઇને નેત્ર તો સફળ કરીશ."

મિ૦ ક્રુસવીએ આનંદથી કહ્યું: " તમે સાચું કહો છો આજ અહીં જે દુર્લભ વસ્તુઓ લીલામ થશે તેમાં એવી પણ વસ્તુઓ છે કે આખાં યુરોપખંડમાં એવી કોઇ ઠેકાણે હશે નહીં. મને જણાય છે કે આજે હયાં બધાં ખરીદદારો સાથે તમારે ઓળખાણ નથી. હું તમોને તેઓની સાથે ઓળખાણ કરાવું.—આ સર હીલારી વેજ છે. તમે એમના પિતાને ઘણું કરીને ઓળખતા હશો." મિ૦ બ્લેકની પાસેજ સુન્દર અને કિંમતી પોષાક પહેરી એક ઉચ્ચ વંશનો યુવાન ઉભો હતો; ક્રુસવીએ તેના તરફ ઇશારો કરીને મિ૦ બ્લેકને ઉપર મુજબ કહ્યું હતું, તેથી મિ૦ બ્લેકે સર હીલારી વેજ સાથે શેકહેન્ડ કરી.—

સર હીલારીએ કહ્યું: " મિ૦ બ્લેક! તમારો મેળાપ થવાથી હું પ્રસન્ન થયો છું. તમારે વિષેની ઘણી બાબતો મેં વર્તમાન પત્રોમાં વાંચી છે તેનજ મિત્રો તરફથી પણ આપની કેટલીક પ્રશંસા સાંભળી છે. મારા સ્વર્ગસ્થ પિતા આપની ઉપર અતીશય વિશ્વાસ રાખતા હતા. એક વખત કોઇ કેશમાં તમે તેમને સારી મદદ પણ કરી હતી."

મિ૦ બ્લેકે કહ્યું: " હા; તમારા પિતા મારા ઉપર ઘણો પ્રેમ રાખતા હતા. તે 'વેજ બ્રધર્સ' નામની ફર્મના માલીક હતા, પ્રસંગોપાત તેમને ઘણી વખત મારી મદદ લેવી પડી હતી. તેમનાં મૃત્યુની ખબર સાંભળી અને કોઇ સગાની વિયોગ વેદના જેટલો શોક થયો હતો.

સ્નેહમય પિતાની વાતો યાદ આવવાથી તે યુવકના નેત્રોમાંથી આંસુ ખરવા લાગ્યાં. તેણે ગંભીર ભાવથી કહ્યું:-"મિ૦ બ્લેક ! હું મારા પિતાના મૃત્યુ સમયે તેમની પાસે નહોતો એ દુઃખ હું મારાં આખાં જીવનમાં કદી ભૂલીશ નહીં. તે વખતે હું ઑસ્ટ્રેલિયા ગયો હતો અને ત્યાંથી અમેરિકા ચાલ્યો ગયો હતો. પિતાના મૃત્યુ સમાચાર મળતાંજ તત્કાળ હું અહીં ચાલ્યો આવ્યો."

મિ૦ બ્લેકે પૂછ્યું:-"આજ તમે અહીં શું ! કાંઇ ખરીદવા આવ્યા છો?"

સર હીલારીએ સ્મિત કરીને કહ્યું:-"તે હું ચોકકસ કહી શકતો નથી; પણ હવે હું મુસાફરી કરવાનો નથી. લગ્ન કરીને ગૃહસ્થ બનવાનો મારો મનોભાવ છે. સંસારી થવાનો હોવાથી હીરા જવાહીરની મારે જરૂર છે. મેં સાંભળ્યું છે, કે હિન્દુસ્થાનના મોગલ સમ્રાટ્ જહાંગીરની પ્રિયતમા બેગમ નુરજહાંનાં એક જોડી "કર્ણ ફૂલ" આજ અહીં લીલામ થવાનાં છે તે ખરીદીને લગ્નને દિવસે મારી પત્નીને ભેટ આપવાનો મારો વિચાર છે."

સર હીલારીની વાત સાંભળી મિ૦ બ્લેક ચમકી ઉઠયો, કારણકે એજ વસ્તુની ચોરી કરવાનું બેરે તેને જણાવ્યું હતું. તેણે સર હીલારીને કહ્યું. સર ! એ ચીજ એવી છે કે કોઇ સમ્રાટ્ પોતાની કન્યા તમને પરણાવે અને તેને તમે એ કર્ણફૂલ ભેટ કરો તો તે પોતાને મહા ગૌરવશાળી સમજે. હું ધારૂં છું કે તમારી પત્ની પાસે એ અલંકાર જોઇ બીજી સ્ત્રીઓ પોતાના મનમાં ને મનમાં બળશે. પણ એ મેળવવા માટે તમારે પુષ્કળ પૈસા ખર્ચવા પડશે. કારણકે લીલામમાં તમારા હરીફ ઘણા નીકળશે.

સર હીલારીએ કહ્યું:-"હરિફાઇમાં તો ઘણા લોકો ઉતરશે પરંતુ હું એવા ડરથી પાછો હઠીશ નહીં. તમે તે કર્ણ ફુલો જોયાં છે ? મિ૦ ફ્રસવી ! આપને તે મિ૦ બ્લેકને બતાવવામાં કોઈ પણ જાતની અડચણ તો નથીને ?

મિ૦ ફ્રસવીએ કહ્યું:-"હું ખુશીથી બતાવીશ એમાં અડચણ શાની ? મિ૦ કુટ્સ તમે પણ તે જોઇને તમારાં નેત્રો સફળ કરો !" ત્યાર પછી

મિ૰ ફ્રસવીએ લોઢાની ત્રીજોરીમાંથી એક બોકસ કાઢયું, તે લોઢાની ત્રીજોરીમાં એવાં અનેક બોકસ હતાં તે દરેક બોકસ જુદી જુદી જાતના હીરા-અલંકારોથી ભરેલાં હતાં. મિ૰ ફ્રસવીએ બોકસની ચાંપ દબાવતાં જ તે ખુલ્યું અને ક્ષણભરમાંજ અંદર હીરાજડિત ચકચકિત કર્ણફૂલની જોડી દેખાવા લાગી. મિ૰ બ્લેક તે એકી નજરે જોઈ રહ્યો. એવાં સુન્દર કર્ણફુલ તેણે અગાઉ કદી જોયાં નહોતાં. ઇન્સ્પેકટર કુટ્સ પણ તેની પ્રશંસા કર્યા વગર રહ્યો નહીં. લીલી મખમલનાં બોકસમાં રાખેલાં તે કર્ણફૂલના હીરાની જ્યોતિએ સર્વની આંખોને અંજવી નાખી. સર હીલારી વેજે તે બોકસ પોતાના હાથમાં લઇ ઉત્સાહપૂર્વક મિ૰ બ્લેકને કહ્યું:-"જુઓ કેવી સુંદર વસ્તુ છે. મારી પત્ની એને મેળવીને જો પ્રસન્ન ન થઇ તો સમજી લેવું કે પૃથ્વીમાની કોઇ વસ્તુ એને પ્રસન્ન કરી શકશે નહીં. સાંભળ્યું છે કે "આ અલંકાર મોગલ બાદશાહના અંતઃપુરમાં કયાંથી અને કેવી રીતે આવ્યો હતો અને છેવટે હિન્દુસ્થાનમાંથી ઇંગ્લાંડમાં કેવી રીતે લાવવામાં આવ્યો તેનો રહસ્યમય થોડો ઇતિહાસ પણ છે:-કેમ ખરૂંને મિ૰ ફ્રસવી ?"

ફ્રસવીએ કહ્યું:-"હા, વાત એ ખરી છે પણ હું તે સારી રીતે જાણતો નથી. નૂરજહાં આ કર્ણ ફૂલને બહુ ચાહતી હતી. જગત-પ્રસિદ્ધ કોહીનૂરની માફક એ કર્ણફુલને પણ હિન્દુસ્થાનમાંથી ઇંગ્લાંડમાં લાવવામાં આવ્યાં હતાં. પરન્તુ સ્વર્ગસ્થ હેનરી વોટે એ અમૂલ્ય અલંકારને કયાંથી મેળવ્યાં તે હું કહી શકતો નથી. ઘણાયે ઝવેરીઓએ એને જોતાંની સાથેજ કહ્યું છે કે આ હીરા તદ્દન નિર્દોષ અને મહા મૂલ્યવાન છે. એમ કરીને તેણે બોકસને બન્ધ કરી સર્વની સામે ત્રીજોરીમાં મૂકી દીધું.

ત્યાર પછી મિ. બ્લેકને ઇન્સ્પેકટર કુટ્સે કહ્યું:-"જે સ્ત્રી લાખ રૂપીઆનાં કર્ણફુલ કાનમાં પહેરે તે ખરેખર બેવકૂફ હોવી જોઇએ ! આ યુવક એને ખરીદવા ઉત્સુક થઇ રહ્યો છે, પણ બુદ્ધિ કરતાં એની પાસે પૈસા વધુ છે એટલુંજ."

મિ૰ બ્લેકે કશો પણ ઉત્તર આપ્યો નહીં. માત્ર એક વાર આમ તેમ તેણે જોયું. તેને ખાત્રી થઈ કે બેટે દગો દીધો છે. "ચોરપર વિશ્વાસ રાખી હું અહીં આવ્યો ને ઠીક કર્યું નહીં. અહીં કોઈ પણ માસણ એવો જણાતો નથી કે જેને "બેટ" સમજી સન્દેહ પણ લાવી શકાય. "બ્લેક ને વિચારમાં પડેલો જોઇ સ્મિથે કહ્યું:—"સાહેબ! આપણે આપણો સમય નકામો ગુમાવ્યો બેટે કહ્યું હતું કે "હું તમને મુઠ્ઠીમાં દબાવીશ" તે સત્યજ જણાય છે કારણ કે તમને અહીં બોલાવીને તે વખતે કોઇબીજાજ શિકારની શોધમાં ફરતો હશે."

મિ૰ બ્લેકે કહ્યું:—"હવે અહીં આવ્યાજ છીએ તો થોડો વખત થોભી નેજ જઇએ. હવે લીલામ બંધ થવાને બહુ વાર નથી. મિ૰ કુટ્સ! તમને પણ હવે ખાત્રી થઇ હશે કે બેટે આપણી સાથે જૂઠી તોપ ફોડી છે!

ઇન્સ્પેકટર કુટ્સે કહ્યું:—"ચોર જૂઠું નહીં બોલે તો પછી શું સજ્જનો જૂઠું બોલશે? તેની એક બે વાતો સત્ય નીવડવાથી હું ધારતો હતો કે તે પોતાના કહેવા પ્રમાણે કરશે. પણ તેણે જાણ્યું કે આપણી ભઠ્ઠી અહીં પાકવાની નથી તેથી અહીં આવવાનું તે સાહસ કરી શકયો નહીં."

લીલામ થયા કરતું હતું એક પછી એક ઘણા મૂલ્યવાન અલંકારો મોટી કિમ્મતે વેચાઇ ગયા. પરન્તુ નૂરજહાંનાં કર્ણફૂલ હજુ લીલામ થવાના હતાં. આર હીલારી તેને માટે ઉત્સુક થઇ રહ્યો હતો અને બીજા પણ એક બે માણસો તે લેવાની ઇચ્છાથી ઉભા ઉભા લીલામ જોયા કરતા હતા બીજી વસ્તુઓ વેચાઇ ગયા પછી તે કર્ણફૂલનો વારો આવ્યો. મિ૰ ક્રસવી ટેબલની સામે બેઠો બેઠો લીલામ કરતો હતો. તેના હાથમાં હાથીદાંતનું બનેલું એક નાનું બાકસ હતું જે ઘણુંજ મનોહર હતું. તેના પર સોનાનું પતરૂં મઢેલું હતું અને તેમાં કોતરકામ પણ કરવામાં આવેલું હતું. એ બાકસને ઉંચકીને ક્રસવીએ ગંભીર સ્વરે કહ્યું:—"હવે ૮૭ નંબરનો માલ લીલામ થશે. એમાં સાધારણ વસ્તુ નથી પણ ભારત સમ્રાજ્ઞી નૂરજહાનાં

"કર્ણ ફૂલ છે." એમાં જે બે હીરાઓ છે, તેની બરાબરી કરનારા હીરા આ પૃથ્વીપર જડવા મુશ્કેલ છે. માટે મારો વિચાર એવો છે કે એની માગણી વીસહજાર પાઉન્ડથી શરૂ થવી જોઇએ !" "તેની પાસેજ એક ઠીંગણાં કદનો પુરૂષ ઉભો હતો. મોટા ઓવરકોટથી તેનું શરીર ઢંકાયલું હતું. માથાપર રેશમી ટોપી અને આંખોપર સોનેરી ચશ્માં હતાં. તે યાહૂદી હતો અને તેનું નામ સેમ્યુઅલ મોન્ટીફેકસ હતું. લંડનમાં તેની જવાહીરની દુકાન હતી." બીટ આપતાં તે બોલ્યો:-" વીસ નહી ત્રીસ હજાર પાઉંડ."

મિ૦ ફ્રસવીએ કહ્યું: "ત્રીસ હજાર પાઉન્ડ એ કિમ્મત પણ એ જવાહીરને માટે થોડી છે. જેને બોલવું હોય તે બોલો નકામો સમય ગુમાવશો નહી."

સર હીલારી પોતાના બન્ને હાથ ગજવામાં ઘાલી મિ૦ બ્લેકની પાસે ઉભો હતો. તેણે ઘણા ઉત્સાહથી કહ્યું:-"પાંત્રીસ હજાર પાઉન્ડ."

સેમ્યુલે કમ્પતિ સ્વરે કહ્યું "ચાલીસ હજાર પાઉન્ડ."

સર હીલારીએ કહ્યું "પીસ્તાલીસ હજાર પાઉન્ડ."

કિમ્મત પર કિમ્મત વધવા લાગી. ઇન્સ્પેકટર કુટ્સ વિચાર કરવા લાગ્યો કે આ લીલામ કયારે ખલાસ થશે એ "કર્ણ ફૂલ"ની જોડી ઉપર આટલા બધા પૈસા ખર્ચવા તૈયાર થએલા લોકોની બુદ્ધિને તે વખોડવા લાગ્યો.

સેમ્યુલ બોલ્યો: "પચાસ હજાર."

સર હીલારીએ કહ્યું: "પંચ્ચાવન હજાર પાઉન્ડ."

સર્વ લોકો સર હીલારી તરફ જોવા લાગ્યા. તેનું મુખ ઉત્સાહથી લાલ થઇ ગયું હતું પણ સેમ્યુઅલ તેને છોડે તેવો નહોતો કારણ કે હીરાની તેને કિમ્મત હતી. તેણે કહ્યું: "સાઠ હજાર પાઉન્ડ."

સર હીલારીએ તુર્તજ કહ્યું: "પાંસઠ હજાર પાઉન્ડ."

મિ૦ બ્લેકે સર હીલારીનાં મ્હોં સામે જોઇ કુટ્સને કહ્યું: "આ ગમે તેટલા પૈસા થશે તોપણ "કર્ણ ફૂલ જરૂર લેશે."

ક્રુટ્સે કહ્યું: "એ મુર્ખ જણાય છે. એના પિતાની સર્વ સમ્પત્તિ એ આમજ ગુમાવી દે. તો તેમાં કાંઇ અજાયબી નથી."

સેમ્યુઅલ બોલ્યોઃ–"પચ્ચોતેર હજાર પાઉન્ડ."

સર હીલારી બોલ્યોઃ–"એંશી હજાર પાઉન્ડ."

સેમ્યુઅલ બોલ્યોઃ–"પંચ્યાશી હજાર પાઉન્ડ હું એ જવાહીરને કદી પણ છોડવાનો નથી."

સર હીલારી સેમ્યુઅલ તરફ જરા પણ ધ્યાન ન આપતાં બોલ્યો. "પંચ્યાણું હજાર પાઉન્ડ."

સેમ્યુઅલ બોલ્યોઃ–"એક લાખ પાઉન્ડ."

મિ૦ ક્રુસવીએ કહ્યું:–"લાખો પાઉન્ડની ચીજ ! એક લાખ પાઉન્ડમાં જાય છે જેને બોલવું હોય તે બોલો."

સર હીલારી બોલ્યોઃ–"એક લાખ દશ હજાર પાઉન્ડ."

હવે સર્વ જોનારની દ્રષ્ટિ સેમ્યુઅલનાં મુખ તરફ વળી. તેનાં મુખ પર આખાં અંગનું લોહી ધસી આવી એકત્ર થયું હતું.

મિ૦ ક્રુસવીએ કહ્યું:–"એક લાખ દશ હજાર થયા છે. મિ૦ સેમ્યુઅલ બોલો ! કાંઈ વધો !"

સેમ્યુઅલ કાંઇ પણ બોલ્યો નહીં. એટલે ક્રુસવીએ "એક લાખ દશ હજાર પાઉન્ડ "ત્રણ વાર" એમ બોલીને "કર્ણફૂલ"ની પેટી ટેબલ ઉપર મૂકી દીધી. પછી તે બોલ્યોઃ–"સર હીલારી ! આ જગપ્રસિદ્ધ ભૂષણુ તમારૂં થયું. તમે એ ખરીદ્યું એ માટે હું બહુજ ખુશ થયો છું. મને આશા છે કે એ આભૂષણ જરૂર તમારી પત્નીનું મન રંજન કરશે."

સર હીલારીએ કહ્યું:–ઝવેરીની સાથે હરિફાઇ કરવાથી એનું મૂલ્ય વધી ગયું છે પણ એ માટે હું દિલગીર નથી. એને હું ખરીદી શકયો એ આનંદની વાત છે ! જો ઝવેરી હજુ પણ આગળ વધત તો લાચારીએ મારે પણ વધવું પડત મિ૦ ક્રુક ! શું એ કર્ણફુલની કિમ્મત વધી ગઇ છે ?"

મિ૦ બ્લેકે કહ્યું:-"એ કહેવું મુશ્કેલ છે. એવી શોખની ચીજોની કીમ્મત પસન્દગી ઉપર થાય છે. તમે એ "કર્ણફુલ"ને સંભાળી ઘેર લઇ જજો. એના ઉપર ઘણા લોકોની દ્રષ્ટિ હશે અને બીજાની વસ્તુ પોતાની કરી લેવાનો તો તેવાં લોકોનો તો ધન્ધોજ છે."

સર હીલારીએ કહ્યું:-તમે, તથા તમારા સાથીઓ મારી સાથે મારાં ઘર સુધી આવવાની કૃપા કરશો તો પછી મને કોઇ પણ જાતની ચિંતા નથી."

મિ૦ બ્લેકે કુટ્સની સામે જોયું. કુટ્સે ઇશારતથી પોતાની સમ્મતિ દર્શાવી. તેણે વિચાર કર્યો:-"બોટ અહીંથી તો એ અમૂલ્ય વસ્તુને ચોરી શકયો નહી, પણ સર હીલારી જ્યારે એને અહીંથી ઘેર લઇ જશે ત્યારે ચોરવાનો પ્રયત્ન કરશે. તેથી છેક છેવટ સુધી એનું અવલોકન કરવુંજ જોઇએ."

હવે સર હીલારીએ ક્રુસવીને કહ્યું:-"મિ૦ ક્રુસવી! તમારાં "કર્ણફુલ"ની કિમ્મતમાં ચેક આપીશ તો ચાલશે. કારણકે અહીં મારી પાસે એટલા રોકડા પાઉન્ડ નથી"

મિ૦ ક્રુસવીએ કહ્યું:-"ચાલશે તમે ચેક આપો; એમાં શી હરકત છે?"

સર હીલારીએ ગજવામાંથી સોનાની ફાઉન્ટનપેન અને ચેક-બુક કાઢી એક લાખ દશ હજાર પાઉન્ડનો ચેક લખી આપ્યો. મિ૦ ક્રુસવીએ પણ સામી રસીદ લખી આપી, અને અલંકારની નાની પેટી સર હીલારીના હાથમાં આપતાં કહ્યું:-"સર હીલારી! ભારત સમ્રાટ્ની બેગમ નૂરજહાંના હીરાલંકાર યોગ્ય માણસના હાથમાં ગયા, તેથી હું અત્યંત પ્રસન્ન થયો છું. હું ઇશ્વરને પ્રાર્થના કરૂં છું કે અમૂલ્ય આભૂષણ તમારી સુખ સમૃદ્ધિની વૃદ્ધિ કરી, લેડી વેજનું મનરંજન કરો! અને તમારૂં દામ્પત્ય જીવન સુખી નીવડો."

સર હીલારીએ કહ્યું:-તમારૂં કહેવું સફળ થાઓ!"

ત્યાર પછી સર હીલારીએ કર્ણ ફુલનું બોકસ ખોલ્યું અને ક્રુસવીનાં મુખ સામે જોઇને તેણે કહ્યું:-"મિ૦ ક્રુસવી! તમે ભૂલ કરી છે. તમે મને કયું બોકસ આપ્યું? આમાં તો "કર્ણ ફુલ"નું નામ નિશાન પણ નથી."

મિ૦ ક્રસવીએ આંખો ફાડી વિસ્મયતા પૂર્વક કહ્યું:–મેં ભૂલ કરી છે! તમે એ શું કહો છો ? મેં "કર્ણફુલ"નુંજ બોકસ તમને આપ્યું છે. શું એમાં તે નથી ? એટલું કહી તેણે તે લઇને જે જોયું જેથી તે બેશુદ્ધ થવાની અણી પર આવી ગયો! કારણ કે બોકસ ખાલી હતું. **તેમાં કર્ણફુલ નહોતાં!!!**

પ્રકરણ ચોથું. ચોરની ચતુરાઈ.

કલ્પનામાંએ ન આવે એવી બીનાને જોઇને મિ૦ ક્રસવીનાં શીરપર જાણે વજ્રઘાત થયો હોય એવો તે થઇ ગયો ! તેનું મ્હોં સુકાઇ ગયું અને આંખોમાં ભયના ચિન્હ દેખાવા લાગ્યાં. બન્ને હાથે પોતાનું માથું દબાવી સર હીલારીનાં મ્હોં સામે જોતો જોતો તે નીચે બેસી ગયો.

સર્વ જોનારાઓ ચૂપચાપ ઉભા રહ્યા હતા. ચારે બાજુ એવી શાન્તિ પ્રસરી રહી હતી કે એક ટાંકણી પડે તો તેનો પણ ચોખ્ખો અવાજ સંભળાઇ શકે. કેટલીક ક્ષણ પછી ભારે સ્વરે મિ૦ ક્રસવીએ કહ્યું:–"મારા અમૂલ્ય હીરાના અલંકાર કયાં ગયા ?"

સર હીલારીએ કહ્યું:–"હું પણ એજ પૂછું છું હું ધારૂં છું કે બોકસ આપવામાં તમારી ભૂલ થઇ છે ! અસલ બોકસ કાઢી આપવાથી સર્વ ભુલ–સુધરી જશે. તમે આમ ગભરાઇ શા માટે ગયા છો ?"

મિ૦ ક્રસવીનું શરીર પવનથી હાલતાં પાંતરા માફક કંપી રહ્યું હતું તેણે તે બોકસની સામે જોતાં કહ્યું:–"નહીં હું ભૂલ્યો નથી. મેં તમને કર્ણફુલનુંજ બોકસ આપ્યું છે. અલંકારની ચોરી થઈ છે ! હે પ્રભુ ! તમે મારો આવો સર્વ નાશ શા માટે કર્યો ! હાય ! હું લૂંટાઈ ગયો !!"

સર્વે ક્રસવીની વાત સાંભળી એક બીજાના મ્હોં સામે જોવા લાગ્યા. પણ ખરી હકીકત કોઇ સમજી શકયું નહોતું. મિ૦ બ્લેકે ઉત્તેજિત ભાવથી ક્રસવીની પાસે જઇને બોકસ હાથમાં લઇ તેને તપાસ્યું. તેણે જોયું તો

મખમલની નીચે સફેદ કાગળનો ટૂકડો તેને જણાયો. તેને બહાર કાઢયો તો તેમાં રબ્બરના અક્ષરોમાં છાપેલું હતું કેઃ–

"ધન્યવાદ સાથે લીધાં—..................................બેટ."

એ વાંચી મિ૦ બ્લેકનું માથું ફરવા લાગ્યું. ક્ષણભરને માટે તેની વિચારશક્તિ ગુમ થઇ ગઇ! આવી રીતનો અલૌકિક બનાવ તેણે પોતાનાં આખા જીવનમાં કદી પણ સાંભળ્યો ન હોતો. તે સમજી ગયો કે "કર્ણફુલ" ચોરાઈ ગયા. અને તે બેટેજ ચોર્યાં છે કારણકે તેની સાબીતી પણ મોજુદ છે. પણ તે તેણે કેવી રીતે ચોર્યાં એજ સમજવુંજ મુશ્કેલ હતું!

એક કલાક પહેલાં એજ બોકસમાં તે હીરા–અલંકારને બ્લેકે પોતાની નરી આંખોએ જોયાં હતાં. કુસવીએ તે બતાવી બીજા કોઇના હાથમાં ન આવતાં સર હીલારીનાજ હાથમાં આપી, પછી બોકસ ત્રીજોરીમાં મૂકયું હતું. સર હીલારીએ સર્વની સમક્ષ તે બોકસ ખોલ્યું હતું અને બોકસમાં કર્ણફુલ નહોતાં એ જાદુ અથવા મંત્રપ્રયોગ નહીં તો બીજું શું?

એ સર્વ બાબતોનો મિ૦ બ્લેક વિચાર કરતો હતો એટલામાં બોક્સમાંનો બેટનો પત્ર વાંચી કુટ્સ એકદમ ચોંકી ઉઠયો અને બરાડ મારીને બોલ્યોઃ–"ચોરી! ચોરી!! અલંકાર ચોરાઈ ગયો છે. ચોર બેટ છે!!!"

ઇન્સ્પેકટરની બરાડ સાંભળીને મિ૦ બ્લેક જાણે ઉંઘમાંથી જાગ્રત થતો હોય તેમ તેણે સત્તાસૂચક સ્વરે કહ્યું: "હમણાંને હમણાં સર્વ બારણાં બન્ધ કરો. કોઈ બહાર જઈ શકે નહીં. નૂરજહાં બેગમનાં સુપ્રસિદ્ધ "કર્ણફુલ" હયાંથીજ ચોરાયાં છે. ચોર હજી છટકી ગયો નથી તેને પકડવો જોઇએ."

મિ૦ બ્લેકનું કહેવું સાંભળી પહેરેગીરો ઓરડાનાં બારણાં બંધ કરી દ્વાર સાથે પોતાની પીઠ લગાડી પથરનાં પૂતળાં પ્રમાણે ઉભા રહ્યા. ત્યાંના બન્ને ડીટેકટીવો પણ પહેરેગીરોની આજુબાજુ આવીને ઉભા. તે ઓરડામાંથી હવે કોઇ પણ બહાર નીકળે એ અસંભવિત હતું.

ઓરડા દ્વાર બન્ધ થતાંજ સર્વેને ખાત્રી થઈ કે જવાહીરની ચોરી થઇ છે. સર્વે પોતપોતાનો અભિપ્રાય આપવા લાગ્યા. કોઇએ કહ્યું: આવા બન્દોબસ્તમાંથી અલંકાર ચોરાઇ જવા એ અસંભવિત છે." કોઇએ કહ્યું: "એવો કોણ છે કે આટલા માણસોની સમક્ષ ચોરી કરે?"

સર હીલારીને અત્યાર સુધી ખાત્રી નહોતી કે "કર્ણફુલ" ચોરાઈજ ગયાં છે. મૂળ વાત શું છે તે ન સમજવાથી તે મિ૦ બ્લેકનાં મુખ સામે આતુર દ્રષ્ટિએ જોવા લાગ્યો. મિ૦ ફ્રસવી હજી સુધી શુદ્ધિમાં આવ્યો નહોતો. સન્નિપાતના રોગી જેવી તેની અવસ્થા હતી. તેની આંખો સામે અંધારૂં છવાઇ રહ્યું હતું. શુધ્ધિ પર આવતાંજ તેણે કહ્યું: "મિ૦ બ્લેક! મારાં આભૂષણો ચોરાઇજ ગયાં! હાય! હાય મારે તો દેવાળુ કાઢવું પડશે."

સર હીલારીએ કહ્યું: ખરેખર કર્ણફુલો ચોરાઇ ગયાં છે?"

મિ૦ બ્લેકે કહ્યું: "હા; ચોરાઇ ગયાં એ વાત નિર્વિવાદ છે. તેમજ એ ચો-રના જેવો ધૂર્ત અને અદ્‌ભુત યુક્તિબાજ ચોર આખી દુનિયામાં બીજો ન હાય. જે ન બની શકે તે તેણે બનાવ્યું છે. નહીં તો આપણી સર્વની આંખોમાં ધૂળ નાખી તે "કર્ણફુલ" શી રીતે ચોરી શકે? વળી આ ચોરી એ કરવાનો છે! એવી ખબર ગઈ કાલે મને ટેલીફોનથી તેણે આપી હતી. હું તેને પકડવાજ અહીં આવ્યો હતો. પણ મારી તે સર્વ મહેનત વ્યર્થ ગઇ"!

સર હીલારીએ કહ્યું:—"ઓહ! તે એવો ભયંકર ચોર છો મિ૦ બ્લેક! એ અલંકાર ગમે ત્યાં હો તમારે તે શોધવાજ પડશે. મારે તેની ખાસ જરૂર છે. એને માટે હું ગરીબ થઇ જાઉં તો પણ કાંઇ હરકત નહીં. જે માણસ એ કર્ણફુલ લાવીને મને આપશે તેને એક હજાર પાઉન્ડનું ઇનામ આપીશ."

મિ૦ ફ્રસવીએ રૂંધાયલા સ્વરે કહ્યું:—"હું પણ તેને એક હજાર પાઉન્ડ આપીશ એનો પત્તો અવશ્ય લાગવો જોઇએ. નહીં તો મારે મરવુંજ પડશે. પણ મિ૦ બ્લેક! એ ચોરને પકડશે કોણ? આખા યૂરોપમાં સર્વોત્તમ

ડીટેકટીવ તો તમેજ છો. હું તમને વિનતિ કરૂં છું કે એ કામનો ભાર તમારે લેવો. બીજાથી એ કામ બની શકવાનું નથી. મિ૦ ફ્રુટ્સ તમે પણ સ્કોટલાંડ યાર્ડના ડીટેકટીવોમાં અગ્રગણ્ય છો તેથી તમે પણ જરૂર મિ૦ બ્લેકને મદદ કરશો. એનાથી તમારૂં ગૌરવ વધશે. એનો પત્તો તમે લગાડશો તો હું તમો દરેકને એક એક હજાર પાઉન્ડ ઇનામ આપીશ."

મિ૦ બ્લેકે કોઇ પણ પ્રકારનો અભિપ્રાય આપ્યો નહીં. તે ચૂપચૂપ ખાલી બોકસ તરફ એકી નજરે જોતો જડ જેવો ઉભોજ રહ્યો કેટલીકવાર ચિન્તામાં ગોથા ખાધા પછી એક નિશ્વાસ મૂકી તે બોલ્યો:-"હું એ ચોરને શોધી કાઢીશ! પરન્તુ તમારે એમ ન સમજવું કે તમારાં ઇનામને માટે હું આ કાર્ય કરવા તત્પર થયો છું. મારે તમારૂં ઇનામ જોઇતું નથી. જે ચોરે મારી આંખોમાં ધૂળ નાખી ચોરી કરી છે તેને હું પકડીશ તો તેજ મારૂં ઇનામ છે. વધારે શું કહું? જો કોઇ મને એનો પત્તો મેળવી આપે તો હું પોતે તેને એક હજાર પાઉન્ડ ઇનામ આપવાની પ્રતિજ્ઞા કરૂં છું."

મિ૦ બ્લેકની વાત સાંભળીને, સર હીલારી વેજ પ્રશંસાપૂર્ણ દ્રષ્ટિથી તેનાં મ્હોં તરફ જોઇને બોલ્યો:-"મિ૦ બ્લેક! તમારી વાત સાંભળી મને બહુ સંતોષ થયો છે. હું સમજી ગયો છું કે ચોરને પકડવાની તમારી પણ પ્રબળ ઇચ્છા છે. તમારા કરેલા પ્રયત્નો જો સફળ ન થશે, તો અમે સમજીશું કે અમારૂંજ કમનસિબ છે.

મિ૦ બ્લેકની વાત સાંભળી ઇન્સ્પેકટર ફ્રુટ્સે (મનમાંજ) કહ્યું-"કોણ જાણે કેટલીયે નામોશી મિ૦ બ્લેકના નસીબમાં લખેલી હશે. જે વસ્તુ સર્વના દેખતાં ચોરાઇ ગઇ તેનો પત્તોએ શી રીતે લાગશે?"

સ્મિથ કાંઇ પણ બોલ્યો નહીં. મિ૦ બ્લેકની શકિતપર તેને અગાધ વિશ્વાસ હતો. તોપણ બ્લેકની પ્રતિજ્ઞાથી તેને શાન્તિ ન થઇ. કારણ કે તે જાણતો હતો કે બેટના જેવા શકિતશાળી ચોર સાથે આ હરિફાઇ છે;

વધુ ખાત્રી કરવા કુટ્સે એકવાર ફરીને " મિ૦ ક્રુસવીને કહ્યું ! તમે નકામા દિલગીર થઇ ગયા છો. " કર્ણપુલ " ત્રીજોરીમાંજ હશે, આટલાં માણસોની સામે ચોરી થાય એ ન બનવાજોગ છે. તમે એકવાર શોધી જુઓ."

મિ૦ ક્રુસવીએ નિરાશાથી કહ્યું:–"નહીં ભાઇ નહીં, તે ત્રીજોરીમાં નથી આ મખમલનું બોક્સજ એ કર્ણપુલ રાખવાનું સ્થાન છે.

મિ૦ બ્લેકે કહ્યું:–" કુટ્સ ! મિ૦ ક્રુસવીની વાત ખરી છે. જવાહીર ચોરાઇજ ગયાં છે. કારણ કે ચોરીની સાબીતી ચોર બોકસમાંજ મૂકી ગયો છે. તે શું તમે ભૂલી ગયા ? "

ઇન્સ્પેકટર કુટ્સે કહ્યું:–" ચોરી થઇ એ ખરૂં, પણ ચોરીનો માલ હજી અહીંજ હશે કારણકે હજુ એક પણ માણસ ઘરની બહાર ગયું નથી. માટે બેટ અહીંજ હોવો જોઇએ. પરન્તુ આ સર્વમાં કોણ બેટ છે એ જાણવું મુસ્કેલ છે. આ સંજોગોમાં સર્વની જડતી લેવી જોઇએ. "

મિ૦ ક્રુસવી ત્યાં ઉભેલા સર્વ માણસો તરફ નજર ફેરવી કુટ્સનાં કહેવાનો સ્વીકાર કરવા માટે જરા નારાજ થયો. કારણ કે સર્વ માણસો ધનવાન અને આબરૂદાર હતા. છતાં તે અમૂલ્ય કર્ણપુલોની આશાનો ત્યાગ કરવો એ પણ મુસ્કેલ હતું. હવે શું કરવું જોઇએ એ તે ચોક્કસ ન કરી શકવાથી તે ચૂપજ બેસી રહ્યો.

તેને ચૂપ જોઇને મિ૦ બ્લેકે કહ્યું:–"આ બાબતમાં વિચાર કરવાનું કામ નથી. દરેકનાં કપડાંની જડતી લેવી પડશે: જે નિરાપરાધી છે તેને એમાં શરમાવાનું કાંઈ કારણ નથી; છતાં એ પણ નક્કીજ છે કે:–જડતી લેવાથી કાંઇ પણ ફળ મળવાનું નથી ! સારૂં પરિણામ શા માટે આવવાનું નથી તે અમે કહી શકતા નથી. પણ એવી ખાત્રી છે કે હવે આ મકાનમાં કર્ણપુલ નથી. બેટ તેને લઇને નિર્વિઘ્ને નાશી ગયો છે.

સ્મિથ બ્લેકની વાત સમજી જઇને મનમાંજ બબડવા લાગ્યો:–નાશી શી રીતે ગયો હશે ! તે કાંઇ મારા ધ્યાનમાં આવતું નથી. " બ્લેક આ

વખતે વિકટ ગુંચવાડામાં પડી ગયો હતો, તેની અવસ્થા જોઇને ઇન્સ્પેક્ટર ફ્રુટ્સ મનમાં હસતો હતો.

ત્યાર બાદ ઇન્સ્પેક્ટરે મૂચ્છપર હાથ ફેરવતાં કહ્યું:-"ગૃહસ્થો! તમારામાંના બધા મને ઓળખે છે કે નહીં તે હું નથી જાણતો હું સ્કોટલાંડ યાર્ડના ડીટેકટીવ વિભાગનો ઇન્સ્પેક્ટર ફ્રુટ્સ છું. પોલીસ ઓફિસર તરીકે હું તમો સર્વેને જણાવું છું કે આ ઓરડામાંથી મિ૦ ક્રુસવીનાં કર્ણફુલ ચોરાઇ ગયાં છે. ચોર આટલામાંજ છે? તમારામાં કોઇ છે કે નહીં તે હું નક્કી કહી શકતો નથી, તેથી દરેકની કપડાંની જડતી લેવાની જરૂર છે. આશા છે કે એને માટે કોઈ પણ વાંધો ઉઠાવશે નહીં. તમે સર્વ જાણતાજ હશો કે એક લાખ દશ હજાર પાઉન્ડની કિમ્મતનું જવાહીર ચોરાઇ જવાથી તેની શોધ માટે સર્વ પ્રકારના ઉપાયો કરવા પડે છે."

ઇન્સ્પેક્ટર ફ્રુટ્સનું કહેવું સાંભળીને પોતાનું અપમાન સમજી જડતી લેવા માટે વાંધો ઉઠાવતાં સુપ્રસિદ્ધ ઝવેરી મિ૦ સેમ્યુઅલે કહ્યું. મને કોઇ પણ ચોર સમજી સન્દેહ કરશો નહીં. પણ આ પ્રમાણે જડતી લેવી એ અત્યંત અપમાન સૂચક છે. હુ એ કર્ણફુલને અડકયો પણ નથી એ હકીકત મિ૦ ક્રુસવી સારી રીતે જાણે છે! કેમ મિ૦ ક્રાફર્ડ તમારો શો મત છે?"

મિ૦ ક્રાફર્ડે કહ્યું:-"લીલામ જોવા આવી આટલો વખત ગુમાવ્યો અને જતી વખતે ચોરીનો ચાંલ્લો કપાળે લગાડી જવું એ પણ એક પ્રકારની વિચિત્રતા નહીં તો બીજું શું? અહીંઆ આવવામાં હવે શોભા રહી નથી."

મિ૦ ક્રાફર્ડનાં કથનનું ખંડન કરતાં બ્લેકે કહ્યું:-"ઇન્સ્પેક્ટર ફ્રુટ્સનાં કહેવા પ્રમાણે જડતી લેવામાં અશાન્તિ-થવાનો સંભવ છે. મારૂં સર્વને નમ્ર નિવેદન છે કે જ્યારે એ જવાહીરને મિ૦ ક્રુસવીએ અને અમે નથી ચોર્યું તો તમારામાંથી પણ કોઇએ તે ચોર્યું નથી; તો પણ વ્હેમ ટાળવાને માટે આપણાં સર્વનાં વસ્ત્રોની તપાસ કરવામાં આવે તો તેમાં આપણને કોઇ

પણ પ્રકારનો વાંધો ન હોય ? જવાહીર ચોરાયું છે એમાં તો લેશ પણ શક નથી પણ એનો ચોરનાર કોણ છે ? એ જાણવું મુશ્કેલ છે ! તેથી તપાસ કરવી એ જરૂરતું છે. જેણે એ નથી ચોર્યાં તેને એમાં વાંધો હોઇ શકે નહીં. અમારી પણ તપાસ થશે અમે પણ અમારા ઉપરનો સન્દેહ દૂર કરાવીશું."

મિ૦ બ્લેકનું કહેવું સાંભળી મિ૦ સેમ્યુઅલે કહ્યું:-હા; મિ૦ બ્લેકની વાત ખરી છે. આપણે શા માટે નકામો આપણા ઉપર વ્હેમ રાખવા દઇએ ? અમારાં કપડાંની ભલે તપાસ થાય. એમ કહીને સેમ્યુઅલ બન્ને હાથ ઉંચા કરીને ઉભો રહ્યો. પછી તો કોઇને વાંધો રહ્યો નહીં. સર્વે મનમાં સમજ્યા કે જે માણસ વાંધો લેશે તેજ નક્કી ચોર ગણાશે.

ત્યાર પછી બે ડીટેકટીવોએ મિ૦ બ્લેકના ઇસારાથી સેમ્યુઅલનાં કપડાં તપાસવા માંડયાં. તેની ટોપીથી બૂટ સુધી જોયું પણ ચોરાયલાં કર્ણફુલ મળ્યાં નહીં !

આ પ્રમાણે દરેક માણુસનાં વસ્ત્રોની તપાસ થઇ પણ કાંઇ પણ પરિણામ આવ્યું નહીં. સર હીલારીએ પોતાનો કોટ બતાવ્યો અને બાકીનાં સર્વ વસ્ત્રો બતાવ્યાં પણ છતાં પરિણામ શુન્યજ આવ્યું. સર હીલારીએ પછી સ્મિતહાસ્ય કરતાં કહ્યું: "ખરેખરો ખેલ છે. વિચારવાની વાત તો એ છે કે, જે વસ્તુ પૈસા આપી મેં પોતે ખરીદી છે તે હુંજ ચોરૂં ? તેને માટેજ મારી પણ જડતી ! ઇન્સ્પેકટર ક્રુટ્સ તમે તો બેટ નથી !

ક્રુટ્સે કહ્યું: "ગભરાઓ નહીં મારાં વસ્ત્રોની પણ તપાસ થશે."

ત્યાર પછી મિ૦ બ્લેક, ક્રુટ્સ, કસવી, અને સ્મિથ વિગેરે સર્વનાં વસ્ત્રો તપાસાયાં પણ કાંઇ પણ લાભ થયો નહીં.

મિ૦ બ્લેકે કહ્યું: "મેં પહેલેથીજ કહ્યું'તું કે તપાસમાં કાંઇ પણ લાભ થવાનો નથી, કારણ કે બેટ તે ચોરીને ચાલ્યો ગયો છે, કર્ણફુલ તેની પાસે છે. હવે તેને પકડવા માટે શું કરવું જોઇએ ?"

ઇન્સ્પેક્ટર ક્રુટ્સ બોલી ઉઠયો: "કરવાનું શું ? મારું માથું કાપી લ્યો. આ વખતે જેટલી મારી માનહાનિ થઇ છે તેનાં કરતાં તો મારું શીર કપાઇ ગયું હોત તો મને એટલું દુઃખ થાત નહીં. હું પ્રથમથીજ જાણતો હતો કે આ જાદુગરીનું કામ છે. મેં એવા ઘણાં પુસ્તકોમાં વાંચ્યું છે કે 'હિંદુસ્થાનમાં જાદુગરો જે વસ્તુને અડકે કે તે ગુમ થઇ જાય છે. પરંતુ આ બેટ તેનો પણ ગુરૂ છે. કારણ કે એને તો ચોરવાની વસ્તુને અડકવાની પણ જરૂર પડતી નથી."

મિ૦ બ્લેકે હસીને કહ્યું:-" ક્રુટ્સ ! દિવાના ન બનો ! આ ચોરી છે ! જાદુ નથી ! આપણે એ ચોરની યુક્તિ સમજી શકતા નથી એટલી આપણી બુદ્ધિ ઓછી છે. અને તેથીજ તમે આ ચોરીને જાદુ સમજો છો."

મિ૦ ફ્રસવીએ કહ્યું:-" તમારી વાત સાંભળી મને એમ લાગે છે કે, તમે આ ચોરને પકડશો. ખરેખર શું તમે તેને શોધી કાઢી મારી આબરૂનું રક્ષણ કરશો !"

મિ૦ બ્લેકે કહ્યું:-" હા; આશા તો એવી છે; અને આશાજ મારો મૂળ મંત્ર છે. હું કદી પણ નિરાશ થતો નથી. મિ૦ ફ્રસવી ! હું તમને ખાત્રી આપું છું કે ચોરના મ્હોંમાંથી એ કર્ણફુલ કઢાવવાં એ માણસનુંજ કામ છે, એટલે તમારી ચોરાયલી વસ્તુ તમને જરૂર મળશે. પણ તમારાં કર્ણફુલ કયાં છે ? અને કોની પાસે છે ? તે હું અત્યારે જાણતો નથી; સર્વ અંધારામાં છે તો પણ હું તમને કહું છું કે તમે નિરાશ થશો નહીં."

મિ૦ ફ્રસવીએ ગજવામાંથી સર હીલારીનો ચેક કાઢી તેના હાથમાં પાછો આપતાં કહ્યું:-" સર હીલારી ! તમે તમારા ચેક પાછો લ્યો. તમને કર્ણફુલ મળ્યાં નથી એટલે તમે દિલગીર થયા હશો. જો અલંકાર તમને પહોંચ્યા પછી ગુમ થઇ જાત તો તમારો ચેક તમને પાછો મળી શકત નહીં. પણ તમને તે મળ્યાં પહેલાં ચોરાઇ જવાથી તમે નિર્દોષ છો !"

સર હીલારીએ કહ્યું:–" મારાં દુર્ભાગ્યથીજ એ કર્ણફુલ ચોરાઇ ગયાં છે અને તેથી મને ઘણું દુ:ખ થાય છે. બે લાખ પાઉન્ડ એની કિમ્મત આપવી પડત તો પણ હું તે લીધા સિવાય રહેત નહીં. ખેર, જે થવાનું હતું તે થયું. મિ૦ ક્રુસવી ! હું મારો ચેક પાછો લઇ લઉં છું. જ્યારે મિ૦ બ્લેક એ કર્ણફુલ શોધી કાઢશે અને મને મળશે ત્યારે હું એના પૈસા તમને આપી દઇશ. મારા પિતાને કેટલીયે વાર મિ૦ બ્લેકે મદદ કરેલી હોવાથી મને એમના કાર્ય ઉપર સમ્પૂર્ણ વિશ્વાસ છે."

મિ૦ ક્રુસવીએ કહ્યું:–"ઇશ્વર કરે ને મિ૦ બ્લેક આ કામમાં સફળતા મેળવે; હું ઘણા દિવસથી લીલામનો ધન્ધો કરૂં છું પણ અત્યાર સુધીમાં કોઇપણ વસ્તુ મારે ત્યાંથી ચોરાઇ નથી. આજની આ બાબતમાં મારો કાંઇ પણ દોષ નથી કારણકે મારી બેદરકારીથી આ કર્ણફુલ ચોરાયાં નથી."

મિ૦ બ્લેક બોલ્યો:–"મિ૦ ક્રુસવી ! તમે તદ્દન નિર્દોષ છો ! જે ચોરે તમારાં કર્ણફૂલ ચોર્યાં છે તેના જેવો ચાલાક ચોર આખા યુરોપમાં બીજો નથી. તેણે માત્ર તમારોજ સર્વનાશ કર્યો છે એમ નથી પણ તમારા જેવા ઘણા ગૃહસ્થોને નુકશાન પહોંચાડયું છે."

સર હીલારીએ કહ્યું:–"તમે શું કહ્યું ? જેનું નામ બેટ છે તે એકજ માણસે ઘણા લોકોને ત્યાં ચોરી કરી છે ? જો તમારી એ વાત સત્ય હોય તો તો તેના જેવો બીજો ચોર પૃથ્વી પર નથી અને તેને માટેજ મિ૦ બ્લેક–તેને પકડવોજ જોઇએ.

ત્યાર બાદ ઇન્સ્પેકટર કુટ્સે પોતાના સિપાઇઓને તે ઓરડાના દરવાજા ખોલવાનો ઇશારો કર્યો. દરવાજા ઉઘડતાંજ મિ૦ સેમ્યુઅલ, કાર્ડ વિગેરે સદ્‌ગૃહસ્થો ચાલ્યા ગયા. પાંચ મિનિટ પછી "ડેલી ઓડર્સ" નામના પત્રનો એક રિપોર્ટર આવ્યો અને તે આશ્ચર્યજનક ચોરીનો રીપોર્ટ લખીને ચાલ્યો ગયો. ધીમે ધીમે ઘણા પત્રોના રિપોર્ટરો આવ્યા તે પણ લખીને ચાલ્યા ગયા. કારણકે એવા સમાચારોથી પત્રની નકલો વધુ પ્રમાણમાં ખપતી.

મિ૦ બ્લેક, ઇન્સ્પેક્ટર ક્રુટ્સ અને સર હીલારી હજી સુધી લીલામ ખાનામાંથી ગયા નહોતા ત્યાં માણસો વધારે આવવા લાગ્યાં એટલે બ્લેકે કહ્યું. "સ્મિથ! હવે આપણે ઘેર જવું જોઇએ નકામો વખત ગુમાવવામાં કશો લાભ નથી મિ૦ ક્રુસવી ! આ ચોરીની બાબતમાં જો મને કાંઇ નવી ખબર મળશે તો હું તમને જણાવીશ. જ્યાં સુધી એ કર્ણફુલ મળશે નહીં ત્યાં હું શાન્ત થવાનો નથી. તમે વિશ્વાસ રાખજો. ચોરને જરૂર હું પકડીશ."

મિ૦ ક્રુસવીએ કહ્યું:–મિ૦ બ્લેક આ વિકટ સંકટમાંથી મને બચાવવો એ આપનાજ હાથમાં છે."

સર હિલારીની મોટર નીચે ઉભી રહી હતી. એના જેવી મોટર લંડન શહેરમાં બેચારજ હતી. કારણ કે તેની કિંમત ઓછામાં ઓછી ત્રીસ પાંત્રીસ હજાર રૂપીઆ હતી.

સર હીલારી, મિ૦ બ્લેક, ઇન્સ્પેક્ટર ક્રુટ્સ અને સ્મિથની સાથે મોટરની પાસે આવ્યો. તેનો સુવેશધારી મોટર ડ્રાઇવર ટોપી ઉતારીને અદબથી ઉભો થઇ ગયો. સર હીલારીએ પોતાને હાથે મોટરનું બારણું ઉઘાડીને મિ૦ બ્લેકને કહ્યું:–તમે મારી સાથે ચાલો; કાંઇક પીણું લઇને હું તમારી સાથે તમારે ઘેર આવીશ અને અદ્ભુત બેટની સર્વ કહાણી સાંભળીશ. તેને વિષે જે કાંઇ તમે કહ્યું છે તેનાથી મારી જિજ્ઞાસા પુષ્કળ વધી ગઇ છે."

સર હીલારીની વાત પૂરી થઇ ન થઇ એટલામાં સ્મિથ એકદમ ચોંકી ઉઠયો, તેને એમ કરતો જોઇને સર્વે એકદમ આશ્ચર્યમાં પડી ગયા અને તેને પૂછયું:–'કે શું છે?" પણ તેનો ઉત્તર ન આપતાં સ્મિથે મિ૦ બ્લેકની પીઠપર હાથ મુકયો કારણ કે તેની પીઠ પર એક નાનો સરખો કાર્ડ ટાંકણીથી લગાડેલો હતો સ્મિથે તે કાર્ડને ઉખેડી બ્લેકના હાથમાં આપતાં કહ્યું:– "સાહેબ જણાય છે કે કોઇએ તમારી મશ્કરી કરવા માટે આ કાર્ડ તમારા કોટ પર લગાડયો છે. જુઓને એમાં શું લખ્યું છે ?"

મી૦ બ્લેક કુતૂહલ વશ થઇ કાર્ડ હાથમાં લીધો તેમાં એકજ લીટી લખેલી હતી તે વાંચીને ભ્રમિતની માફક તે સ્મિથની સામે જોઇ રહ્યો. અને કાર્ડ તેના કાંપતા હાથમાંથી નીચે પડી ગયો.

સ્મિથે તે લઇને વાંચ્યો તેમાં લખેલું હતું કેઃ–

"કર્ણફુલ લઈ લીધાં; ઈન્સ્પેક્ટર કુટ્સને કહો કે તમારા ઘડીઆળમાં કેટલા વાગ્યા તે જુવો— "બ્રેટ."

મિ૦ બ્લેક ચારે તરફ જોયું તો ત્યાં, સ્મિથ, કુટ્સ અને સર હીલારી સિવાય કોઇ નહોતું! ત્યારે એ કાર્ડ કોણે તેની પીઠ પર લગાડ્યો, ? પહેલાં તો કોઇએ એ જોયો નહોતો. આ કેવું રહસ્ય ઇન્સ્પેક્ટર કુટ્સને બ્લેકે ઘડીઆળમાં જોવાનું કહયું.

કુટ્સે કહયું: "હું મારા ઘડીઆળણું જોઉં? તમારી પાસે ઘડીઆળ નથી! એટલું કહીને કુટ્સે જાકીટના ગજવામાંથી ઘડીઆળ કાઢવા અછોડો ખેંચ્યો. પરન્તુ અછોડા સાથે ઘડીઆળ ન આવતાં એક કાગળનો ટૂકડો ખેંચાઇ આવ્યો! તેણે આશ્ચર્ય સાથે જોયું તો તેની કિમતી ઘડીઆળ જાકીટના ગજવામાં નહોતી! તેનું માથું ફરવા લાગ્યું આંખો જાણે બંધ થઇ ગઇ! તે કાંઇ પણ બોલી શક્યો નહીં -મિ૦ બ્લેક તે કાગળને અછોડામાંથી કાઢીને જોયું તો તેવાજ અક્ષરોથી તેમાં છાપેલું હતું કે: "કુટ્સ? હવે જાઓ, આજેજ તમારી નોકરીનું રાજીનામું આપી દો.–બ્રેટ."

પ્રકરણ ૫મું. અદ્ભુત સાહસ.

ઇન્સ્પેકટર કુટ્સ ઘડીઆળ ગુમ થવાથી જ્ઞાન શૂન્ય થઇને ઉભો રહ્યો. લગભગ પાંચ મીનીટ પછી તે બોલ્યો: "હાય! મારૂ ઘડીઆળ કોણે ચોર્યું? અછોડો તો ગજવામાંજ છે પણ ઘડીઆળ કોણે લીધું? એ જરૂર બ્રેટનુંજ કારસ્થાન તે મિ૦ બ્લેક? એ પાપીએ તો મને ચોખ્ખો કરી નાંખ્યો. જરૂર મને એ ગાંડાની હોસ્પીટાલમાં મોકલશે."

મિ૦ બ્લેકે કહ્યું: "હા, એ બેટનું જ કામ છે; પરન્તુ જે વસ્તુ જતી રહી તેનો શોક કરવાથી શો ફાયદો ? તમે તો કહેતા હતા કે મારે એક દિવસ નોકરીનું રાજીનામું આપી દેવું પડશે, તે તો ન થયું પણ સોનાની ઘડીઆળ મફતમાં જતી રહી, હવે એમ ન થાય કે આ તમારા નાકપરનાં ચશ્મા ગુમ થઇ જાય. તમારાં નુકસાનથી મને ઘણું દુઃખ થાય છે'!"

ક્રુટ્સ ક્રોધથી રાતો થતો બોલ્યોઃ ચૂલામાં જાય તમારૂં દુઃખ! હમણાં જો એ બેટ મારા હાથમાં આવે તો એનું ભેજુંજ કાઢી નાખું." એટલું બોલીને તે ત્યાંથી ગુસ્સામાંજ ત્વરિત ગતિથી એક બાજુ ચાલ્યો ગયો.

ઇન્સ્પેકટરના ગયા પછી સર હીલારીએ કહ્યું:-મિ. બ્લેક ! ક્રુટ્સને પણ સાથેજ લેવાં હતાં પણ તે તો એકદમ ચાલ્યા ગયા. કિમતી ઘડીઆળ ચોરાઇ જવાથી તેમનું મન ખાટું થઇ ગયું છે. ખરેખર બેટ અસાધ્ય સાધક છે ! માણસનાં ખીસ્સામાંથી આ પ્રમાણે ઘડીઆળ ચોરાતાં મેં કદી પણ જોયાં નથી. બેટ એક અદ્દભુત ચોર છે એમાં તો શક નથી. આજ તમારી સાથે મેળાપ થવાથી હું ઘણોજ પ્રસન્ન થયો છું. પરંતુ એ સાંભળીને તમે અપ્રસન્ન થશો નહીં કે જો બેટની સાથે મારો મેળાપ થઇ જાત, તો હું વધારે પ્રસન્ન થાત. એવા ચાલાક ચોરને જોવાને માટે હું ઘણો આતુર છું.

મિ૦ બ્લેકે કહ્યું:-"તેને મળવાને હું પણ ઘણો આતુર છું. મને વિશ્વાસ છે કે મારી આશા જલ્દી પૂર્ણ થશે." ત્યાર બાદ સર હીલારી, મિ૦ બ્લેક અને સ્મિથને સાથે લઇ હોટલમાં ગયો. ત્યાં તેમણે પીણું પીધું ત્યાં મિ૦ બ્લેકે ઝાઝી વાતચીત કરી નહીં. મિ૦ બ્લેક ચિન્તાતુર હતો. કારણકે જે આશાથી લીલામખાનામાં તે ગયો હતો તે આશા સફળ થઇ નહોતી.

સ્મિથ પણ ચુપજ બેઠો હતો; પણ સર હીલારી તો ઉત્સાહપૂર્વક પોતાની આફ્રિકાની મુસાફરીનું વર્ણન સંભળાવી રહ્યો હતો.

હોટલમાંથી ફારગત થયા પછી સર હીલારી મિ૦ બ્લેક સાથે તેનાં

(બ્લેકનાં) બેકરસ્ટ્રીટ વાળાં ઘર તરફ ગયો. મિ૦ બ્લેકનો ઓરડો દેશ પરદેશની ઘણી સુન્દર વસ્તુઓથી શણગારેલો હતો. તે સર્વ વસ્તુઓને જોઇને **સર હીલારી** ઘણો પ્રસન્ન થયો. દીવાનખાનામાં બેઠા પછી કોઇ સીગારથી મિ. બ્લેકે **સર હીલારી**ની અતિથિ સેવા બજાવી. પછી **સર હીલારી**એ કહ્યું: "મિ૦ બ્લેક ! હું **બેટ** વિષે વધારે જાણતો નથી. તમે તેને વિષે જે જાણતા હો તે કહો; હું તે સાંભળવાને ઘણો આતુર થઇ રહ્યો છું."

મિ૦ બ્લેકે કહ્યું:–"હું પણ તમારી માફક **બેટ** વિષે વિશેષ જાણતો નથી, હું માત્ર એટલુંજ જાણું છું કે તે એક **ચાલાક ચોર** છે; અને જો તે જલ્દી પકડાશે નહીં તો એના અત્યાચારથી કુટ્સ ગાંડો થઇ ગયો છે અને મને પણ તે હેરાન હેરાન કરશે. જ્યાં સુધી હું એને પકડીશ નહીં ત્યાં સુધી નિશ્ચિંતતાથી સૂઇ શકીશ નહીં, અને ત્યાં સુધી બીજું કોઇપણ કામ હું હાથમાં પણ પકડીશ નહીં."

બ્લેકની વાત સાંભળીને **સ્મિથે** કહ્યું:–"ત્યારે તો તે હવે વધુ વખત સ્વતંત્ર રહી શકશે નહીં. જલદીથી તેને જેલમાં જવું પડશે."

સર હીલારીએ કાતર દ્રષ્ટિએ **સ્મિથ**ના સામે જોઇને કહ્યું:–"તમારી આ વાત સાંભળીને **બેટ** જરૂર સાવચેત થઈ જશે."

ત્યાર૦ બાદ મિ૦ બ્લેકે ટુંકાણમાં **બેટ**ની કથા **સર હીલારી**ને કહી સંભળાવી. આખરે **સ્કોટલાંડ યાર્ડ**ના ટેલીફોનથી બ્લેકની સાથે **બેટે** વાત કરી હતી તે સાંભળીને **સર હીલારી**એ સ્મિતહાસ્ય કર્યું. છેવટે **બ્લેકે** કહ્યું. "સો દિવસ ચોરના તો એક દિવસ શાહુકારનો. જરૂર તે પકડાશે હું તેને પકડયા વિના રહેવાનો નથી."

સર હીલારીએ કહ્યું:–"પ્રભુ તમારી આશા પૂર્ણ કરે! હું એ ચોરાયલો અલંકાર મેળવવાને અત્યંત આતુર થઇ રહ્યો છું. મિ૦ બ્લેક ! એ પાપી ચોરને પકડવામાં જો મારી મદદની જરૂર હોય તો ઘણી ખુશીથી

હું તમોને મદદ કરવા તૈયાર છું. મને ખાત્રી છે કે એ કામમાં મને આનંદ મળશે. મારી પાસે પુષ્કળ વખત છે એટલા માટે ચોરનો પત્તો લાગે તો મને ટેલીફોનથી ખબર આપજો હું તમારી પાસે આવીશ."

મિ૦ બ્લેકે કહ્યું:–"હું હમ્મેશ ઘેર રહેતો નથી એટલે તમને ખબર આપવામાં જરા પણ ઢીલ થાય. તમારાં કર્ણફુલ તમને કયારે મળશે તે પણ હું કહી શકતો નથી. છતાં એજ કામ પર હું મંડયો રહીશ."

ત્યાર પછી સર હીલારીએ ત્યાંથી રજા લીધી. મિ૦ બ્લેકની પાસે ઘણું કામ હતું પણ તે સર્વ પડતું મૂકી બેટને પ્રથમ પકડવો એ નિશ્ચય કર્યો. તેને બીજે દિવસે ઘણાં માણસો મિ૦ બ્લેકને મળવા આવ્યા, પણ તે કોઇને મળ્યો નહીં. તેમાં મોટા મોટા માણસો હતા પણ તે સર્વને નિરાશ મને પાછા જવું પડયું. બ્લેક આખો દહાડો કયાંય ગયો નહીં; માત્ર ચિન્તાતુર ચિત્તે ધુમ્રપાન કરવામાંજ દિવસ વીતાડયો. આખા દિવસમાં કોઇપણ સિદ્ધાંત તે નક્કી કરી શકયો નહીં. રાત્રે બે પ્રહર રાત્રિ વીતી જવા પછી તેને કાંઇક નિદ્રા આવવા લાગી ત્યારે તે ખુરશી ઉપરથી ઉઠી 'કાલે શું કરીશું?' એ વિચાર કરતો શય્યાપર જઇને પડયો. સુતાંની સાથેજ તે નિંદ્રાવશ થયો!

મિ૦ બ્લેક કેટલો વખત સુધી નિદ્રાવશ રહ્યો તે તેને માલુમ પડયું નહીં. પણ ગંભીર રાત્રિમાં અચાનક તે જાગી ઉઠયો. તેણે આંખો ઉઘાડી જોયું તો ચારે બાજુ અંધકાર પ્રસરેલો હતો. તેને એમ લાગ્યું કે કોઇના શબ્દથી મારી નિદ્રાનો ભંગ થયો છે. તેને એમ પણ લાગ્યું કે મારા ઓરડામાં કોઇ ગુપચુપ ફરી રહ્યું છે. બ્લેકે પોતાના બિછાના નીચેથી ભરેલી પીસ્તોલ કાઢવાને હાથ લંબાવ્યો ત્યારે તેને જણાયું કે કોઇનો ગરમ શ્વાસોચ્છ્વાસ પોતાના મુખપર આવી રહ્યો છે. એક ક્ષણમાં તેનાં માથાને કોઇ અડક્યું અને તત્કાળ તેનું માથું ફરવા લાગ્યું. જરાવારમાં તો તે બેશુદ્ધ બની ગયો!

થોડીક મિનિટ પછી પાછો બ્લેક શુદ્ધિમાં આવ્યો. આંખો ઉઘાડી

પણ ઉજ્વળ પ્રકાશના કિરણો અસહ્ય લાગવાથી અનિચ્છા હોવા છતાં પણ તેને આંખો બન્ધ કરવી પડી.

બ્લેક વિચાર કરવા લાગ્યોઃ-" આ શું છે ? હું સુતી વખતે તો બત્તી બુઝાવીને સુતો હતો. જાગૃત થયો ત્યારે પણ મેં જોયું હતું તો ઓરડો અન્ધકારથી પરિપૂર્ણ હતો. તો પછી આ પ્રકાશ શાનો ! " તેણે ઉઠવાનો પ્રયત્ન કર્યો પણ હાથ કે પગ તેનાથી હલાવી શકાયો નહીં ! તેનું કારણ જાણવાને તેણે પ્રયત્ન કર્યો તો જણાયું કે તેના બન્ને હાથ પગ દોરી વડે પલંગના પાયા સાથે બાંધેલા છે ! ડોકું ફેરવીને જોયું તો પાસેજ ખુરસી ઉપર એક માણસ બેઠેલો તેને જણાયો. તેનું શરીર લાંબુ પહોળું અને અંગ પ્રત્યંગ પણ બ્લેકનાં જેવાંજ હતાં. તેનાં કપડાં ખાખી રંગના, અને પગમાં પેટન્ટ ચામડાંના બુટ હતાં. તેના જમણા હાથમાં એક પીસ્તોલ હતી અને તે તેણે બ્લેકની છાતી સામે ધરી રાખી હતી.

મિ૦ બ્લેકે તેની સામે જોયું પણ તે તેને ઓળખી શક્યો નહીં કારણ કે આવનારનું મ્હોં એક ખાખી રંગના નકાબથી ઢાંકેલું હતું. તેની બનાવટમાં પણ નવીનતા હતી. તે તેની ટોપીનોજ એક ભાગ હતો. માથા પરનો ટોપ બ્રિટિશ સૈનિકોના ટોપ જેવો હતો. નકાબમાં બે આંખો સિવાય નાકની સામે કેટલાંક છિદ્રો હતા તેથી તે સરળતાથી વાતચીત કરી શકતો હતો. મ્હોંની સામે એક નાની સરખી ફાટ હતી; એ સિવાયતે નકાબથી તેનું ગળું પણ ઢંકાયલું હતું. મિ૦ બ્લેકે નકાબનાં છિદ્રોમાંથી આગન્તુકનાં બે ચમકતાં નેત્રો જોયાં તેની પ્રખર અને અને અંતર ભેદી દ્રષ્ટિ જોઇને તે સમજી ગયો એ માણસ અસાધારણ બુદ્ધિવાન અને ધૂર્ત છે. મિ૦ બ્લેકે આગન્તુકની સામે કેટલીક વાર સુધી જોયા કીધું પણ હાથ પગ બાંધેલા હોવાથી તે ઉઠી શક્યો નહીં. માત્ર માથું હલાવવાની અને વાત કરવાની તેનામાં શક્તિ હતી. કેટલોક સમય આવનારના હાથમાંની પીસ્તોલ તરફ જોઇ કોમળ સ્વરે તેણે કહ્યું: "પ્રણામ ! સવાર થયુ હોય એમ જણાય છે ?"

આવનારે ધીમે સ્વરે કહ્યું: "નહીં, હજુ રાતના બે વાગ્યા છે. આ વખત ગૃહસ્થ માણસને મળવા માટે યોગ્ય નથી." આવનારનો કંઠ સ્વર મીઠો અને ભાષા નરમ હતી. શિક્ષીત અને સભ્ય પુરૂષ સિવાય બીજું કોઇ એની માફક વાતચીત કરી શકે નહીં.

મિ૦ બ્લેકનાં આશ્ચર્યની સીમા રહી નહીં. તેણે કહ્યું:—"આવી વાતોથી શો લાભ ? હવે કૃપા કરીને જણાવો કે આવા કવખતે કયા કારણસર આપે મને દર્શન આપી કૃતાર્થ કર્યો છે ?"

આવનારે કહ્યું:–"હું કદી પણ મારી ઇચ્છા વિરૂદ્ધ કામ કરતો નથી. પણ કોઇએ મળવાનું કહ્યું હોય તો તેને અવશ્ય મળુ છું.

મિ૦ બ્લેકે પ્રથમની માફક કોમળ સ્વરે કહ્યું:–"મારી વાત સાંભળીને તમે અસંતુષ્ટ થશો નહીં. મારી સ્મરણ શકિત ઘણી તીવ્ર છે એવો મને વિશ્વાસ છે; પરન્તુ આ વખતે મારો વિશ્વાસ શિથિલ થયો હોય એમ જણાય છે. મેં કોઇ અપરિચિત વ્યકિતને આજે મળવાનું કહ્યું હોય એવું મને યાદ નથી. જે લોકોને મારે મળવાનું હોય છે, તેનું નામ અને મળવાનો સમય હું મારી નોટ બુકમાં નોંધી લઉં છું. ટેબલ ઉપર મારી નોટ બુક પડી છે તમને કોઇ પ્રકારનો વાંધો ન હોય તો તે ખોલીને—"

મિ૦ બ્લેક વાકય પૂરૂં કરે તે પહેલાંજ આગન્તુક ટેબલ ઉપરથી લાલ ચામડાએ મઢેલી એક સુન્દર નાની સરખી નોટ બુક લઇ તેનાં પાનાં ઉલટાવવા લાગ્યો. ત્યાર પછી તે બોલી ઉઠયો:—"મિ૦ બ્લેક! આજે છઠ્ઠી આકટોબર છે. આજે તમે કાંઇક અસ્વસ્થ છો; કારણ કે જે લોકો આજે અહીં આવીને તમને મળવાના છે તેમાં મારૂં નામ દેખાતું નથી."

વિજળીના ચમકારાની માફક તેને એક વાત યાદ આવી ગઇ તેણે ક્રોધિત સ્વરે પુછ્યું:–"પણ તમે છો કોણ ?"

ઉત્તર મળ્યો:–" બ્લેક."

પ્રકરણ છઠું. બ્લેક બંદીવાન !

આવનાર ચોરોનો ગુરૂ બેટ છે એ તેનાજ મુખથી સાંભળી મિ૦ બ્લેકનું માથું ફરવા લાગ્યું અને હૃદય જોરથી ધડકવા લાગ્યું. "શું આ બેટ છે ? જે બેટે ઇન્સ્પેકટર કુટ્સને દિવાનો બનાવી દીધો છે, જે બેટે ડગલે ને પગલે મને મુશીબતમાં ઉતારી દીધો છે; જેને પકડવાને માટે મેં નિદ્રા અને આહાર તજ્યાં છે. તે અદ્દભુત પ્રકૃતિનો બેટ મારી પાસે બેઠો છે !" એમ બ્લેક વિચાર કરવા લાગ્યો. તેને પોતાનાં નેત્રો અને કાનોનો વિશ્વાસ આવ્યો નહીં. "શું આ જાદુ છે ? નહીં જાદુ નથી પ્રત્યક્ષ સત્ય છે." એમ પાછું વિચારી આગન્તુકની સામે જોઈ રહ્યો. થોડી ક્ષણ પછી તેનાં મનની ચંચળતા દૂર થઇ ગઇ. તેણે ધીર ભાવથી આવનારનાં અચંચળ નેત્રો પર નજર નાખી ધીમે ધીમે કહયું:-"સાહેબ ! તમારાં દર્શનથી મને ઘણો આનંદ થયો છે; પરન્તુ દુઃખ એ વાતનું છે કે તમારો સત્કાર કરવાને હું અસમર્થ છું. તમે એક ગૃહસ્થ માણસ આટલી તસ્દી લઇ મારે ઘેર આવ્યા છો; હું શું કરૂં ને શું રહેવા દઉં ! એમ મને થાય છે ! એકસીગાર તો પીઓ. સામે બોક્સમાં સીગાર મૂકેલી છે તે લ્યો; અને કૃપા કરીને તેમાંની એક સીગાર મને પણ આપશો તો હું આપનો અત્યંત ઉપકાર માનીશ."

આવનારે વગર ઉઠયે હાથ લાંબો કરીને સીગાર કેસ લઇ તેમાંથી એક સીગાર કાઢી કહયું. મિ૦ "બ્લેક ! મેં તમારા બન્ને હાથો કોઇ કારણને માટે બાંધ્યા છે, જેને માટે મને પણ દુઃખ થાય છે. તમારા જેવા પ્રસિદ્ધ અને બુદ્ધિમાન ડીટેક્ટીવ સાથે હરિફાઈ સ્વીકારવાથી વિશેષ સાવચેતીની જરૂર છે. હું એવો બેવકુફ નથી, કે આત્મરક્ષાની વ્યવસ્થા કર્યા વિનાજ તમારી સામે આવું. શું તમને એક સીગાર આપું ? તમારા બન્ને હાથો તો બાંધેલા છે તો પછી સીગાર શી રીતે પીશો ? વારૂ તમારી ધુમ્રપાનની સગવડને ખાતર તમારો એક હાથ છોડી નાંખું છું. છતાં કૃપા કરીને મારા ઉપર

હુમલો ન કરશો. મારી પાસે પણ ભરેલી પીસ્તોલ છે. સાવધાન ! મારી પીસ્તોલનો કોઇ પણ પ્રકારનો અવાજ થશે નહીં અને ગોળી કામ કરશે. તેમજ મારૂં નિશાન પણ નકામું જશે નહીં. તમે તો મારી પાસેજ સુતા છો એટલે મારૂં કામ પૂર્ણ કરવામાં જરા પણ વાર લાગશે નહીં. પણ મને આશા છે કે તમે નકામા મૃત્યુને આલિંગન કરવા તૈયાર થાઓ એવા બુદ્ધિહીન તો નથીજ. મેં તમને હમણાં જે કહ્યું તે તમારી અત્યારની સ્થિતિને અનુસરીને શિષ્ટાચારની વિરૂદ્ધ છે, પરન્તુ પોતાનું કાર્ય સાધવાને દરેક વખત સરળતાનો આશ્રય લેવો જોઇએ, આમ કહી તેણે મિ૦ બ્લેક પાસે જઇ તેનો જમણો હાથ છોડી નાંખી તેના હાથમાં એક સીગાર આપી અને દીવાસળી વડે તે સળગાવી આપી. પછી પોતાની સીગાર સળગાવી પીવા લાગ્યો.

મિ૦ બ્લેક છાનોમાનો ધુમ્રપાન કરવા લાગ્યો. તેને લાગ્યું કે તે (પોતે) સ્વપ્નમાંજ સીગાર પી રહ્યો છે. એટલું તેને સ્વપ્ન આવતાંજ તે નિદ્રાવશ થઇ ગયો હતો. સ્વપ્નું સાચું કે આ સાચું ? તેનો તે નિશ્ચય કરી શકયો નહીં;–મ્હોંમાંથી સીગાર કાઢી ધીમે ધીમે બેટે કહ્યું:–"મિ૦ બ્લેક ! મને અહીં જોઇને તમે અત્યંત વિસ્મિત થયા હશો પણ હું વાયદાનો સાચો છું તેની તમને પ્રથમથીજ ખાત્રી થઇ ચુકી છે, અને નહીં થઇ હોય તો આગળ થશે. હું જે કાંઈ કહીશ તે પ્રમાણે ભવિષ્યમાં જરૂર કરીશ. આપને યાદ તો હશેજ. ટેલીફોનની વાતચીતમાં મેં કહ્યું'તું કે હું તમારે ઘેર આવી તમને મળીશ તે વાયદો પૂર્ણ કરવા હું આવ્યો છું."

મિ૦ બ્લેકે કોમળ સ્વરે કહ્યું;–"તમારા મેળાપથી હું વિસ્મિત થયો છું, પણ અસંતુષ્ટ થયો નથી. તમે આટલી રાત્રે મારા ઘરમાં કેવી રીતે પેસી શકયા તે જાણવાને હું આતુર છું ?"

બેટે કહ્યું:–"તમારા ઘરનો મુખ્ય દરવાજો ઉઘાડી હું અન્દર આવ્યો છું. તમારા ઘરમાં જેટલાં તાળાં લગાડેલાં છે તે સર્વની નકલી ચાવીઓ મારી પાસે છે."

ત્યાર બાદ સીગાર મ્હોંમાં ઘાલી મિ૦ બ્લેક બીછાનાપર હાથ ફેરવવા લાગ્યો કારણ કે ત્યાં એક વિજળીની ઘંટડીનું બટન હતું. એ બટન દબાવવાથી નીચે જ્યાં સ્મિથ સુતો હતો ત્યાં ઘંટડી વાગતી હતી. બ્લેકે ધાર્યું કે બટન દાબવાથી ઘંટડી વાગશે એટલે સ્મિથ ઉપર આવી બેટને પકડી લેશે! પણ તેની એ આશા પૂર્ણ થઇ નહીં કારણકે ઘંટડી વાગીજ નહીં.

આ બાજુ મિ૦ બ્લેકનો જમણો હાથ ફરતો જોઇને બેટે કહ્યું:-"મિ૦ બ્લેક! હું તમારી મતલબ સમજી ગયો છું. પણ તમે તેમાં નિષ્ફળ નીવડયા છો કારણ કે હું જ્યારે અહીં આવ્યો ત્યારેજ ઘંટડીની વીજળીનો પ્રવાહ બંધ કરતો આવ્યો હતો."

મિ૦ બ્લેકે તેનો કશો પણ ઉત્તર ન આપતાં તત્કાળ બિછાના નીચેથી પોતાની પીસ્તોલ કાઢી બેટના પર ગોળી છોડવા તૈયાર થયો; પણ બેટ તેનાથી જરા પણ ડર્યો નહીં. તેણે સ્થિર બેઠાં બેઠાં કહ્યું:-"તમે મને મારવાનો નકામો પ્રયત્ન કરો છો. હું પ્રથમથીજ સર્વ તરફથી સાવચેત છું. તમારી પીસ્તોલમાં ગોળી કયાં છે? જૂઠું હોય તો ખાત્રી કરી જૂઓ!"

બેટની વાત સાંભળી બ્લેક પોતાના હોઠ કરડવા લાગ્યો. તેણે પીસ્તોલ ઉઘાડીને જોયું તો તેમાં ગોળી નહોતી. તેણે ઉત્તેજિત સ્વરે કહ્યું: "બેટ! તમે મારા આત્મ રક્ષણના સર્વ માર્ગો બન્ધ કરી દીધા છે, પણ તમે મારૂં ગળું બંધ કરી શકયા નથી હું હમણાં બુમો-પાડી ઘરમાંના સર્વ માણસોને જાગૃત કરી શકું છું."

બેટે ધીરેથી કહ્યું: "પણ મને એવો વિશ્વાસ છે કે તમે એવી બેવકુફી કદી પણ કરશો નહી, કારણ કે તેમાં પણ તમારૂં કાંઇ વળવાનું નથી"

મિ૦ બ્લેક લાચાર બનીને બેટની સામે જોઇ રહ્યો. થોડીવાર વિચાર કરીને તેણે કહ્યું:-"મિ૦ બેટ! મને ખાત્રી છે કે તમે મને બેશુદ્ધ બનાવીને મારા સર્વ રસ્તાઓ બંધ કર્યા છે. એવી કુશળતા માટે હું તમારી પ્રશંસા કર્યા વિના રહી શકતો નથી."

એ સાંભળીને બેટે ગજવામાંથી એક નાનું યંત્ર કાઢયું અને તે બ્લેકને બતાવતાં બોલ્યો:–"આમાં મનુષ્યનાં જ્ઞાનને લુપ્ત કરવાનો એક જાતનો મસાલો છે. એ કલોરોફોર્મથી દશગણું તીવ્ર છે. એની ગંધ લેતાંજ પાંચ સેકન્ડમાં બેશુદ્ધ થઇ જવાય છે, પરન્તુ એ કલોરોફોર્મ જેટલું ભયાનક નથી. એનો પ્રભાવ કમી થવાથી તમને કોઇ પ્રકારની મુશ્કેલી અનુભવવી પડશે નહી"

બેટની વાત સાંભળીને બ્લેક ચુપચૂપ તેને પગથી માથા સુધી નીહાળવા લાગ્યો. તેનો તેજ પૂર્ણ કંઠ સ્વર વારંવાર બ્લેકના કાનમાં ગુંજારવ કરવા લાગ્યો. તે સમજી ગયો કે બેટ વાતચીતમાં પોતાનો કંઠ સ્વર છૂપાવે છે. ત્યારે શું તે મારો કોઇ પરિચિત માણસ છે? નહીં ? ભવિષ્યમાં એનો કંઠ સ્વર હું ઓળખી ન જાઉં તેટલા માટે એ એમ કરે છે. તેના મનમાં એવો પણ વ્હેમ આવ્યો કે બેટને કોઇ જગ્યાએ મેં જોયો છે અને તેની સાથે વાતચીત પણ કરી છે. પણ કયાં જોયો છે તેનું તેને સ્મરણ નહોતું. તે જાણતો હતો કે:–ધૂર્તરાજ બેટ મારા ઘરમાં કોઇ પણ પ્રકારનું ચિન્હ મૂકી જવાનો નથી કે જેની મદદથી હું તેને સ્હેલાઇથી ઓળખી શકું. એમ વિચારી તેણે બેટના મુખ પર એક તીક્ષ્ણ દ્રષ્ટિ નાખી પણ સર્વ વ્યર્થ ! તેનું મુખ જેમનું તેમ નકાબથી ઢંકાયલુંજ હતું.

આ બાજુ બેટ પણ બ્લેકનાં મુખ સામે તીક્ષ્ણ દ્રષ્ટિથી જોઇ રહ્યો હતો. બ્લેકના મનના ભાવો સમજી તેણે કહયુ:–"મિ૦ બ્લેક ! તમે શું વિચાર કરો છો ? હું અભિમાન પૂર્વક કહું છું કે તમે કોઇ પણ પ્રયત્ને મને ઓળખી શકવાના નથી ! અને તેને માટે એક લાખ રૂપીઆની હું શરત મારૂં છું ! તો પણ તમારી સામે હું કબુલ કરૂં છું કે જે પ્રમાણે ગઇ કાલે લીલામખાનામાં હું તમારી પાસે હતો તેજ પ્રમાણે આજ પણ તમારી સમીપ છું. મારા કહેવાથી તમે લીલામખાનામાં ગયા તેથી હું ઘણોજ પ્રસન્ન થયો છું. મારા કહેવા પ્રમાણે મેં ત્યાં કરી બતાવ્યું. કુટ્સની ઘડી-

આળ ચોરાઇ જવાથી તે ગાંડા જેવો થઈ ગયો છે પણ તે ઘડીઆળ માત્ર ગમ્મતને ખાતરજ મેં ચોરી હતી. હું એવી તુચ્છ ચીજો પર નજર નાખતો નથી. મેં આજે તેની ઘડીઆળ તેને પાછી મોકલી આપી છે. પરન્તુ કર્ણ-ફુલને પાછાં મોકલવાનો નથી. એવી કિમતી વસ્તુ કોણ પાછી મોકલે ?"

એટલું કહીને બ્રેટ ગજવામાંથી એક મખમલનું બોકસ કાઢયું. જેમાં ક્રસવીનાં લીલામખાનામાંથી ચોરાઇ ગયેલાં કર્ણફુલ હતાં તે મિ૦ બ્લેકને બતાવ્યાં ! મિ૦ બ્લેકે તે પારખ્યાં એ તેજ કર્ણફુલ હતાં. ત્યાર પછી બ્રેટ બોલ્યો. "આ કર્ણફુલ ચોરના હાથમાંથી લેવા માટે ત્રણ હજાર પાઉન્ડનું ઇનામ જાહેર કરવામાં આવ્યું છે. પરન્તુ એનું મૂલ્ય જોતાં એ ઇનામ બહુ ઓછું છે. ઓછું હોય અગર વધારે પણ તમારે સમ્પૂર્ણ વિશ્વાસ રાખવો કે હજારો પ્રયત્નો કરવા છતાં કોઇ પણ વ્યક્તિ એ ઇનામ મેળવી શકશે નહીં. આ કર્ણફુલને તમે સારી રીતે જોઇ લ્યો કારણકે ફરી એનાં દર્શન થવાં મુસ્કેલ છે." ત્યાર પછી બ્રેટ તે કર્ણફુલનું બોકસ પાછું પોતાના ખીસ્સામાં મૂકી દીધું અને પોતાનાં રીસ્ટ વોચમાં જોઇને તેણે કહયું. "મિ૦ બ્લેક ! વખત ઘણો વીતી ગયો છે હું હવે જાઉં છું. તમારી નિદ્રામાં ખલેલ થઇ તેથી મારા ઉપર નારાજ થશો નહીં, કારણકે મને પકડવાની ચિંતામાં તમને ઘણી રાત્રિઓ વગર નિદ્રાએ ગુમાવવી પડશે તો આ એક વધારે !"

મિ૦ બ્લેકે કહયું:-તમને જેલમાં મોકલવા માટે કેટલીયે રાત્રિઓની ઉંઘ ગુમાવવા માટે હું તૈયાર છું. 'ડર્ટમૂર' અથવા 'પોર્ટલેન્ડ' ની જેલોમાં તમારા જેવા પ્રતિભાશાળી ચોરને માટે જીવનપર્યંત રહેવાનું યોગ્ય સ્થાન છે. મને ખાત્રી છે કે એક દિવસ અવશ્ય તમારે ત્યાં જવું પડશે."

બ્લેકની વાત સાંભળી બ્રેટ ધીમે ધીમે હસ્યો અને હસીને બોલ્યો. "તમારી એ આશા નકામી છે. તમને નિરાશ કરતાં મને દિલગીરી થાય છે પણ તમે ચોકસ માનજો કે તમારી આશાઓ પૂર્ણ થવી મુશ્કેલ છે. તમે

જો મને જેલમાં મોકલી શકતા હોત તો આ અર્ધી રાત્રે કાંઇ પણ ડર વિના તમારી પાસે હું આવી શકતજ નહીં. હું માનું છું કે ઇંગ્લંડના સર્વ ડીટેક્ટીવોમાં તમે સર્વોત્તમ છો, પણ મને જેલમાં મોકલવો એ તમારી શક્તિની બહાર છે. હવે હું વધુ કાંઈ પણ કહેવા ઇચ્છતો નથી; હું જાઉં છું પણ હું તમારી એક બીજી સીગાર લઉં છું કારણ કે તે બહુ ઉત્તમ છે."

બ્લેકે તુરતજ તેને સીગાર લેવાની રજા આપી. બેટે જવા તૈયાર થતાં કહ્યું. મિ૦ બ્લેક! તમે એક સારા માણસ છો! એક વાત હું તમને વધારે કહું છું. હું જાણું છું કે તમે તમારાં વચનથી વિરૂદ્ધ વર્તનારા નથી. અહીંથી હું જાઉં તે પહેલાં તમારૂં બંધન છોડી નાખું તો તમે એટલું કબુલ કરો કે પાંચ મિનિટ સુધી તમારે મારી પાછળ આવવું નહીં. બોલો તમને એ કબુલ છે? જ્યારે હું અહીં આવ્યો ત્યારે તમને જે પ્રમાણે બેશુદ્ધ કર્યા હતા તેજ પ્રમાણે તમારા હાથ પગ છોડી પાછા બેશુદ્ધ કર્યા વિના હું અહીંથી જઇ શકવાનો નહોતો પણ તેમ કરવાને મારો આત્મા ઇચ્છતો નથી. ઉપરની શરત તમે કબુલ રાખશો નહીં તો લાચારીએ મારે તેમજ કરવું પડશે. કારણકે આત્મરક્ષાનો પણ મારે ખ્યાલ રાખવો જોઇએ. કહો તમારી શી ઇચ્છા છે?"

બ્લેકે વિચાર કર્યો શું બેશુદ્ધ થાઉં? નહીં. એ પાંચ મિનિટમાં કેટલે દૂર જશે? તેણે કહ્યુંઃ "મિ૦ બેટ! હું તમારી શરત કબુલ રાખું છું! પાંચ મિનિટ પછી મારે ફાવે તે કરીશ તે પહેલાં નહીં."

બેટે કહ્યુંઃ "પાંચ-મિનિટ પછી તમારે ફાવે તે કરજો મને એમાં લેશ પણ વાંધો નથી. તો પણ મારો મત એવો છે કે તમે નકામું કષ્ટ વેઠશો નહીં. આખી રાત તમે જાગરણ કર્યું છે; બાકીની રાત ઠેર ઠેર ભટકવામાં વીતાડશો નહીં, એમ કરવાથી તમને કાંઈ પણ લાભ થવાનો નથી. ઠંડીનું જોર વિશેષ છે બહાર જવાથી તમે બીમાર થઈ જશો." એમ

કહી હાથમાંની પીસ્તોલ ગજવામાં મૂકી દીધી અને બ્લેકની શય્યા પાસે જઇને તેને બંધન મુકત કરી દીધો.

છૂટો થતાંજ મિ૦ બ્લેક એકદમ ઉત્તેજિત થઇ ઉઠયો. તેણે વિચાર્યું કેઃ–"આ વખતે હું સમ્પૂર્ણ સ્વતંત્ર છું. બેટ મારી પાસેજ ઉભો છે, આવો લાગ શું છોડી દઉં ? આ વખતે જો હું એના પર હુમલો કરૂં તો એ ગજવામાંથી પીસ્તોલ પણ કાઢી શકે નહીં. એનો નકાબ દૂર ફેંકી એને ઓળખી તો લઉશ કે એ કોણ છે ? કુસવીનાં કીમતી કર્ણપુલ પણ એની પાસેજ છે કે જેને મેળવવાને માટે મેં સર હીલારી અને કુસવીને વાયદો કર્યો છે. તે પણ સ્હેલાઇથી હાથમાં આવી શકે તેમ છે."

બેટ અત્યાર સુધી ઓરડામાંજ હતો. તેણે બ્લેકનાં મનનો ભાવ જાણી લીધો અને દરવાજા તરફ જતાં જતાં તે બોલ્યોઃ–"મિ૦ બ્લેક ! મને પકડવાનો લોભ તમારા મનમાં ઉત્પન્ન થયો છે; પણ તમારા જેવા સારા માણસને પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરવો એ શોભાસ્પદ નથી. મને આશા છે કે તમે તમારાં કહેવાથી વિરૂદ્ધ વર્તશો નહીં અને તે છતાં તમે તમારી શરત તોડશો તો પણ મને નુકશાન થાય તેમ નથી. પણ સાવધાન ! તમે મને અડકયા કે મોત તમારી સામે આવીને ઉભેલુંજ સમજવું. હું જાઉં છું ઘડીઆળ પાસેજ છે; વખત જોયા કરો ! પાંચ મિનિટ સુધી કશું પણ કરશો નહીં, પછીનો વખત તો તમારો છેજ. એ સિવાય ભવિષ્યમાં કાંઇ પણ કરીશ તો તમને ખબર આપીશ અને વખતે બીજી વાર તમને મળું પણ ખરો હવે રજા." એમ કહીને બેટ ગુપચૂપ અદ્રશ્ય થઈ ગયો અને મિ૦ બ્લેક તેના તરફ જોતોજ રહી ગયો !

પ્રકરણ સાતમું. બેટની બહાદૂરી.

બેટનાં ગયા પછી પાંચ મિનિટ પૂરી થયા બાદ મિ૦ બ્લેક એકદમ કપડાં પહેરી, ટોપી માથા પર મૂકી તૈયાર થઇ ગયો. તૈયાર થતાં તેને એક મિનિટ પણ થઈ નહીં. તે એકદમ સ્મિથને જગાડયા વિના દરવાજામાંથી બહાર નિકળ્યો. બહાર પુષ્કળ શરદી હતી. ઠંડી હવાથી તેનું શરીર કંપવા લાગ્યું. તે ત્યાંજ ઉભો રહી પૂર્વાકાશને જોવા લાગ્યો. બરાબર ત્રણ વાગ્યા હતા. પૂર્વાકાશ સાફ થવા માંડયું હતું. મિ૦ બ્લેકે વિચાર કર્યો હવે કઇ બાજુ જવું જોઇએ ? પાંચ મિનિટ પહેલાં જે ચોર નાશી ગયો છે તેને પકડવો એ કેટલું મુશ્કેલ છે એ વિચારે તે નિરાશ થતો ચાલ્યો. તેણે સડક પર જોયું તો કોઇ પણ તેને દેખાયું નહીં. "તે અત્યાર સુધીમાં એક માઇલ દૂર પહોંચી ગયો હશે; વખતે પાંચ હાથ છેટે પણ કોઇ જગ્યાએ છુપાઈ રહ્યો હોય ! એમ મનમાં તે વિચારતો હતો, એટલામાં એક મોટર પૂર જોશથી ચાલી આવતી તેની દૃષ્ટિએ પડી. આગળ વધી ડાબો હાથ હલાવી મોટરને ઉભી રાખવા તેણે ઇશારો કર્યો. મોટર ડ્રાઇવરે મોટર ઉભી રાખી. તેને મિ૦ બ્લેકે પૂછયું:—" તમે પાંચ છ મિનિટ પહેલાં રસ્તામાં કોઈ માણસને જતાં જોયો ? તે લાંબા કદનો છે અને તેણે ખાખી પોષાક પહેરેલો છે."

ડ્રાઇવરે કહ્યું:—" હા; લગભગ બે મિનિટ ઉપર એક માણસને એલ્ડ્યર રોડ તરફ જતાં જોયો હતો ખરો. તે બહુ ઉતાવળથી જતો હતો. મેં તેના પોષાકપર કાંઇ ધ્યાન–રાખ્યું નહોતું. પણ તેને મોટર ભાડે કરવાનું મેં કહ્યું હતું પણ તેણે નઃ કહી હતી. "

મોટર ડ્રાઇવરની વાત સાંભળી મિ૦ બ્લેક કાંઇક સાવચેત થયો. તેને ખાત્રી થઇ કે એ માણસ બેટજ હોવો જોઇએ. પકડાઇ જવાના ભયથી જ તેણે મોટર ભાડે કરવાની ના કહી. તેણે મોટર ડ્રાઇવરને કહ્યું:—" હું તેની ફિકરમાંજ અહીં ઉભો છું. મારૂં નામ રોબર્ટ બ્લેક છે. તે ઘણો

બદમાશ માણસ છે. હું તેને પકડવા માગું છું. એજ્યર રોડ તરફ મોટર હાંકો. જો તેને તમે પકડી અપાવશો અથવા તે કયાં ગયો તેનો પત્તો લગાડી આપશો તો હું તમને પાંચ પાઉન્ડ ઇનામ આપીશ."

મિ૦ બ્લેક બેઠો એટલે મોટર ચાલતી થઇ. બ્લેક મોટરની બન્ને બાજુથી સડક ઉપર જોયા કરતો હતો. એજ્યર રોડપર પહોંચતાંજ દૂરથી એક માણસને તેણે ઉભેલો જોયો. બ્લેકને આશા આવી કે કહો, ના કહો, પણ એ બેટજ છે. પરન્તુ મોટર તેની પાસે ગઇ એટલે જણાયું કે તે તો ત્યાંના પહેરાપરનો પોલીસ કોન્સ્ટેબલ હતો.

મોટર ડ્રાઇવરે કહ્યું: સાહેબ તમે જેની તપાસમાં છો તે હવે મળવો મુશ્કેલ છે. હવે અહીં બે રસ્તાઓ આવ્યા છે. કયે રસ્તે મોટર હાંકું ? તે કઇ બાજુ ગયો હશે તેનું તમે કાંઇ અનુમાન કરી શકો છો ?"

મિ૦ બ્લેકે ઉત્તર આપ્યો: "તમારી મરજી પડે તે રસ્તે મોટર હાંકો પહેલાં માર્બલ પાર્ક તરફ ચાલો, ત્યાર પછી મેડાવેલ તરફ લઇ જજો એ પ્રમાણે ફરતાં ફરતાં ગમે ત્યાં તે પકડાઇ જશે."

એ વખતે મિ૦ બ્લેક શરદીથી ધ્રુજી રહ્યો હતો; તેણે એક સીગાર સળગાવી. તે જાણતો હતો કે હવે બેટ પકડાવાનો નથી કારણ કે આંખમાં ધૂળ નાખીને નાશી ગયો છે. તો પણ સંભવ છે કે કદાચ તેનો પત્તો લાગી જાય એ આશાથી તેણે ડ્રાઇવરને મોટર ઝડપથી હાંકવા ફરમાવ્યું. ડ્રાઇવર પણ પાંચ પાઉન્ડ ઇનામની આશાએ સપાટાબંધ મોટર ચલાવવા લાગ્યો.

ધીમે ધીમે રાત વીતતી હતી. લંડનના ઘણા લોકો નિંદ્રાનો ત્યાગ કરી ઉઠવા લાગ્યા હતાં. કેટલાક ગરીબ લોકો કામ પર જતા હતા. સડક પર માણસો જણાવવા લાગ્યાં પણ બ્લેક જેની શોધમાં હતો તેનો કોઇ પણ જગ્યાએ પત્તો લાગ્યો નહીં !

એ પ્રમાણે ફરતાં ફરતાં મિ૦ બ્લેક બ્લાકસફર્ડ સ્ટ્રીટ સમીપ આવી પહોંચ્યો. એ વખતે સુર્યનો પ્રકાશ ચારે બાજુ પ્રકાશી રહ્યો હતો. તેણે

ડ્રાઇવરને કહ્યું: "મિસ્ટર! હવે નકામા ફરવાથી શો લાભ? હવે મોટર ઘર તરફ (બેકર સ્ટ્રીટ) લ્યો."

ડ્રાઇવરે તેજ વખતે મોટર ફેરવી. મિ૦ બ્લેકે અર્ધી બળેલી સીગાર ફેંકી દઇ મોટરમાં છાનોમાનો બેસી રહ્યો હતો તેનું ચિત્ત બહુ ચંચળ બની ગયું હતું તે વિચારવા લાગ્યો: "શું આ પ્રમાણે તે મને ભૂલાવામાંજ ભમાવ્યા કરશે. શું હું તેને નહીં પકડી શકું? બેટે સત્યજ કહ્યું." હતું કે "મને તમે પકડી શકશો નહીં; અને પ્રયત્ન કરશો તો તમે શરદીમાં બીમાર થઇ જશો." તેજ ખરૂં થયું! ઇન્સ્પેક્ટર કુટસ મારી દુર્દશાની હકીકત સાંભળી જરૂર હસશે. જો બેચાર દિવસમાં હું તેને ન પકડી શકું તો સર હીલારી વેજનાં કર્ણફૂલની પુનઃ પ્રાપ્તિની આશાનો પણ મારે ત્યાગજ કરવો પડશે."

મોટર બેકર સ્ટ્રીટમાં પહોંચી અને બ્લેકનાં ઘર આગળ આવીને ઉભી રહી. મિ૦ બ્લેક મોટરમાંથી ઉતરી પડયો. મોટર ડ્રાઇવરે દિલગીરી દર્શાવી કહ્યું: "સાહેબ! મેં મહેનત કરવામાં તો કાંઇ બાકી રાખ્યું નથી; પરન્તુ તે માણસનો પત્તો ન લાગ્યો એ ઘણું દુઃખની વાત છે. મારો એમાં કાંઇ દોષ નથી!"

મિ૦ બ્લેકે કહ્યું: "નહીં તમારો દોષ નથી. ધારેલાં માણસનો પત્તો ન લાગવાથી તમને દુઃખ થયું છે, પણ એનાથી મને કેટલું દુઃખ થયું એ તમે સમજી શકતા નથી? ખેર! તમે મહેનતમાં બાકી રાખ્યું નથી તમારી મહેનત માટે હું તમને નિરાશ કરીશ નહીં" એમ કહીને મિ૦ બ્લેકે એક પાઉન્ડની નોટ તેના હાથમાં મૂકી.

મોટર ડ્રાઇવરે નોટ લઇ ટોપી ઉતારી નમન કર્યું અને કહ્યું: "સાહેબ! જરા ઉભા રહો મારે એક વાત કહેવાની છે. આ મોટર આપનીજ સમજજો. ભવિષ્યમાં જ્યારે જરૂર પડે ત્યારે મને ફરમાવજો સર્વ કામ છોડી

પ્રથમ તમારી આજ્ઞાનું પાલન કરીશ. આ મારો કાર્ડ લ્યો એમાં મારૂં નામ અને ઠેકાણું લખેલું છે."

બ્લેકના હાથમાં કાર્ડ આપી મોટરવાળો વિજળીની ઝડપે રવાના થઇ ગયો. બ્લેક પણ કાર્ડ લઇ પોતાના ઓરડામાં ચાલ્યો ગયો. રાતના શરદીમાં ફરવાથી તેનું સર્વાંગ અકડાઇ ગયું હતું, અને ધારેલા કાર્યમાં નિષ્ફળતા મળવાથી તેનું મન ખિન્ન થઇ રહ્યું હતું. તે ઘરમાં જઇ બની ગયલી બીનાઓ પોતાના મનમાં વિચારવા લાગ્યો. બેટે તેને જે દોરીથી બાંધ્યો હતો તે દોરી હજુ ત્યાંજ પડેલી હતી. જે ખુરશી પર બેટ બેઠો હતો તે પણ ત્યાંની ત્યાંજ હતી. બેટનો કંઠ સ્વર હજી બ્લેકના કાનોમાં ગુંજારવ કરી રહ્યો હતો. બ્લેક મનમાં બબડવા લાગ્યો:-"આ માણસનાં સર્વ કામો અદ્‌ભુત છે. એની વર્તણુંક એક ગૃહસ્થના જેવી છે. સાધારણ ચોર આવા પ્રકારની અદ્‌ભુત ઘટનાઓ બનાવી શકતો નથી હવે ચિન્તા કરવાથી શો લાભ ? હવે સૂવું જોઇએ. મારૂં ચિત્ત અસ્વસ્થ હોવાથી સૂઇ જવાની ખાસ જરૂર છે." અસ્તુ.

મોટર ડ્રાઇવર મિ૦ બ્લેકના હાથમાં જે કાર્ડ આપી ગયો હતો તે હજી બ્લેકની મૂઠીમાંજ હતો. તે બેદરકારીથી કાર્ડને ફેંકી દેવા તૈયાર થયો તેજ વખતે તે કાર્ડ પર લખેલાં નામ ઠામ તેની દ્રષ્ટિએ પડયાં. હવે તે કાર્ડને ફેંકી શક્યો નહીં, પણ તેનાં તરફ અનિમિષ નેત્રે જોઇ રહ્યો. શરીરનું સર્વ લોહી તેનાં મુખપર ખેંચાઇ આવવાથી તેનું મુખ લાલ ચોળ થઇ ગયું કારણ કે કાર્ડમાં માત્ર બે શબ્દોજ લખેલા હતા અને તે:-" બેટ લંડન."

પ્રકરણ આઠમું · ભેદી ભૂલવણી.

કાર્ડમાંનાં શબ્દો વાંચી મિ૦ બ્લેકને પોતાનાં નેત્રોપર પણ વિશ્વાસ આવ્યો નહીં. તે મનમાંજ કહેવા લાગ્યો:-"ત્યારે શું મોટર ડ્રાઇવર પોતેજ બેટ હતો? કેવું અદ્‌ભુત સાહસ! શું આ સત્ય છે ? પણ મેં કાર્ડ મોટર ડ્રાઇવર પાસેથી લીધો છે, એમાં તો લેશ પણ સંદેહ નથી "

મિ૦ બ્લેકથી હવે સ્થિર બેસી શકાયું નહીં, તેનું માથું ફરવા લાગ્યું. પલંગ પર પડી આંખો મીંચી તે વિચારવા લાગ્યો:-"બેટ રાતના એજ મોટર ગાડીમાં બેશી મને મળવા આવ્યો હશે અને જ્યાં સુધી તે પોતાના કાર્યથી નિવૃત્ત થયો નહીં ત્યાં સુધી મોટર બહાર ઉભી રાખી હશે. અહીંથી ગયા પછી પાંચ મિનિટમાંજ પોષાક બદલી મોટરમાં બેસી દુર ચાલ્યો ગયો અને પાછો ફરી અહીં આવતો દેખાયો. ત્યારે શું બેટ પોતેજ મને મોટરમાં બેસાડી આટલે દુર ફેરવી લાવ્યો ? એણે કમાલ ચાલાકી કરી ! પણ હું તો બેવકુફજ બન્યો ! તે મનમાં જરૂર હસ્યો હશે. મારામાં કેટલી અક્કલ છે તેનું તેણે માપ કાઢ્યું હશે. હાય ! એક વખતે જો તેના ઉપર જરા પણ મને સન્દેહ આવ્યો હોત કે મોટર ડ્રાઇવરજ બેટ છે તો હું એને તુર્તજ કેદ કરત. પણ તેની આ સર્વ ચાતુરીને હું સમજી શકયો નહીં.'

ક્રોધાગ્નિમાં બળતો બ્લેક વિચારના મણકા ફેરવતો પલંગ ઉપર પડી રહયો. સર્વથી અધિક દુ:ખની વાત તો એ હતી કે તેણે મોટરનો નંબર પણ જોયો નહોતો. ગાડી કેવા પ્રકારની છે તેજ તેણે જોયું હતું. પણ લંડનમાં એવી મોટરો અસંખ્ય હોવાથી તેનાથી શી રીતે બાતમી મળે ? એ પ્રમાણે બેટને પકડવાની આશા ધીમે ધીમે બ્લેકનાં હૃદયમાંથી અદ્રસ્ય થવા લાગી. બ્લેકને સ્વીકારવું પડયું કે મારા કરતાં બેટ હજાર ગણો શકિતશાળી છે. "હું મૂર્ખો બન્યો અને મ્હને મૂરખ બનાવનારનેજ મેં એક પાઉન્ડનું ઇનામ આપ્યું ! તે પાપી મને પણ ઠગીને ગયો ! વાહ જોઉં છું કે તે કેટલો બુદ્ધિમાન છે-? હું એને પકડયા સિવાય રહેનાર નથી.તે અવસ્ય બીજી વખત મારી સાથે ચાલાકી રમવા આવશે. શું તે વખતે હું તેને નહીં ઓળખી શકું ? કેટલીવાર એ મારી આંખમાં ધૂળ નાંખશે ? આવાં વિચારમાં બ્લેકને નિંદ્રા આવવા લાગી. તેણે બારીના પડદા નીચે નાખી દીધા અને સુઇ ગયો.

* * * * *

આખી રાત્રિ સ્મિથે ગાઢ નિદ્રામાં વીતાડી હતી. અર્ધી રાત્રે મિ૦ બ્લેકના ઓરડામાં જે બનાવો બન્યા તેની તેને જરાપણ ખબર નહોતી. હાથ મ્હોં ધોઇ કપડાં પહેરી "I Love the Virginia I Love" એ ગીત ગણગણતો તે બ્લેકના ઓરડામાં આવ્યો, પણ બ્લેકની ખુરશી ખાલી હતી. સ્મિથ કોઇ દિવસ બ્લેકથી વહેલો ઉઠતો નહોતો તેથી તેને આજ આશ્ચર્ય થયું! તે વિચારમાં પડયોઃ–"સાહેબ આજ અત્યાર સુધી કેમ સૂઈ રહ્યા હશે? તેણે બ્લેકને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો પણ બ્લેકે નિદ્રામાંથી ઉઠવાની સ્પષ્ટ ના પાડી.

બપોરે બરાબર બાર વાગે બ્લેક જાગૃત થયો. જાગૃત થતાંની સાથેજ બ્લેકે ખાવાનું માગ્યું. ખાણું ખાઇને તે સ્મિથ બેઠો હતો તે ઓરડામાં આવ્યો અને સ્મિથને કહેવા લાગ્યોઃ–"તમે તો રાતના બસ પડીજ રહ્યા, રાતના એક અતિથિ આપણે ત્યાં આવ્યો હતો તેનો સત્કાર કરવામાં મારે બહુ દુઃખ વેઠવું પડયું."

સ્મિથે પોતાનો દોષ કબુલી કહ્યું; "આખો દિવસ ફરીને થાકી જાઉ એટલે પલંગ પર પડતાંજ નિદ્રાવશ થઇ જાઉં છું. હાં, પણ કહો તો ખરા રાતના કોણ આવ્યો તો?"

મિ૦ બ્લેકે ઉત્તર આપ્યોઃ "બેટ."

એ સાંભળીને સ્મિથ એકદમ ચોંકીને ઉઠયો તેના આશ્ચર્યની સીમાજ રહી નહી.

ત્યાર પછી મિ૦ બ્લેકે રાતના બેટ કેવી રીતે આવ્યો ગયો અને તેની પાછળ મોટરમાં પોતે શોધવા ગયો વિગેરે વૃતાંત સ્મિથને વિસ્તારપૂર્વક કહી સંભળાવ્યો. ત્યાર પછી બ્લેકે કહ્યું: "મને એક માણસ બેટ છે એવો સન્દેહ આવે છે, પણ તે સત્ય છે કે નહીં તેની પરીક્ષા કરવાની જરૂર છે. પણ એ સન્દેહ કોના ઉપર તે હું કોઇને કહેવાનો નથી. જાઓ તમે તમારાં કપડાં પહેરી આવો તમારે બહાર જવાનું છે."

સ્મિથે ઉભા થઇને કહ્યું: "શું બેટની તપાસમાં જવાનું છે?"

બ્લેકે કહ્યું: "હા; બેટ જે જે ઠેકાણે ચોરીઓ કરી છે તે સર્વ ઠેકાણે તમારે જવું પડશે. મેં તે ચોરીની હજી સુધી કાંઇ પણ તપાસ કરી નથી. દરેક ઠેકાણે કેવી રીતે ચોરી થઈ તે જાણવાની મારે જરૂર છે. એમાં આળસ કરવાથી હવે કામ સરે તેમ નથી. પોલીસના રિપોર્ટો અપૂર્ણ છે. તમારે જ્યાં જ્યાં ચોરીઓ થઈ છે તે દરેક ઠેકાણે જવાનું નથી પણ પહેલાં ફીલ્ડ શાયરના માર્કવિસની પત્નીની મુલાકાત લેજો અને પછી સેન્ટ્રલ યુનાઇટેડ બેન્કના મેનેજર પાસે જજો અને ચોરી સંબંધી જેજે વાતો તે તમને કહે તે મને વીગતવાર અત્રે આવી કહી સંભળાવજો."

સ્મિથે પૂછયું:-"આવાં કામ માટે તમે જાતે કેમ જતા નથી? આ કામમાં તો તમારેજ જવું જોઇએ."

મિ૦ બ્લેકે કહ્યું:-"હું બીજા કામે વળગું છું તેથી તમને આ કામ સોંપવામાં આવે છે."

સ્મિથ ત્યાંથી કપડાં પહેરી બહાર નીકળ્યો. અને એક મોટર ભાડે કરી માર્કવિસનાં ઘર તરફ ડ્રાઇવરને મોટર હાંકવાનો હુકમ આપ્યો.

માર્કવિસની પત્ની એ વખતે ઘેરજ હતી. સ્મિથ જેવા સાધારણ માણુસની તો તે મુલાકાત પણ લે તેવી નહોતી પણ સ્મિથે એક વિઝીટીંગ કાર્ડ તેની પાસે મોકલ્યો. તેમાં લખ્યું હતું કે 'મિ૦ બ્લેક ડીટેકટીવનો મદદનીશ' એટલે મિસિસ માર્કવીસની પાસે સ્મિથને જતાં જરા પણ વાર લાગી નહીં. સ્મિથે નમન કર્યા પછી એક ખુરશી પર બેસતાં પૂછયું:-"તમારે ત્યાંના હીરાની ચોરી સંબધી વિગત જાણવા હું આવ્યો છું."

મિસિસ માર્કવિસે જેટલી વાત કરી તે કાંઇ રહસ્યમય ન હોવાથી અહીં આપી નથી; પણ જે રાતના મિસિસને ત્યાં ચોરી થઇ તે દિવસે તેને ત્યાં નાચનો ઉત્સવ હતો. એ નાચમાં લંડનના ઘણાં પ્રતિષ્ઠિત સ્ત્રી-પુરૂષો આવ્યાં

હતાં. જે વખતે નાચ ચાલતો હતો તેજ વખતે મિસિસ માર્કવિસનો હાર તેના ગળામાંથી અદ્રશ્ય થઇ ગયો હતો. કયા માણસે કેવી યુક્તિથી સર્વની આંખોમાં ધુળ નાખી એ હાર ચોર્યો તેનો મિસિસ માર્કવિસ જરા પણ પત્તો લગાડી શકી નહીં. નાચ પૂરો થયા પછી હાર શોધતી શોધતી તે જ્યારે પોતાના સુવાના ઓરડામાં ગઇ ત્યારે તેને જણાયું કે લોઢાંની પેટીમાંથી જવેરાતનું બોક્સ પણ ગુમ થયું છે ! તુર્તજ તેણે પોલીસમાં ખબર આપી પણ હજી સુધી પોલીસ તેનો પત્તો મેળવી શકી નથી. લંડન જેવાં મોટાં શહેરમાં હમ્મેશ ચોરીઓ થયા કરે છે. પણ પહેરનારીના ગળામાંથી તે ન જાણે એવી રીતે હારની ચોરી થઇ એ એક વિરલ દ્રષ્ટાંત હતું.

મિસિસ માર્કવિસની વાત ઉપરથી સ્મિથ સમજી ગયો કે આ ચોરીનો પત્તો લગાડવો એ કાંઈ સહેલું નથી. થોડીવાર વિચાર કરીને સ્મિથે કહ્યું:— "વારૂ આપને ત્યાં નાચમાં જે જે સભ્ય વ્યક્તિઓને નિમંત્રણ કરવામાં આવ્યું હતું તેના નામનું લિષ્ટ કૃપા કરીને આપો."

સ્મિથના કહેવાથી આમંત્રણ કરેલી વ્યક્તિઓનાં નામનું લિષ્ટ મિસિસ માર્કવિસે આપ્યું સ્મિથે તે લીષ્ટ વાંચી જોયું તો તેને જણાયું કે યાદીમાં લખેલી દરેક વ્યક્તિ ધનાઢય, કુલીન અને આબરૂદાર હતી. તે સર્વમાં એક પણ નામ એવું નહોતું કે કોઇ પણ કારણવશાત્ તેને ચોર કહી શકાય.

ત્યાંથી રજા લઇ સ્મિથે ચાલવા માંડયું. લગભગ ત્રણ વાગવા આવ્યા હતા. તેથી પીકાડીલીનાં એક પ્રસિદ્ધ હૉટલમાં તે ગયો અને પેટ ભરીને ખાધું. ખાધા પછી કૉરી પી સીગાર સળગાવી તે વિચાર કરતો હતો કે હવે શું કરવું એટલામાં પાછળથી કોઇએ તેના ખભાં ઉપર હાથ મૂકયો

સ્મિથે ચોંકીને પાછળ જોયું તો માલમ પડયું કે સર હીલારી તેનાં મ્હોં તરફ જોઇને હસી રહ્યો છે. સ્મિથે તત્કાળ ખુરશી ઉપરથી ઉઠી તેની સાથે શેકહેન્ડ કરી.

સર હીલારીએ કહ્યું:-" મિ૦ સ્મિથ! મને એવી આશા નહોતી કે અહીં તમારા દર્શન થશે. તમારી સાથે વાતચીત કરી આનંદ મેળવવો છે, પણ મારે લાચારીએ કહેવું પડે છે કે આ વખતે મારી પાસે ટાઇમ નથી; હું એક નિમંત્રણ કરેલ ઠેકાણે જવાનો છું. છે કાંઇ નવા સમાચાર? પેલા માણસનું નામ શું સેંટ કે છેંટ ભૂલી ગયો એવાજ નામથી જે માણસે મારાં કર્ણફુલની જોડી ચોરી છે તેનો કાંઈ પત્તો લાગ્યો ?"

સ્મિથે હસીને કહ્યું:-" તેનું નામ સેંટ છેંટ નહીં પણ બેટ છે. જો તમારી પાસે વખત હોત તો તેની આશ્ચર્યકારક કથાઓ સંભળાવત; બહુ મજેની વાતો છે. તેણે મિસ્ટર—"

સ્મિથને બોલતો અટકાવીને પોતાના ઘડીઆળમાં જોઇ સર હીલારીએ કહ્યું: "નહીં મિ૦ સ્મિથ હમણાં મને વાતો સાંભળવાનો વખત નથી. આજ સાંજે મિ૦ બ્લેકને ત્યાં આવી તમારી વાતચીત સાંભળીશ. તમે કેટલા વાગે ઘેર પહોંચશો? મિ૦ બ્લેક રાતે ઘેરજ રહે છે ને?"

સ્મિથે કહ્યું: "તેને માટે તો હું કહી શકતો નથી; પણ હું રાતના આઠ નવ વાગે ઘેર પહોંચીશ."

સર હીલારીએ કહ્યું: "ઠીક છે, હું નવ વાગ્યા પછીજ આવીશ. હવે જાઉં છું." એમ કહી તે ત્યાંથી ચાલ્યો ગયો. સર હીલારીના ગયા બાદ તેના તરફ જોતો સ્મિથ મનમાં કહેવા લાગ્યો: "અહા ભાગ્યશાળી કોઇ પ્રકારની ચિન્તાજ નહીં! મરજી પ્રમાણે સ્વચ્છંદ પણે ફાવે ત્યાં ફરે છે. એનાં સૌભાગ્યને જોઇને મારાં મ્હોંમાં પાણી આવે છે. મારૂં કેવું નઠારૂં નશીબ છે! કે પરિશ્રમ કરવામાંજ જીંદગી વીતે છે!"

આમ વિચાર તો તે હોટલમાંથી સેન્ટ્રલ યુનાઇટેડ બેન્કમાં ગયો અને ત્યાંના મેનેજર મિ૦ જોન મેચલની મુલાકાત લીધી. મેનેજરે પોતાની બેન્કમાં થયેલી અદ્દભુત ચોરીનું વિસ્તાર પૂર્વક વર્ણન સ્મિથની આગળ

કર્યું અને કહ્યું: "અત્યાર સુધી એ નથી જણાયું કે ચોર કોણ છે ? ચોરીને દિવસે અમારે ત્યાંનાં સર્વ દ્વાર બંધ હતાં પણ ચોરે બેન્કનાં દરેક દ્વાર ઉઘાડી જે રીતે ચોરી કરી તેનાથી જણાય છે કે દરેક દ્વાર અને પેટીની નકલી ચાવી ચોર પાસે હતી. અમારે ત્યાંનાં તાળાં બજારમાં વેચાય છે તેવાં સાધારણ ચાવીથી ઉઘડે એવાં નથી. તેણે કેવી રીતે ચાવીઓ તૈયાર કરાવી તે કાંઈ સમજાતું નથી. એટલું સારૂં થયું કે બેંકની મુખ્ય પેટીને તે ખોલી શક્યો નહીં. તે પેટીને તાળું નહોતું. પણ તે પેટી યુક્તિથી ઉઘાડવાની છે. તેથી તેને દરેક માણસ ઉઘાડી શકતો નથી; તો પણ અન્ય પેટીઓ ખોલીને નોટ અને રોકડા મળીને બાર હજાર પાઉન્ડ તે લઇ ગયો."

સ્મિથે પૂછયું:–" તમારી બેંકમાં પહેરો રહેતો નથી ?"

મેનેજરે કહ્યું:–" એક માણસનો પહેરો રહે છે; તે તે દિવસે હતો પણ ચોરે યુક્તિથી અગર કોઇ દવાથી તેને બેશુદ્ધ કરી નાખ્યો હતો. પૂછતાં જણાયું કે ચોરને તેણે દીઠો નહોતો.

સ્મિથે પૂછયું:–" તમારો વ્હેમ કોઇ બેંકના નોકર પર તો નથી?"

મેનેજર બોલ્યો:–" નહીં કોઇના પર સન્દેહ નથી. એમ પોલીસે પણ પૂછયું હતું પણ ચોર કોણ છે તે કોઇ નક્કી કરી શક્યું નહીં. ચોરની પાસે નકલી ચાવીઓ હોવાની વાત સાંભળી તમને આવો સન્દેહ આવ્યો હશે?"

સ્મિથે કહ્યું:–" બેન્કમાં આવનાર જનાર માણસો સિવાય બીજાની પાસે નકલી ચાવીઓ હોવી અસંભવિત છે." ત્યાર પછી સ્મિથે દરવાજા અને પેટીની તપાસ કરી પણ ચોરને પકડવાનું એક પણ નિશાન જણાયું નહીં. જતી વખતે સ્મિથે કહ્યું:–' જો બને તો જે લોકોને બેંક સાથે લેવડ દેવડ છે તેના નામનું એક લીષ્ટ મને આપશો, તુર્તજ એક કલાર્કને કહેવાથી સ્મિથના કહેવા પ્રમાણેનું એક લીષ્ટ બનાવી આપવામાં આવ્યું જે લઇ સ્મિથ ત્યાંથી રવાના થયો.

મિ૦ બ્લેકે સ્મિથને એન્ટની ડેવિજેસને ઘેર જવાનું ના કહ્યું હતું પણ રસ્તામાં સ્મિથે વિચાર કર્યો કે " બે જગ્યાએ ગયો પણ ચોરનો કાંઇ પત્તો લાગ્યો નહીં. તેથી સાહેબ—મિ૦ બ્લેક—ગુસ્સે થશે માટે એન્ટની ડેવિજેસને ઘેર જઇ જોઉં કે ચોરને પકડવાનો કોઇ ઉપાય હાથ લાગે છે !"

સ્મિથ એન્ટનીને ઘેર—વેસ્ટ નરવુડ—જવા ટ્રેનમાં બેઠો અને યથાસમય તે ડેવિજેસને ઘેર પહોંચ્યો. તેનો દરવાજો બન્ધ હતો. પાડોશીને પૂછતાં જણાયું કે એન્ટની મકાન બંધ કરીને ગામ ગયા છે. કયારે આવશે તે ખબર નથી. તે ત્યાંથી સ્ટેશન પર આવ્યો તો તે વખતે કોઇ પણ ટ્રેન લંડન જતી નહોતી. આખરે રાતના નવ વાગે તેને લંડન આવવું પડયું. સ્ટેશનપરથી ઘેર આવી ગાડીવાળાને ભાડું આપી ઘરમાં જતો હતો એટ-ટામાં મિ૦ બ્લેક અત્યંત વ્યગ્રતાથી તેની સામે આવી ઉભો રહ્યો તેણે સ્મિથને કહ્યું: "તમે આવ્યા? ગાડી જવા દેશો નહીં મારે કામ છે."

સ્મિથે તુર્તજ ગાડીવાળાને થોભવાનું કહી મિ૦ બ્લેકને પૂછયું: "કેમ શું છે? તમે આટલા ગભરાયલા કયાં જાઓછો?"

મિ૦ બ્લેકે રબરના અક્ષરોથી છાપેલો એક કાગળ સ્મિથના હાથમાં આપીને કહ્યું: "હમણાં બેટે મારી પાસે આ કાગળ મોકલ્યો છે, વાંચી જુઓ. મને જણાય છે કે તે સહજમાં મારો પીછો છોડશે નહીં."

ઘરમાં દીપકનો પ્રકાશ ન હોવાથી સ્મિથ ઘરમાં ન જતાં ધડકતાં હૃદયે રસ્તાની એક બાજુએ બળતા ગ્યાસના દીપક પાસે જઇ તે પત્ર વાંચવા લાગ્યો. કાગળમાં નિચે મુજબ લખ્યું હતું:

"પ્રિય મિસ્ટર બ્લેક !

પ્રિન્સ એન્ડરનો હીરાજડિત મુગટ કયાં મૂકયો છે તે ઘણા માણસો જાણતા નથી; પણ હું તે જાણું છું. તે મુગટમાં બેવડાં જવાહીર જડવા માટે એક ઝવેરીને આપવામાં આવ્યો છે. તે ઝવેરીનું નામ મિ૦ સેમ્યુઅલ રૈમુજ છે. નંબર

૧૩ હારેન ગાર્ડનમાં તેની દુકાન છે. તે હમ્મેશાં જવાહીર જડવાનુંજ કામ કરે છે. મુગટ ઘણો કિમતી અને દેખાવમાં બહુ સુન્દર હોવાથી મારી ઈચ્છા છે કે તેને હું મારો બનાવું. આજ રાતના ૧૦ થી ૧૧ વાગ્યા સુધીમાં એ મુગટ મારો થઈ જશે. તમે ધારો તો એ કાર્ય થતું અટકાવી શકો છો તેથી તમને આમંત્રણ કરવામાં આવે છે. મારાં આમંત્રણને તમે સ્વીકારશો?—બેટ."

પત્ર વાંચી સ્મિથે તે બ્લેકના હાથમાં આપી દીધો અને કહ્યું. "હવે શું કરશો? ચોરની બહાદુરી જોઇને મ્હોંમાં આંગળા ઘાલવા પડે છે."

મિ૦ બ્લેકે કહ્યું:-"શું કરશો? તે હજુ પણ પૂછો છો? આ વખતે એવું કરીશ કે તે પકડાઇ જશે. કાલે રાત્રે મને તેણે ખૂબ દુઃખ દીધું છે તેનો બદલો હું લઇશ. પ્રિન્સ એન્ડરનો મુગટ તે કોઈ પણ પ્રકારે ચોરી શકશે નહીં. તમારી જરૂર છે માટે તમે મારી સાથેજ ચાલો." એટલું સાંભળતાંજ સ્મિથ બેવડા ઉત્સાહથી ગાડીમાં બેઠો. તે મનમાં વિચારવા લાગ્યો:-"આજ બેટ અને બ્લેક બંનેની ચાલાકી જોઇશ" પણ જીતશે કોણ? તેનું અનુમાન તે કરી શક્યો નહીં.

મિ૦ બ્લેકે મોટર ડ્રાઇવરને કહ્યું. "હારેન ગાર્ડન તરફ ચલાવો અને જ્યાં હું ગાડીનું બારણું ઠોકું ત્યાં ગાડી ઉભી રાખજો."

મોટર પવનની માફક હારેન ગાર્ડન તરફ ચાલવા લાગી. આજે મિ૦ બ્લેકનું શરીર સારૂં નહોતું. તાવ આવવાના ભયથી તેણે આજ બપોરની બે ક્વીનાઇનની ટીકડીઓ ખાધી હતી બેટની દેવવાણી સફળ થઇ. બેટને તે પકડી શક્યો નહીં પણ ઉલટો શરદીએ તેના પર હુમલો કર્યો હતો! શરદીથી આજ બ્લેકનો કંઠસ્વર એટલો બધો ભારી થઈ ગયો હતો કે તે મુશ્કેલીથી બોલી શકતો હતો. તે એક મોટા ઓવરકોટથી પોતાનું શરીર ઢાંકી ગાડીમાં બેઠો હતો. તેનો ભારી કંઠ-સ્વર સાંભળી સ્મિથ મનમાંજ કહેવા લાગ્યો:-"કાલે શરદી લાગવાની સાહેબનું ગળું બેસી ગયું છે અને

આજ પાછા શરદીમાં ફરવું પડે છે; જો બેટ મહારાજ હાથ આવે તો તો સર્વ પરિશ્રમ સફળ થશે નહીં તો સર્વ પર પાણી !"

મિ૰ બ્લેક બોલ્યો:–"સ્મિથ ! તમને ઘેર આવતાં મોડું થવાથી મેં એકલાએજ જવાનું નક્કી કર્યું હતું."

સ્મિથે કહ્યું:–"મારે બહુ જગ્યાએ જવું પડયું તેથી પાછા આવતાં વિલંબ થયો, પણ અફસોસ ! પરિશ્રમ સફળ ન થયો. બેટ બહુજ ચાલાક ચોર છે. તે ચોરી કરતી વખતે પણ પોતાનું કોઇ નિશાન મૂકી જતો નથી કે જેની મદદથી કાંઇ પત્તો લાગે. ફીલ્ડશાયરની માર્કવિસ પત્નીને ત્યાં નાચમાં જે લોકો ગયા હતા તેનાં નામનું લીષ્ટ લાવ્યો છું, તેમજ સેન્ટ્રલ બેન્કની સાથે જે લોકોને લેવડદેવડ છે તેના નામનું પણ લીષ્ટ લેતો આવ્યો છું.

મિ૰ બ્લેકે આનંદિત બનીને કહ્યું:–"બહુ સારૂં કર્યું, તે મને આપો ઘેર જઇ તપાસીશું."

સ્મિથે તત્કાળ ખીસ્સામાંથી બન્ને લીષ્ટો કાઢી બ્લેકના હાથમાં આપ્યાં. બ્લેકે તે ઉત્સાહપૂર્વક લઇને પોતાના ખીસ્સામાં મૂકી દીધા. "આથી જરૂર ચોરનો પત્તો મળશે." એવા વિચારથી સ્મિથને પણ આનંદ થયો.

પણ આજે તે ઘણો થાકી ગયો હતો તેથી ગાડીના એક ખૂણામાં ઉંઘવા લાગ્યો. પણ થોડા વખતમાંજ તે ઝબકી ઉઠયો કારણ કે બ્લેકે ગાડીની બારી ઠોકવાથી મોટર અટકી પડી. બ્લેકે સ્મિથને ત્યાંજ ઉતરી પડવાનું કહ્યું.

મિ૰ બ્લેકે ગાડીમાંથી ઉતરી મોટર ડ્રાઇવરના હાથમાં કેટલાક રૂપીઆ આપીને સ્મિથનો હાથ પકડી ચાલવા માંડયું. રસ્તામાં તેણે ધીમે સ્વરે કહ્યું:–"હવે આપણે વધારે દૂર જવાનું નથી."

મિ૰ બ્લેકની વાત પૂરી થઇ ન થઇ એટલામાં સામેની ઘડીઆળમાં ટન ટન કરતા દશ વાગ્યાના ટકોરા થયા. મિ૰ બ્લેક ગલીમાં વીસ પચ્ચીસ કદમ દૂર ગયા. સ્મિથ તેની પાછળજ હતો ત્યાં તેઓ ઉભા રહ્યા. ત્યાં એક

પાકાં મહેલનો દરવાજો તેઓની દ્રષ્ટિએ પડયો. મિ૦ બ્લેકે તેના તરફ ઇસારો કરતાં સ્મિથને કહ્યું:—"આજ હારેન ગાર્ડનનું નંબર ૧૩નું મકાન છે. અહીંજ પ્રસિદ્ધ ઝવેરી મિ૦ સેમ્યુઅલ શામુજનું કારખાનું છે. તમે અહીં ઉભા રહો. આ મકાનને બીજી બાજુ મુખ્ય દરવાજો છે હું ત્યાં જાઉં છું. આપણે જોઇએ કે બેટ કેવી રીતે મકાનમાં પેસે છે? તમારી પાસે બ્યુગલ છે કે? જો કોઇ દરવાજો ઉઘાડી બહાર આવે તો તત્કાળ બ્યુગલ વગાડી તેને પકડી રાખજો; કોઇ પણ પ્રકારે તેને છોડવો નહીં. બ્યુગલનો અવાજ સાંભળી હું તમારી પાસે આવીશ; અને જ્યાં સુધી હું અહીં ન આવું ત્યાં સુધી તમારે અહીંથી ખસવું નહીં. સમજ્યા ? "

સ્મિથે સર્વ કબુલ કર્યું એટલે ગુપચુપ બ્લેક આગળ વધ્યો સ્મિથ તે સૂનાં સટ મકાનના દરવાજાની સામે એકલો ઉભો રહયો. પણ તે વખતે તેનું મન ચંચળ થઇ રહ્યું હતું. તે વિચાર કરવા લાગ્યો:—"જો બેટ આ દરવાજેથી નીકળી એકદમ મારા ઉપર હુમલો કરે તો હું એકલો તેને શી રીતે પકડી શકીશ? બ્લેક આવે ત્યાં સુધીમાં તે કદાચ નાશી જાય તો તેનો પીછો પકડવો કે નહીં?" ઠંડી બેહદ પડતી હતી. બન્ને હાથ ગજવામાં ઘાલી તે મકાનના દરવાજાને જોતો ગ્યાસની બત્તીને ઓથે ઉભો રહયો.

સ્મિથ ઘણા વખત સુધી તે ઠેકાણે ઉભો રહયો. શુનશાન ગલીમાં સર્વ શૂન્યકાર હતું. કેટલાક સમય પછી સ્મિથે ઉંચાં ઉભા જોયું તો પાસેની દીવાલ પરથી કોઇ 'ધમ' દઇને કુદ્યુ. બેટ તો નહીં કુદ્યો હોય? એ જાણવાને માટે સ્મિથ એકી છલંગે ત્યાં પહોંચી ગયો. ત્યાં જઇને જોયું તો એક કાળો બિલાડો પૂછડી હલાવતો ત્યાંથી નાઠો.

હવે સ્મિથ વિચાર કરવા લાગ્યો કે આ શુનશાન અને અન્ધકારપૂર્ણ મકાનમાં શું બેટ ચોરી કરવા આવ્યો હશે કે નહિ. આવ્યો હશે તો શું સાહેબે તેને પકડયો હશે? હું અહીં કયાં સુધી ઉભો રહીશ ?

थोडा वखत पछी घडीआळमां साडा दशनो टकोरो पडयो तेज वखते मकाननी अंदर पोलीसनु ब्युगल वागवा मांडयुं ब्युगलनो अवाज घणोज, तीव्र हतो. ब्युगल सांभळीने स्मिथनुं हृदय जोरथी धडकवा लाग्युं. तेणे जाण्युं के पोलीसे चोरने पकडयो छे. ते बन्ने हाथे हृदयना धबकारा धीमा पाडवा प्रयत्न करतो दरवाजा तरफ तीक्ष्ण दृष्टिथी जोवा लाग्यो.

वारंवार ब्युगल वागवा लाग्युं. महेलनी अंदरनो धमधमाट संभळावा लाग्यो. मकाननी अंदर शुं छे ते जोवानी स्मिथने इच्छा थइ पण ब्लेकनी आववानी राह जोवा लाग्यो पण ब्लेक त्यां आव्यो नहीं.

थोडा वखत पछी मि० रामुजनी दुकानमां कोइनो कंठ स्वर संभळायो. स्मिथ समज्यो के दरवाजानी अंदरथी कोइ कांई कहे छे. त्यार पछी एक पलकमां स्मिथनी सामेनो दरवाजो उघडयो अने काळो पोषाक पहेरेलो एक लांबो माणस स्मिथनी सामे आवीने उभो रह्यो. ते माणसने जोतांज स्मिथे वाघनी माफक कुदी तेने पकडी लीधो.

आवनारे पण स्मिथना हाथमांथी छुटवानो प्रयत्न न करतां उलटो तेने पकडी लीधो. हवे ते गलीमां ते बन्ने जणा वच्चे बाथमंबाथ थइ अने आखरे बन्ने जमीनपर पडया.

स्मिथ समज्यो के में बेटने पकडयो छे तेथी ज्यां सुधी मि० ब्लेक अहीं न आवी पहोंचे त्यां सुधी एने छोडवो नहि. तेने ब्युगल वगाडवानो लाग पण मळ्यो नहीं. तेओना बन्ने हाथे एक बीजाए पकडेला हता. स्मिथे जेने पकडयो हतो ते घणो बळवान हतो. केटलीक मिनिटो पछी स्मिथने हरावी ते तेनी छातीपर चढी बेठो हतो. हवे स्मिथ छुटवाने फांफां मारवा लाग्यो पण परिणाम शून्य !

आगन्तुक जो बेट छे तो पछी ते नासवानो प्रयत्न न करतां आ प्रमाणे केम बेठो छे ? पासेज जे ग्यासनी बत्ती बळी रही हती तेनो

પ્રકાશ આગન્તુકનાં મુખપર પડતો હતો. સ્મિથ તીક્ષ્ણ દ્રષ્ટિથી તેના તરફ જોવા લાગ્યો. તેની હેટ અને કપડાંપર નજર પડતાંજ છે આશ્ચર્ય પામ્યો. "અરે આ શું ? આ બ્લેઇટ નથી આ તો પોલીસનો માણસ જણાય છે !"

નીચે પડેલા સ્મિથને બન્ને હાથે પકડી રાખી ઉંચે સ્વરે તે કોન્સ્ટેબલે બુમ મારી: "પકડયો છે ! ચોર પકડયો છે ! જલ્દી અહીંઆં આવો."

તેની વાત સાંભળીને સ્મિથ સમજી ગયો કે મારી માફક આ કોન્સ્ટેબલ પણ ભ્રમિત બન્યો છે. સ્મિથે તેને કહ્યુ: "તમે પણ મારાં જેવાજ ગધેડા જણાઓ છો? મેં ભૂલ કરી એટલે તમે પણ કરી ? ખસો હું ચોર નથી."

કોન્સ્ટેબલે માથું હલાવીને કહ્યું:-"અરે ચુપ મરીરે; મારી સાથે તારી ચાલાકી ચાલવાની નથી. હું પોલીસનો માણસ છું. રોજ તારા જેવાંની ચાલાકીઓ જોયા કરું છું. હવે જો નાસવાનો પ્રયત્ન કરીશ તો બચ્ચા ! તારા ટાંટીઆંજ તોડી નાખીશ. જમાદાર સાહેબ અહીં આવો ચોરને પકડયો છે !"

પોલીસનો એક જમાદાર ત્યાં આવી પહોંચ્યો. તેણે હાંફતાં હાંફતાં કહ્યું:-"બેલર ! તેં બહુ સારું કર્યું. તું બહુ બહાદુર છે. જોઇએ ચોર કોણ છે?

સ્મિથે તેનાં જવાબમાંજ કહ્યું:-"જમાદાર સાહેબ ! તમે આ મુરખાને પ્રથમ મને છોડી દેવાની આજ્ઞા આપો; તે ભૂલેલો છે, હું ચોર નથી; મને નકામો પકડયો છે. ચોર તો તમારી આંખોમાં ધૂળ નાખી અત્યાર સુધીમાં કોણ જાણે કયાં નાશી ગયો હશે. હા; જો મારા સાહેબે તેને પકડયો હશે તો તો તમે તેને થાણામાં લઇ જજો. પણ ચોરને મારા સાહેબે પકડયો હોય એ પણ બને એવું નથી."

જમાદારે કહ્યું:-"તારો સાહેબ કોણ ? જો તું ચોર નથી તો આટલી રાત્રે આ ઝવેરીની દુકાન આગળ શા માટે ઉભો હતો ?"

સ્મિથે કહ્યું:-"મારું નામ સ્મિથ છે. હું મિ૰ રોબર્ટ બ્લેકનો મદદનીશ છું. ચોરને પકડવા અમે અહીં આવ્યા હતા."

સ્મિથનું કહેવું સાંભળી તીક્ષ્ણ દ્રષ્ટિએ તેનાં મ્હોં સામું જોઇને કહ્યું. "બેલર ! હું એને ઓળખું છું; એ સાચું કહે છે. એને છોડી દે."

પોતાની બહાદુરી આ પ્રમાણે નકામી થએલી જોઇ કાંઇક દિલગીર થઇ બેલરે સ્મિથને છોડી દીધો. જમાદારે કહ્યું. "સ્મિથ ! તમારી વાતો હું સમજી શકતો નથી. આ દુકાનમાં ચોરી થઇ છે તે તમને ખબર છે ?"

પોતાનાં શરીર પરથી ધૂળ ખંખેરતાં સ્મિથ બોલ્યોઃ–"હા; ખબર છે ખબર નહોત તો આટલી રાત્રે મિ૦ બ્લેક અને હું અહીં શા માટે આવતે ?"

જમાદારે પૂછયુંઃ–શું મિ૦ રોબર્ટ બ્લેક પણ અહીં આવ્યા છે ? અને તો મળ્યા નથી તે કયાં છે ?"

સ્મિથે આશ્ચર્ય સહ પૂછયું. "તમે તેને નથી જોયા ? તે તો મારી સાથેજ અહીં આવ્યા છે. પણ હજી સુધી તે અહીં પાછા આવ્યા નથી. તમે તો મુખ્ય દરવાજા તરફ હશો ? શું તમે મિ૦ બ્લેકને નથી જોયા ?"

જમાદારે કહ્યુંઃ–"ના; મિ૦ બ્લેકનાં દર્શન મને કોઇ જગ્યાએ થયાં નથી; આ મકાનની અંદર અમે કોઇ પણ માણસને જોયો નથી. જ્યારે હું મુખ્ય દરવાજા પાસે આવ્યો ત્યારે એક ચકલીયું પણ ત્યાં નહોતું; પણ મિ૦ રામુજની દુકાનનો મુખ્ય દરવાજો ખુલ્લો પડયો હતો અને તેની ઓફિસના ઓરડામાં એક ફાનસ બળી રહ્યું હતું. આટલી રાત્રે દુકાન ઉઘાડી જોઇને હું સમજ્યો કે જરૂર કાંઇ પણ ઘટના બની છે. તુર્તજ બ્યુગલ વગાડી હું અંદર પેઠો. ત્યાં જઇને જોયું તો રામુજની લોઢાની પેટી ઉઘાડી પડી છે. હું સમજ્યો કે ચોર હીરા, જવાહીર ચોરીને ચાલ્યો ગયો છે. તો પણ મેં દુકાનની જરેજર તપાસ લીધી. વખતે બારીમાંથી તો ચોર નથી નાશી ગયો ? એમ વિચાર કરી મેં કોન્સ્ટેબલ બેલરને પાછલો દરવાજો ઉઘાડી બહાર જવાનો હુકમ આપ્યો. બેલરે તમને ચોર જાણી પકડયા અને બેલરને ચોર જાણી તમે બાઝી પડયા ત્યાર બાદ હું આવ્યો. આટલી ઘટના બની પણ મિ૦ બ્લેકને મેં કયાંય પણ જોયા નહી."

સ્મિથે કહ્યું:–"તમે તો અનાયાસે આવી ચઢયા, પણ અમે તો ચોરને પત્ર મળવાથી આવ્યા હતા. મિ૦ બ્લેક જરૂર એ દુકાનમાંજ હશે, અગર તો ચોરની પછવાડે પડયા હશે. તે એક કલાક અગાઉ મને અહીં ઉભો રાખી દુકાનમાં ગયા હતા અને "હું પાછો ન આવું ત્યાં સુધી તું અહીંથી ખશીશ નહીં." એવો મને હુકમ ફરમાવી ગયા હતા.

જમાદારે કહ્યું:–"ત્યારે શું તે પવનના ઘોડા ઉપર સ્વાર થઇને, કે ભૂત પ્રેત બનીને અહીંથી અદ્રશ્ય થઈ ગયા હશે? ચાલો, આપણે દુકાનની અંદર જઇ તેની ફરી તપાસ કરીએ."

ત્યારબાદ જમાદાર અને સ્મિથ બન્ને સમુજની દુકાનમાં ગયા અને તેના દરેકે દરેક ઓરડા, ખુણા, ખાંચરા ફરી વળ્યા પણ મિ૦ બ્લેકનો પત્તો લાગ્યો નહીં. દુકાનમાં ચોપડાઓ, કાંટાઓ, કારીગરનાં ઓજારો અને પેટીઓ ગમે તેમ અવ્યવસ્થિત પણે પડી હતી. એક મોટી લોઢાની પેટી કે જેનો અમુક ભાગ દીવાલમાં જડેલો હતો તેનું ઢાંકણું ખુલ્લું પડેલું હતું એટલે બન્નેને જણાયું કે ચોર ચોરી કરીને નાશી ગયો છે. ત્યાર બાદ બન્ને બહાર આવીને ઉભા રહ્યા અને મિ૦ બ્લેકની રાહ જોવા લાગ્યા. થોડી વાર રાહ જોવા છતાં પણ મિ૦ બ્લેક આવ્યા નહીં, ત્યારે જમાદારે કહ્યું. "ઠીક, ત્યારે હું ઘેર જઇશ. કાલે મિ૦ બ્લેકની જુબાનીથી સર્વ જણાશે."

જમાદાર ગયો. સ્મિથ પણ ભાડાની ગાડી માટે પંદર મિનિટ સુધી ઉભો રહ્યો પણ એક પણ ગાડી ત્યાં આવી નહીં. તેથી અંધારામાં તેને પગે ચાલતાજ જવું પડયું. ઘેર આવી જ્યારે તેણે દરવાજો ઉઘાડયો ત્યારે મિ૦ બ્લેકના ઓરડામાં બત્તી બળી રહી હતી. તે મનમાં બબડવા લાગ્યો. "મિસિસ બાર્ડલ કેવી મૂર્ખ છે. મિ૦ બ્લેક ઘરમાં ન હોવા છતાં પણ તેના ઓરડામાં બત્તી બાળે છે. એ પ્રમાણે નકામો ખર્ચ—"

આમ બડબડતાં તેણે ઘરમાં પ્રવેશ કર્યો અને તેણે જે જોયું

તેથી તે ત્યાંજ ચિત્રવત્ ઉભો રહ્યો. તેનો એક પણ પગ આગળ વધી શક્યો નહીં. તે જાગે છે કે સ્વપ્નમાં છે તે પણ તે સમજી શક્યો નહીં. તેણે જોયું તો મિ૦ બ્લેક પોતાની ખુરશી પર બેઠા બેઠા નિશ્ચિંતતાથી સર હીલારી સાથે વાતો કરી રહ્યા છે. તેનો હાવભાવ જોતાં જણાતું હતું કે આજે કોઈ પણ જગ્યાએ તે બ્હાર ગયા નથી.

પ્રકરણ નવમું.   વિતેલી વાત.

મિ. બ્લેકે સ્મિથને જોતાંજ વિસ્મયતાથી પૂછયું. "કેમ સ્મિથ ! અત્યાર સુધી કયાં ગયો હતો ?"

મિ૦ બ્લેકની વાત સાંભળી સ્મિથ એટલો સ્તંભિત થયો કે, ઉપરોક્ત વાતનો તેને શું જવાબ આપવો તે તે નકકી કરી શકયો નહીં. ત્યારે શું મિ૦ બ્લેક તેની મજાક કરે છે. ઘેરથી તે પોતાની સાથે સ્મિથને લઇ ગયા હતા અને હવે પૂછે છે કે:–"અત્યાર સુધી કયાં ગયો હતો ?"

સ્મિથ મનનો ભાવ છુપાવી કાંઇક ઉત્તેજિત થતો બોલ્યો. "જેને માટે ચોરી કરૂં તેજ કહે કે તું ચોર !" તમારી એ વાત મને ઠીક લાગતી નથી. આ પ્રમાણે છેક અજાણ્યા કેમ થઇ ગયા છો ? હું કયાં ગયો'તો. તે તમે નથી જાણતા ? તમે કહોને, તમેજ અત્યાર સુધી કયાં હતા'?"

સ્મિથની વાત સાંભળી મિ૦ બ્લેક અત્યંત વિસ્મિત થયો ! સ્મિથનું કહેવું ન સમજી શકવાથી તેણે કહ્યું. "હું તો અહીં બેઠો બેઠો કલાકથી સર હીલારી સાથે વાત કરી રહયો છું. હું તો કયાંયે ગયો નથી."

એ સાંભળીને સ્મિથના સંયમનો બંધ તૂટી ગયો તે અત્યંત આવેશથી બોલ્યો:–"તમે શું કહો છો સાહેબ ? આ બાજુ તો મારી દુર્દશા થવામાં કાંઇ બાકી રહ્યું નથી. અન્ધકારપૂર્ણ રાત્રિની કકડતી ઠંડીમાં સૂની ગલીમાં લગભગ એક કલાક સુધી એકલો મૂકી તમે કોણ જાણે કયાં ચાલ્યા

ગયા ! ત્યારબાદ એક સિપાઇએ મને ચોર જાણી પકડયો. તેની પાસેથી જેમ તેમ છૂટયો, અને તમને શોધી શોધીને થાકયો પણ તમારો પત્તોજ લાગ્યો નહીઃ-મને એકલો મૂકીને જતા રહેવાની તમારી ઇચ્છા હતી તો મને પહેલેથીજ શા માટે ન કહ્યું. શું એમાં કાંઈ નુકશાન થાય તેમ હતું ?"

સ્મિથની વાત સાંભળી મિ૦ બ્લેક ખુરશી પર સુઇ ગયો અને મ્હોં ફાડી વિહ્‌વળ દ્રષ્ટિથી તેની તરફ ટગર ટગર જોઇ રહયો ! એક મિનિટ સુધી તે કાંઇ પણ બોલી શકયો નહીં છેવટે તેણે કહ્યું. "સ્મિથ ! શું તું દિવાનો બની ગયો છે ? તું આ શું બકે છે ? હું એમાંનું કાંઇ પણ સમજી શકતો નથી. તું મારી સાથે કયાં આવ્યો અને કઇ ગલીમાં હું તને મુકી ચાલ્યો ગયો ?"

સ્મિથ બોલ્યોઃ-'હું દિવાનોજ બની ગયો છું. બીજું શું કહું ? તમે મારી સાથે આવવાનું કબુલ કરતા નથી એટલે છેવટે મારે એમજ કહેવું પડે છે. ઠીક, ત્યારે શું તમે મને હારેન ગાર્ડનમાં નહોતા લઇ ગયા ? મને તો આ બધી તમારી મશ્કરીજ જણાય છે. મહેરબાની કરીને કહો કે મને ગલીમાં મુકીને તમે ગયા પછી તમે શું શું કર્યું ? બેટનો પત્તો લાગ્યો ? કે આ વખતે પણ તેણે તમારી આંખમાં ધુળ નાંખી ?"

મિ૦ બ્લેકે હાથમાંની સીગાર ટેબલ ઉપર મુકી. ટટાર થઇને કહ્યું. "સ્મિથ ! તું દિવાનો ન થયો હોય તો જરૂર સ્વપ્નની વાત કરે છે. હું હારેન ગાર્ડન તરફ બીલકુલ ગયો નથી. હું તો આજે બહુ દૂર ગયો હતો."

મિ૦ બ્લેકનું કહેવું સાંભળી સ્મિથ જમીન પર પડતો પડતો બચીને એક ખુરશી પર બેસી ગયો. તે પોતાના શરીરપરનો પરસેવો લુંછતાં બોલ્યો. "મારી અકકલ કાંઇ કામ કરતી નથી. તમે કહો છો કે હું હારેન ગાર્ડન તરફ ગયો નથી એ કેવું ગૂઢ રહસ્ય ! હું રાતના નવ વાગે ઘરમાં પેસતો હતો, એટલામાં તમે ઉતાવળી ગતિથી ઘરમાંથી નીકળ્યા અને બેટનો મોકલેલો એક પત્ર મારા હાથમાં આવ્યો. શું આ હકીકત પણ અસત્ય છે ?

ઓરે તમને તે પત્રમાં લખ્યું હતું કે આજ રાત્રે પ્રિન્સ એન્ડરનો હીરા જડિત મુગટ હું ચોરીશ, તમારામાં શક્તિ હોય તો અટકાવવા આવજો. તમારા કહેવાથી મેં મોટરગાડી રોકી. તમે મને ગાડીમાં સાથે લઇને હારેન ગાર્ડન ગયાં. ત્યાં મને ઝવેરીની દુકાન પાછળ પહેરા પર મૂકી તમે ચાલ્યા ગયાં. ત્યાર પછી મારે પોલીસ સાથે મલ્લ યુદ્ધ થયું અને ત્યાર બાદ જમાદાર સાથે ઝવેરીની દુકાનમાં જઇ ખુણે ખુણો તમને શોધવા માટે હું ફરી વળ્યો. અને હવે તમે કહો છો કે તું સ્વપ્નું જોઇ રહ્યો છે.

મિ૦ બ્લેકે સ્મિથની વાત ચુપચૂપ સાંભળી અને પછી દૃઢતા સૂચક સ્વરે કહ્યું. "હું એમાંનું કાંઇ પણ જાણુનો નથી."

બ્લેકના કહેવામાં કપટ અથવા મશ્કરીનું એક પણ ચિન્હ નહોતું તે સત્યતાથી ભરેલું હતું તેથી સ્મિથને વિશ્વાસ આવ્યો કે મિ૦ બ્લેક એમાંનું કશું પણ જાણતા નથી. સ્મિથે પૂછ્યું. "સાહેબ ત્યારે એ શું ગોટાળો છે?"

મિ૦ બ્લેકે કહ્યું. "ભાઇ! એજ તો હું તમને પૂછું છું કે, એ શું છે? હું જૂઠું બોલતો નથી. હારેન ગાર્ડન કેવું ને વાત કેવી! હું તો આજે ત્રીજે પહોરનો બ્રીટન ગયો હતો ત્યાંથી રાતના સાડા નવ વાગ્યાની ગાડીમાં આવ્યો તેથી તમે જેની સાથે ગયા હતા તે કોઇ બીજો માણસ હશે."

સ્મિથ નિરૂત્તર રહીને માથું ખજવાળવા લાગ્યો. તેનું મ્હોં સુકાઇ ગયું! તેણે લથડતે સ્વરે કહ્યું. "સાહેબ! ત્યારે શું તમારૂં એમ કહેવું છે કે મેં તમને ઓળખ્યા નહીં અને હું તે વખતે આંધળો થઇ ગયો હતો? મેં તમારો કંઠસ્વર સાંભળ્યો હતો, તમારાંજ કપડાં જોયાં હતાં, છતાં પણ તમે કહો છો કે તે કોઇ બીજો માણસ હશે! પણ એમાં તો જરા પણ શંકા નથી કે તેણે જે કપડાં પહેર્યાં હતાં તે તમારાંજ હતાં. તમારો મોટો ઓવરકોટ તેણે પહેરેલો હતો, તમારી ફેલ્ટની બદામી ટોપી તેના માથા પર હતી એટલુંજ નહીં પણ તમારી ટાઇ સુદ્ધાં તેણે બાંધેલી હતી."

સ્મિથની વાત સાંભળી છલંગ મારી મિ૦ બ્લેક પોતાના સુવાના ઓરડામાં દોડી ગયો. તેનો એ ભાવ જોઇને **સર હીલારી** અને **સ્મિથ** બન્ને દિગમૂઢ માફક તેની તરફ જોઇ રહ્યા. બે મિનિટમાંજ પાછા આવી મિ૦ બ્લેકે કહ્યું. "સ્મિથ ! તમારી વાત સાચી છે. આજ રાતના કોઇ માણુસ મારા ઓરડામાં આવી મારાં કપડાં પહેરી ગયો હતો." હાથમાં પકડેલાં બૂટ બતાવીને તેણે કહ્યું. "આ બુટ જુઓ. તમારૂં કહેવું આથીજ સાબીત થાય છે. મેં આ બુટ ઘણા દિવસ થયાં પહેર્યાં નથી. આ બુટ હજી ભીનાં છે, એનાં તળીઆમાં કાદવ બાઝેલો છે. મેં મારો મોટો ઓવરકોટ પણ જોયો તેમાં પણ કાદવના છાંટા છે અને ટાઇ પણ ભીંજેલી છે.

મિ૦ બ્લેકની વાત સાંભળી સ્મિથનો ચહેરો પીળો થઇ ગયો. **સર હીલારી** પણ આ વાત ન સમજી શકવાથી આંખો ફાડી મિ૦ બ્લેકની તરફ જોઇ રહ્યો. મ્હોંથી તે કશું બોલી શકયો નહીં.

સ્મિથે પૂછ્યું. "સાહેબ ! ત્યારે એ કોણુ હશે ?"

મિ૦ બ્લેકે કહ્યું. "મારી ખાત્રી છે કે આ કામ બેટ સિવાય બીજા કોઇનું નથી. તેણેજ તને ઠગ્યો છે. તેને માટે કોઈ પણ કાર્ય અસાધ્ય નથી."

સ્મિથ મૂગાની માફક બેસી રહ્યો. તેના મનમાં દીલગીરી ઉપજી. તે મનમાંજ શરૂથી તે અત્યાર સુધીની બનેલી તમામ બીનાઓને વિચારવા લાગ્યો. "જે નરવુડથી હું પાછો ફર્યો તે વખતે બેટ ચાલાકીથી મિ૦ બ્લેકના ઓરડામાં જઇ તેનાં કપડાં પહેરી હું મોટરવાળાને ભાડું આપતો હતો ત્યાં આવ્યો; ચાલ, ઢબ, સ્વર વિગેરે બ્લેકનાં જેવુંજ હોવાથી, અને અન્ધકાર વિશેષ હોવાથી હું તેને ઓળખી શકયો નહીં. તે ભારે કંઠસ્વરથી બોલતો હતો પણ હું સમજ્યો કે એ બ્લેકને થયેલો શરદીનો વિકાર છે. ત્યાર બાદ તેણે જે કાંઇ કર્યું તે જાદુ જેવુંજ કર્યું ! માત્ર એકજ કલાકમાં તેણે સર્વ કામ કરી નાંખ્યું અને કપડાં પણ ઉતારીને મૂકી ગયો ! હવે સંતાપને

લીધે સ્મિથની આંખોમાંથી પાણી ગરવા લાગ્યું. તેને એવું લાગ્યું કે બેટ, ઇન્સ્પેક્ટર ક્રુટ્સ અને મિ૦ બ્લેકને સતાવી શાન્ત ન થયો, તે જાસુશીની મઝા મને પણ ચખાડી! બેવકુફ બનાવી ગયો!

મિ૦ બ્લેક જાણી ગયો કે આજના બનાવથી સ્મિથ ઘણો દુઃખી થયો છે. તેથી તેનાં હૃદયનું દુઃખ ઓછું કરવા તેણે શાન્ત સ્વરે કહ્યું. "સ્મિથ! આજે તમને જે પ્રકારે લાંછિત થવું પડયું છે તે અત્યંત દુઃખનો વિષય છે. જેણે મને પણ કેટલીક વાર ઠગ્યો છે, તેનાથી તમે ઠગાયા એ કાંઇ અત્યંત લજ્જાસ્પદ નથી. તેણે પ્રિન્સ એન્ડરનો હીરાજડિત મુગટ ચોરવાને આ યુક્તિ રચી અને તેમાં તે સફળ પણ થયો છે. એમાં મને પણ ઠગવાનો તેણે બાકી રાખ્યો નથી. આજે સાંજના એક બાબતનો મને તાર મળ્યો હતો. તારમાં હતું કે "બ્રીટન પોલીસના ઇન્સ્પેકટર બ્રાઉને એક માણસને બેટ ધારી કેદ પકડયો છે; એ બેટ છે કે નહીં તેની તપાસને માટે તમારે બ્રીટનના થાણામાં આવવું." એ તાર મળતાંજ મને એ વાતનો લેશ પણ સન્દેહ આવ્યો નહીં કે આ મને ઠગવાની એક પ્રકારની યુક્તિ છે. હું તુર્તજ બ્રીટન ગયો અને ત્યાં જઇને જોયું તો જણાયું કે બ્રાઉને મને બોલાવ્યો નહોતો અને બેટ જાણી કોઇને પકડવામાં એ આવ્યો નહોતો. હું સમજી ગયો કે આ સર્વ બેટની પ્રપંચજાળ છે, અને કોઈ ગૂઢ હેતુને માટે મને બ્રીટનમાં બોલાવ્યો છે. હું પાછો લાચાર બનીને ત્યાંથી સ્ટેશન ઉપર આવ્યો. પણ અફસોસ! તે વખતે એક પણ ગાડી લંડન તરફ જતી નહોતી. ટ્રેનની રાહ જોતો હું ત્યાં એક કલાક બેસી રહયો. એ વખતમાં બેટ નકલી ચાવીઓની મદદથી મારા ઓરડામાં આવી મારાં કપડાં પહેરી ગયો હશે, એ વચમાં તમે આવ્યા. પણ તે ઘણો ચાલાક હોવાથી જરા પણ ન ગભરાતાં તમને હારેન ગાર્ડન લઇ ગયો. તેની સફાઇને તમે જરા પણ સમજી શકયા નહીં અને તેની સાથે ગયા. તમે સમજ્યા કે હું બ્લેકની

સાથેજ ચોર પકડવા જાઉં છું. તેણે તમને ઝવેરીની દુકાનના પાછળને દરવાજે ઉભા રાખ્યા, અને આગળને દરવાજેથી અંદર જઇ પેટીમાંનો મુગટ ચોરી લીધો અને મારા અહીં આવવા પહેલાં મારાં કપડાં મૂકેલાં તેજ ઠેકાણે મુકી ચાલ્યો ગયો. બધા બનાવો આ પ્રમાણે બન્યા છે હવે સમજ્યા?"

સ્મિથે કહ્યું:–"તમારી બધી વાતો હું સમજ્યો. પણ હું અને તમે ઘેરે નથી એ તેણે શી રીતે જાણ્યું? અથવા હું કયે વખતે ઘેર આવીશ તે તેણે કેમ જાણ્યું? હું આવ્યો ત્યારે તે તો મારી રાહજ જોયા કરતો હતો!"

મિ० બ્લેકે કહ્યું:–"એ વાત પણ અસંભવિત નથી. મને ખાત્રી છે કે બેટ આપણા ઉપર હર હમ્મેશ નજર રાખે છે. તમે આજ આખો દિવસ ઘેર નથી તે તે જાણતો હશે.

સ્મિથે પુછ્યું:–"ત્યારે તમે કેટલા વાગે ઘેર આવ્યા હતા?"

બ્લેકે કહ્યું:–લગભગ બે કલાક થયાં. વિકટોરીઆ સ્ટેશનથી ઉતરી ગાડી ભાડે કરી સીધો હું ઘેરજ આવ્યો હતો. હું બ્રીટન ગયો તે પણ બેટની ચાલાકીથીજ. તેની ચાલાકી હું જાણી ગયો હતો તેથી અત્યંત ઉત્કંઠિત થઇને હું ઘેર આવ્યો હતો. ઘેર આવીને જોયું તો સર હીલારી મુખ્ય દરવાજા ઉપર ઘંટડી વગાડયા કરતા હતા. તેનાથી મને એ પણ માલુમ પડયું કે આજે બપોરે એક હોટલમાં તમને એ મળ્યા હતા અને નવ વાગે અહીં આવવાનો તમને એઓએ વાયદો પણ કર્યો હતો."

સર હીલારીએ કહ્યું. "મેં મિ० સ્મિથને કહ્યું'તું કે હું સાંજે તમારે ઘેર આવીશ. મિ० સ્મિથે મને કહ્યું'તું કે નવ વાગ્યા પહેલાં હું ઘેર મળીશ નહીં, એટલે હું બરાબર નવ વાગે આવ્યો, તે વખતે પણ તમે કોઇ નહોતાં તેથી હું એક બીજે ઠેકાણે ફરવા ચાલ્યો ગયો; પછી જ્યારે બીજી વખત આવ્યો ત્યારે તમે મળ્યા.

ઘણી વાર ચિન્તાતુર નેત્રે બ્લેક સામે જોઇને સ્મિથે કહ્યું. "સાહેબ

આ વખતે પણ આપણે બેટથી હાર્યા ! શું હવે કોઇ પણ એને પકડી શકશે નહીં ? હવે શું કરવું, કાલે તમારી પાસે પોલીસ આવશે. મેં તેને કહ્યું છે કે મિ૦ બ્લેકને ઝવેરીને ત્યાંની ચોરીની ઘણી ખરી હકીકતની ખબર છે. પોલીસ તમને પૂછશે તો તમે તેનો શો ઉત્તર આપશો ?"

મિ૦ બ્લેકે કહ્યું. "ઉત્તર શું આપીશું ? હું ચોખ્ખું કહી દઇશ કે એ બાબત વિષે હું કશું પણ જાણતો નથી; કારણકે હું ઘેરે નહોતો અને તેનાં જોઇએ તેટલાં પુરાવા મારી પાસે છે. પણ એ વાત જરૂર કબુલવી પડશે કે એક ચોરથી હું ઠગાયો છું ? શું કરીએ બીજો ઉપાયજ નથી."

સર હીલારીએ સર્વ વાતો સાંભળી રહ્યો હતો તે એકદમ ઉભો થઇને બોલ્યો. "વાતમાં ને વાતમાં રાત વીતી જાય છે, હવે હું તમારી પાસે રજા માગું છું. મિ૦ બ્લેક ! તમારી વાતો સાંભળીને મને બહુ આનંદ થાય છે, તમે મહેનત કરવામાં પાછી પાની કરશો નહીં. મને વિશ્વાસ છે કે, તમારો પરિશ્રમ સફળ થશે અને મારાં કર્ણફુલ મને પાછાં મળશેજ. મહેરબાની કરી તમારી તપાસની હકીકત મને જણાવતા રહેજો."

મિ૦ બ્લેકે કહ્યું. "જરૂર, હું આપને સર્વ ખબર આપીશ. અને હું હિમ્મતથી કહું છું કે બેટ હવે જલદી કેદ પકડાશે અને તમારાં કર્ણફુલ જ્યાં હશે ત્યાંથી તમને લાવી આપીશ."

સર હીલારી આનંદથી દરવાજા તરફ ચાલ્યા. મિ૦ બ્લેક પણ તેની સાથે ચાલ્યા. સર હીલારીએ દરવાજામાં ઉભા ઉભા બ્લેકની સાથે શેકહેન્ડ કરતાં જોયું તો પોતાની પાસે એક કાગળ પડેલો જણાયો ! હીલારીએ તત્કાળ તેને ઉંચકી લીધો અને મિ૦ બ્લેકને કહ્યું. "આ એક કાગળ જણાય છે શું એ આપનો કાગળ છે ?"

મિ૦ બ્લેકે સર હીલારીના હાથમાંથી પત્ર લઇ લીધો. કવર પર નજર નાખતાંજ તે ચોંકી ઉઠ્યો; કારણકે કવર પરના અક્ષરો તેજ રૂબ્બરના

અક્ષરોથી છાપેલા હતા. તે જોતાંજ તે સમજી ગયો કે એ બ્લેટનો પત્ર છે! પત્ર દરવાજાની ફાટમાંથી ફેંકેલો છે અને એને ફેંકયાને પણ બહુ વાર થઇ નહોતી! કારણકે જ્યારે બ્લેક ઘેર આવ્યો ત્યારે ત્યાં પત્ર નહોતો.

મિ૦ બ્લેકે તુર્તજ કવર ફાડી અંદરથી પત્ર કાઢી વાંચ્યો અને સર હીલારીના હાથમાં આપતાં કહ્યું. "તમારી રૂબરૂજ આ પત્ર મળ્યો એ સારૂં થયું. તમે એને વાંચો તમને આનંદ થશે."

સર હીલારીએ વિજળીની બત્તી પાસે જઇ ગૂપચુપ પત્ર વાંચ્યો વાંચતાજ તેનું મુખ અત્યંત ગંભીર થઇ ગયું અને તે સાથેજ તેનાં નેત્રોમાં આશ્ચર્યનો ભાવ જણાવા લાગ્યો. તે પત્ર નીચે પ્રમાણે હતો.

"પ્રિય મિ૦ બ્લેક!

તમને નકામા બ્રીટન મોકલવાથી મને દુઃખ થાય છે; પરન્તુ મારા સંકલ્પની સિદ્ધિ માટે તમને લુલાવો ખવડાવી દુર મોકલવાની ખાસ જરૂર હતી સ્મિથ પણ મારી જાળમાં ફસાઈ ગયો. તે એટલો ભોળો હશે તેનો મને જરા પણ વિશ્વાસ નહોતો. મારે પણ નિરાશ થવું પડયું છે. પ્રિન્સ એન્ડરનો હીરા-જડિત મુગટ મને મળી ગયો છે. પરન્તુ મુગટના હીરા પહેલાં જેવા મુલ્યવાન હતા તેવા મુલ્યવાન હમણાં તેમાંથી નીકળ્યા નથી. હલકી ચીજો ચોરવી એ મારી પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડનારૂ હું સમજું છું. હું મારૂં એ નુકશાન પણ પૂર્ણ કરીશ. આજે રાતના એક પ્રતિષ્ઠિત પુરૂષ તમને મળવા આવશે. તેનું નામ સર હીલારી છે. સાંભળ્યું છે કે તેના ખજનામાં બહુમુલ્ય હીરાઓ છે, તેમાં એક બહુમુલ્ય હીરો તો તેજ કુટુંબનું ગૌરવ છે. તે હીરો તેના વડિલો તરફથી તેના વંશમાં વંશ-પરંપરા ચાલ્યો આવે છે. મને એવી ઈચ્છા થઈ છે કે, તે હીરો મેળવીને હું મારો ખજાનો શોભાવું. આવતી કાલે રાતના દશ વાગે એ હીરો મારા હાથમાં આવશે. તમને નિમંત્રણ છે. "બ્લેટ."

પત્ર વાંચી સર હીલારી ક્રોધથી લાલ લાલ થઇ ગયો અને બોલ્યો. "કેવી સ્પર્ધા! કેવું સાહસ! એ લુચ્ચો ઠગ મારો ખજાનો પણ લૂટવા માગે છે. ક્યારે ચોરી કરીશ, એ પણ લખ્યું છે. મિ૦ બ્લેક! આ ધૃષ્ટતા

અસત્ય છે. બેટ હવે ફાટી ગયો છે. તેને તેની શિક્ષા હવે જલદી થવી જોઇએ. મિ૦ બ્લેક ! શું એ આ પત્રમાં લખ્યા પ્રમાણે કામ કરશે કે ?

મિ૦ બ્લેકે ગંભીર સ્વરે કહ્યું. "શું કહું ? અત્યાર સુધીમાં એણે જે જે કામો કર્યાં છે તે જોતાં આ કામ એને માટે મુશ્કેલ નથી. હું સારી રીતે જાણી ગયો છું કે મિથ્યા ગર્વ કરવાની તેને ટેવ નથી. તેણે આ પત્રમાં જે હીરાનો ઉલ્લેખ કર્યો છે તે તમે તમારે ત્યાં કયાં રાખ્યો છે ?"

સર હીલારીએ કહ્યું. "મારા પાર્કસ્ટ્રીટવાળાં મકાનમાં લોઢાની બંધ પેટીમાં. મને ખાત્રી છે કે તે પેટીમાંથી ચોરી કરવી એ ચોરને માટે અસંભવિત છે. પેટીનાં તાળામાં સાંકેતિક અક્ષરો છે; તે સર્વ અક્ષરોને બરાબર ગોઠવ્યા સિવાય પેટી કદી ઉઘડી શકશે નહીં. મારા સિવાય કોઇ તે જાણતું નથી. જો બેટ એમ જાણતો હોત કે એ પેટીમાંથી હીરો ચોરવો એ મુશ્કેલ છે તો તે કદી પણ આવું સાહસ કરત નહીં. મિ૦ બ્લેક ! તે મારો હીરો ચોરવા આવે તો તેને પકડવો જોઇએ. તેને માટે મારે ઘેર આવવા હું તમને વિનતિ કરું છું. તમે કાલે લખેલા સમય પહેલાં મારે ઘેર આવજો. બેટ આવશે તો આપણે તેને પકડી શું, મારું કહેવું તમને માન્ય છે ?"

મિ૦ બ્લેક બોલ્યો: "એમાં માન્ય કરવાનું શું છે ? સ્મિથને સાથે લઇને કાલે યોગ્ય વખતે હું આવીશ. ઇન્સ્પેકટર કુટ્સ પણ બે કોન્સ્ટેબલો સાથે મને મદદ કરવા આવશે; તમે તમારે નિશ્ચિંત રહેજો."

સર હીલારીએ ઉત્સાહ સાથે કહ્યું: "જો એમ થશે તો જરૂર તે પાપીને પકડી શું તે કેવો ચાલાક ચોર છે. તે પણ માલમ પડશે."

સર હીલારીના જવા પછી મિ૦ બ્લેક પોતાની બેઠકના ઓરડામાં આવીને બેઠો. તેનો ઉત્સાહ પૂર્ણ ભાવ જોઇને સ્મિથે કહ્યું: "સાહેબ, મને જણાય છે કે બેટને પકડવાની કોઇ સફળ યુક્તિ તમે શોધી કાઢી છે. કહો મારું અનુમાન સત્ય છે કે અસત્ય ?"

મિ૦ બ્લેક બોલ્યો: "હા તમારૂં અનુમાન સત્ય છે, તો પણ મારી યુકિત સફળ થશે કે નહિં તે હું અત્યારે કહી શકતો નથી. વારૂ આજે આખો દિવસ ફરીને તમે શું પત્તો મેળવ્યો ?"

સ્મિથ કયાં કયાં ગયો હતો અને કયાં કયાંથી આમંત્રણ કરેલા માણસોના નામનું લીષ્ટ લઇ આવ્યો હતો તે સર્વ બીનાં બ્લેકને સ્મિથે કહી સંભળાવી.

મિ૦ બ્લેકે પૂછયું: "તમે જે બે લિષ્ટ લાવ્યા છો તે કયાં છે ?

સ્મિથે કહ્યું: "તેમજ તે માગો છો એમ સમજી મેં તે તમારા વેશધારી બેટને આપી દીધાં હતાં.

બ્લેકે પૂછયું. "તેણે યાદીઓ માગી હતી કે તમેજ આપી હતી ?"

સ્મિથે કહ્યું. "તેણે માગી હતી, અને તેમાંનાં નામ જોવાની તેની ઇચ્છા હોવાથી તેણે તે લીધી હતી. મારો સર્વ પરિશ્રમ વ્યર્થ ગયો !"

મિ૦ બ્લેક બોલ્યો. "ઠીક થયું; મારૂં ધારવું એથી કેટલેક અંશે સત્ય ઠરે છે. કાલે હું ટેલીફોનથી તે લિષ્ટની સર્વ વિગત મેળવીશ." આમ કહી મિ૦ બ્લેક ધુમ્રપાન કરવા લાગ્યો. સ્મિથ બ્લેકની વાતોનો હેતુ સમજી શકયો નહીં, તેથી તે ચુપ બેઠો. સમસ્ત રહસ્ય તેને માટે ગૂઢ થઇ પડયું. બેટ કોણ છે ? એ મિ૦ બ્લેક શી રીતે જાણી ગયા. તે કાંઇ પણ તેનાં સમજવામાં આવ્યું નહી.

પ્રકરણ દશમું. બેટ બન્દીવાન.

બીજે દિવસે પ્રાતઃકાળમાં મિ૦ બ્લેકે ટેલીફોનની પાસે જઇ કોઇ દોસ્તને કાંઇ કહી ભૂંગળું મુકી દીધું એટલામાં મિ૦ સ્મિથ ઉત્સાહ સાથે તેની પાસે આવીને ઉભો રહયો. તેને લઇ ભોજનનાં ટેબલ પાસે જતાં મી૦ બ્લેકે કહ્યું. "સ્મિથ ! જણાય છે કે આજે રાતના આપણે બેટને પકડી

શકીશું. તેને જોઇને તમે એટલા વિસ્મય પામશો કે તમારાં આખા જીવનમાં તમે કદી પણ એટલા વિસ્મય નહીં થયા હો."

એ સાંભળી સ્મિથ બ્લેકનાં મ્હોં સામે જોઇને બોલ્યો. "શું કહ્યું આજ રાતના તમે બેટને પકડશો? કેવી રીતે અને કયાં?

મિ૦ બ્લેકે કહ્યું. "પાર્ક સ્ટ્રીટમાં સર હીલારીનાં મકાનમાંજ આજે બેટ પકડાશે. તે કેવી રીતે પકડાશે તે તેજ વખતે તમો જોઈ શકશો તે પહેલાં એ વાત જાણવા તમો આતુર થશો નહીં, ધીરજથી સર્વ જોયા કરો."

સ્મિથ કાંઇ પણ બોલ્યો નહીં. બન્ને ભોજન કરવા લાગ્યા. બ્લેકનો નિશ્ચિત ભાવ જોઇ સ્મિથ સમજ્યો કે સાહેબ આજે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરશે. તેણે એક બીજી બાબત પણ જોઇ કે મિ૦ બ્લેકે ઘણા દિવસો પછી આજે પેટ ભરીને ખાધું છે. કેટલાયે દિવસો થયા તે પેટ ભરીને ખાતા નહોતા. આથી સ્મિથની જીજ્ઞાસા વધી ગઇ હતી પણ તે વખતે તે બ્લેકને કાંઇ પણ પૂછી શકયો નહીં, છતાં વધારે વખત તેનાથી ચુપ રહેવાયું નહીં, તેણે બ્લેકને અનેક પ્રશ્નો પૂછયા પણ મિ૦ બ્લેકે તેને યોગ્ય ઉત્તરો આપ્યા નહીં. માત્ર તે એટલુંજ જાણી શકયો કે આજે રાતના બેટ ઘણી સહેલાઇથી પકડાશે અને તે હું સારી રીતે જોઇ શકીશ.

મિ૦ બ્લેકે સવારમાં ફીલ્ડશાયરની લેડી માર્કવિસને, અને સેન્ટ્રલ યુનાઇટેડ બેન્કના મેનેજરને ટેલીફોનથી જે જે વાતો પૂછી હતી તે સર્વ તેને અનુકુળ હતી કે પ્રતિકુળ તે પણ સ્મિથ જાણી શકયો નહીં.

તે દિવસે સવારમાં જેટલાં ડેલી પત્રો પ્રકટ થયાં હતાં તે સર્વમાં પ્રિન્સ એન્ડરનો હીરા જડિત મુગટ ચોરાયાની હકીકત વિસ્તાર પૂર્વક છપાઇ હતી. મિ૦ બ્લેક ચોર પકડવા ગયા હતા પણ નિષ્ફળ નીવડી પાછા આવ્યા હતા એ વાત પેપરોમાં વાંચી સ્કોટલાંડ યાર્ડના પોલીસ અમલદારો મિ૦ બ્લેક પાસે આવ્યા અને ખાસ હકીકત શું છે તે જાણવા તેઓએ વિનતિ કરી.

મિ૦ બ્લેક રાતના જે બીના બની હતી તે વીગતવાર તેઓને જણાવી મિ૦ બ્લેકની વાત સાંભળી પુછવા આવનારાઓને સંતોષ નહીં. તે જોઇને મિ૦ બ્લેકે કહ્યુંઃ "તમારે નિરાશ થવાનું કાંઇ નથી. તમે આવતી કાલે આ વખતે બેટને તમારી આંખો વડે કેદખાનામાં જોઇ શકશો અને પ્રિન્સ એન્ડરને પણ પોતાનો હીરા જડીત મુગટ પુનઃ પ્રાપ્ત થશે."

ઇન્સ્પેકટરો અને બીજા અમલદારોને બ્લેકનાં એ કથન ઉપર વિશ્વાસ આવ્યો નહીં. તેઓ ઉદાસ મને પોત પોતાને ઘેર ચાલ્યા ગયા. પણ **સ્મિથની** સ્થિતિ અત્યંત કષ્ટમય બની ગઇ હતી. કયારે રાત પડશે અને બેટનાં દર્શન થશે! વિગેરે વિચારોથી તે એકદમ અધીરો થઇ ગયો હતો. તેને એક એક મીનીટ, એક કલાક, અને એક કલાક તે એક દિવસ જેવો જણાતો હતો.

મિ૦ બ્લેકે તેને બધી સ્પષ્ટ વાત કહેલી નહીં હોવાથી તે મનમાં ગુંચવાતો અત્યંત ગંભીર બની આખો દિવસ બેસી રહ્યો. મિ૦ બ્લેકે બેટને પકડવા કઇ યુક્તિ શોધી કાઢી છે, તે બહુ વિચાર કરવા છતાં પણ તે નક્કી કરી શક્યો નહીં. રાત પડી રાતના આઠ વાગે મિ૦ બ્લેક કપડાં પહેરી **સ્મિથ** પાસે આવ્યો અને સ્મિત હાસ્ય કરીને કહ્યુંઃ "**સ્મિથ**! ચાલો હવે વખત લગાડવાની જરૂર નથી; વખત થઇ ગયો છે." **સ્મિથ** બ્લેકનીજ રાહ જોતો બેઠો હતો તેથીતુર્તજ ઉઠી કપડાં પહેરીને બ્લેક સાથે બહાર નીકળ્યો. બહાર નીકળીને તેઓએ એક મોટર ગાડી ભાડે કરી અને **સ્કોટ-લાંડ યાર્ડ** તરફ રવાના થયા. ઇન્સ્પેકટર કુટ્સને પહેલેથીજ ખબર આપેલી હોવાથી તે પણ એ લોકોનીજ રાહ જોયા કરતો હતો.

ઇન્સ્પેકટર કુટ્સ કાંઇક દિલગીર દેખાતો હતો તેથી મિ૦ બ્લેકે તેને **દિલગીર** થવાનું કારણ પુછયું ત્યારે તેણે કહ્યું. "મિ૦ બ્લેક! આપણે ચોરને પકડવા જઇએ છીએ તો ખરા, પણ તે હાથમાં આવશે એમ મને નક્કી જણાતું નથી. વળી પાછા એકવાર નામોશી સાથે આપણે પાછા

આવવું પડશે. અને લાભ એ થશે કે બેટનીજ બીછાવેલી જાળમાં આપણે આપણી મેળેજ સપડાઇશું.

મિ૦ બ્લેકે કહ્યું. "નહી હવે તમારે એવી શંકા કરવાથી જરૂર નથી. આ વખતે તે નાશી શકશે નહીં, એ વાત પર વિશ્વાસ રાખો. લુચ્ચાઓ અને ચોરો વારંવાર પોલીસની આંખમાં ધૂળ નાખે છે પણ જરૂર એક દિવસ તે પકડાયા વિના રહેતા નથી, તે પ્રમાણે આજે બેટ પણ પકડાશે. આજ રાતના દશ વાગે બેટને કેદ કરી હું તમારા હાથમાં આપી દઇશ. તમે તમારા બે કોન્સ્ટેબલોને બધી વાતો સમજાવી દીધી છે ને ? તેને કહો કે તેઓ બીજી ગાડીમાં પાછળ આવે. સર હીલારીનાં મકાને જઇ તેમાંનો એક માણસ મુખ્ય દરવાજા પર અને બીજો બારી તરફ ઉભો રહે; અને તમે અમારી સાથે રહો.

ઇન્સ્પેક્ટર કુટ્સે બન્ને કોન્સ્ટેબલોને યોગ્ય સમજ આપી મિ૦ બ્લેકની સાથે ગાડીમાં બેઠો એટલે મોર્ટર પાર્ક સ્ટ્રીટ તરફ દોડવા લાગી.

ગાડીમાં કુટ્સે કહ્યું. "બેટ આજ રાતના સર હીલારીના મકાનમાં ન આવતાં દૂર રહીને મજા જોયા કરશે. કારણકે જ્યારે તે જાણશે કે હું અને તમે બન્ને અહીંઆ આવ્યા છીએ ત્યારે તે ચોરી કરવા આવે ખરો ? હાથે કરી કેદ પકડાવાની કોણ ઇચ્છા કરે ? મિ૦ બ્લેક ! તમે ગમે તેમ કહો પણ મારૂં મન તો માનતું નથી !"

મિ૦ બ્લેકે કહ્યું. "તમે તો ડરથી ધ્રુજી રહ્યા છો. જે બારે માસ સમુદ્રમાંજ રહે છે તેને પછી તેનાં મોજાંનો શો ડર ? કેટલીક વાર પાછા પડવું પડયું છે તો એક વાર વધારે. લોકોને હસવાનો એક અવસર વધારે મળશે. તેમાં આટલા બધા ચિન્તાતુર થવાની શી જરૂર છે ! ચિંતાઓને છોડો ! હું પ્રતિજ્ઞા કરૂં છું કે જો આજેજ બેટને ન પકડી શકું તો સદાને માટે ડીટેકટીવપણું છોડી દઇશ." તેઓ સર હીલારીના મકાન

ઘર પહોંચ્યા એટલે સર હીલારી જાતે એ લોકોનું સ્વાગત્ કરવા દરવાજા પર આવ્યો. મિ૦ બ્લેક અને કુટ્સને જોઇને તે અત્યંત આનંદિત થયો.

સર હીલારીએ કહ્યું. "તમને આવેલા જોઇને હું ઘણો આનંદ પામ્યો છું. હું આજે બનવાના બનાવનો વિચાર કરી મનમાં ને મનમાં ડરી રહ્યો હતો પણ તમોને જોઇને મને આશ્વાસન મળ્યું છે. પણ મને એતો જણાવો કે તમે બ્લેક છો કે બ્લેકનું રૂપ ધારણ કરી આવેલા બ્રેટ છો?"

મિ૦ બ્લેકે હસીને કહ્યું. "જો હું બ્રેટ હોત તો મારી સાથે ઇન્સ્પેકટર કુટ્સ કદી પણ આવે નહીં. છતાં એ માટે હું તમને દોષ દેતો નથી. બ્રેટને માટે કોઇપણ કામ અશકય નથી એ તમે જાણો છોજ." થોડી વાર પછી ઇન્સ્પેકટર કુટ્સના બે સાથીઓ પણ ત્યાં આવી લાગ્યા કુટ્સે તેને યોગ્ય જગ્યાએ પહેરા ઉપર ઉભા રાખી પછી સર્વે મકાનની અંદર ગયા. ત્યાર પછી સર હીલારીએ પોતાને હાથે બહારનો દરવાજો બન્ધ કર્યો અને સુન્દર દાદર ચઢી સર્વે તેના રૂડીંગ રૂમમાં આવી પહોંચ્યા.

એ ઓરડો ઘણો મોટો હતો. એની સજાવટ અપૂર્વ હતી. એ ઓરડામાં સુંદર કારીગરીવાળો કીમતી ગાલીચો પાથરેલો હતો. તે એટલો નરમ હતો. કે તેનાપર પગ મૂકતાંજ પગ અંદર પેસી જતો એ ઓરડામાં ખુરશીઓ મખમલથી મઢેલી અને સ્પ્રીંગની ગાદીઓવાળી હતી. દરેક દીવાલ સાથે કબાટો ગોઠવેલાં હતાં અને તે સર્વમાં પુસ્તકો ભરેલાં હતાં. ઓરડાની વચમાં એક મોટું ટેબલ હતું. ઓરડાના એક ખુણામાં લોઢાની એક મોટી મજબુત પેટી મુકેલી હતી, જેને અત્યંત ચાલાક ચોર પણ ખોલી શકે તેમ નહોતું.

સર હીલારીએ અતિથિ સત્કાર માટે સોડા, વિસ્કી વિગેરે લાવીને પ્રથમથીજ રાખી મુકેલું હતું. મિ૦ બ્લેક મદ્યપાન કરતો નહોતો. મિ૦ બ્લેક તો બાટલીને અડકયો નહીં પરન્તું ઇન્સ્પેકટર કુટ્સ વિસ્કીની લાલચને ન અટકાવી શકવાથી તેને ઉદરમાં સ્થાન આપતાં હસીને બોલ્યો: "આજ

શરીર સારૂં નથી ચોર પકડવા માટે જરા છાંટા પાણીની જરૂર હતી."

ત્યાર બાદ સર હીલારીએ લોઢાની પેટી પાસે જઇ અક્ષરોવાળું તાળું અક્ષરો ગોઠવી ઉઘાડયું અને એક ચામડાંનું નાનું બાકસ કાઢી તેને ટેબલ ઉપર મિ૦ બ્લેક અને ઇન્સ્પેકટર કુટસની સામે મૂકી બોલ્યો: "મિ૦ બ્લેક આ બાકસની અંદર મારો સર્વ શ્રેષ્ઠ પારિવારિક હીરો રાખેલો છે. આખા ઈંગ્લાડમાં અને કોઈ પણ સભ્ય કુટુંબમાં આની જોડનો સુન્દર મુલ્યવાન હીરો નથી."

સર હીલારીએ તે બાકસ ખોલી હીરો મિ૦ બ્લેકને બતાવ્યો મિ૦ બ્લેક આશ્ચર્યજનક દૃષ્ટિએ તે અપૂર્વ કાન્તિવાન હીરા તરફ જોઈ રહ્યો. ઇન્સ્પેકટર કુટ્સ અને સ્મિથ પણ તે હીરાને જોઇને એટલા મુગ્ધ થયા કે તેના પરથી નજર ખેંચી લેવાનું પણ ભાન રહ્યું નહીં! વિજળીની બત્તીનો પ્રકાશ તે હીરા ઉપર પડવાથી તેની એવી જ્યોતિ જણાતી હતી કે જાણે બીજો વીજળીનો દીવો! એ હીરો લાલ રંગનો હતો અને ઝવેરીઓ તેને પદ્મરાગમણિના નામથી ઓળખતા હતા. જે પ્રમાણે ખીલેલાં કમળો જોવાથી નેત્રોને આનંદ મળે છે તેજ પ્રમાણે તે હીરાનું માધુર્ય અને તેની કાન્તિ સર્વના નેત્રોને આનંદ આપતી હતી. તે હીરાના વખાણ માટે કોઇનાં મ્હોંમાંથી એક શબ્દ સરખો પણ નીકળ્યો નહીં.

એ પ્રમાણે સર્વનો મુગ્ધભાવ જોઇને સર હીલારીએ કહ્યું. "આ અમારી કુટુમ્બિક સમ્પત્તિ છે. અમારા પૂર્વજો અનેક સૈકાઓથી આ હીરાની પોતાના ખજાનામાં રક્ષા કરતા આવ્યા છે. મારા પિતાનાં મરણ બાદ એ મારા સ્વાધીનમાં આવ્યો છે એ અમારા વંશના ગૌરવ અને ગર્વની ચીજ છે; લુચ્ચો બેટ અમારાં એ ગૌરવનું હરણ કરવા તૈયાર થયો છે. તેણે આજ રાતના દશ વાગે આ હીરો ચોરી જવાનું કહેણ મોકલી અને પુષ્કળ ડરાવ્યો છે. હું ધારૂં છું કે તેણે એક પ્રકારનું અન્યાયપૂર્ણ સાહસ વ્યક્ત કર્યું છે! અનેક સ્થાનોએ વારંવાર ચોરી કરવા છતાં ન પકડાવાથી તેનું આટલું

સાહસ વધી ગયું છે! પરન્તુ આજે તેનો ઉદ્દેશ તેનો પાર પાડવા દઇશું નહીં; તેથી મારી એવી ઇચ્છા છે કે, આજની રાત આ હીરાને લોઢાની પેટીમાં ન મૂકતાં આ ટેબલ ઉપરજ રહેવા દઇ તમે લોકો ટેબલની ચારે બાજુ બેસીને હીરા ઉપર નજર રાખ્યા કરજો. રાતના દશ વાગ્યા સુધી આપણી નજર તળે એ રહેવા જોઇએ, પછી જોઇએ છીએ કે બેટ કેવી રીતે સર્વની સામે એને ચોરે છે!"

સર હીલારીનાં કહેવાથી સર્વે ટેબલની આજુબાજુ બેસી ગયા. ઇન્સ્પેક્ટર કુટસે કહ્યું. "સર હીલારીનાં કહેવા પ્રમાણે કરવામાં મને કોઇ જાતનો વાંધો નથી, પણ શું આપણે સર્વે દિવાના થઇ ગયા છીએ! કે બેટ આપણને બેશુદ્ધ કરીને આ હીરો ચોરી જશે?"

મિ૦ બ્લેક કાંઇ પણ બોલ્યા વિના થોડુંક હસીને ઘડીઆળ તરફ જોયું. આ વખતે રાતના સાડા નવ વાગ્યા હતા. બેટે લખ્યું હતું કે:— "હું રાતના દશ વાગે હીરો ચોરીશ."

ચારે જણ ટેબલની આસપાસ બેઠા પછી પણ ચૂપ રહી શકયા નહીં. તેઓએ વાતચીત કરવા માંડી મિ૦ બ્લેકે પણ એક બે વાત કરી, અને પછી ધીમે ધીમે ચીરૂટ પીવા લાગ્યો. ધીમે ધીમે ઘડીઆળના બન્ને કાંટા દશ ઉપર આવ્યા. સર હીલારી અત્યંત ઉત્સાહપૂર્વક પોતાની આફ્રિકાની મુસાફરીનું વર્ણન સુંદર અને છટાદાર ભાષામાં કહી રહયો હતો.

મિ૦ બ્લેકે ફરી ઘડીઆળમાં જોયું. ત્યારે દશમાં પાંચ મિનિટ ઓછી હતી. પહેલી ચીરૂટ પૂરી કરી બીજી સળગાવવા તેણે દીવાસળી સળગાવી. ત્યાર બાદ ઘડીઆળમાં ટન્ ટન્ ટન્ કરતાં દશના ટકોરા પડયા. ટકોરા વાગતાંની સાથેજ વાતો બંધ થઇ ગઇ. સર્વેએ શ્વાસ રોકી ઘડીઆળ તરફ જોયું. આ વખતે સર્વેનાં હૃદયોમાં અંધાધુંધી શરૂ થઇ હતી, જાણે સર્વનાં હૃદયો ઉપર હથોડા ઠોકાઇ રહ્યા હતા. સર્વના પગથી માથાં લગી

વિજળી દોડવા લાગી. હવે શું થાય છે તે જોવા માટે સર્વ સ્તંભિત થઇ બેઠા.

દશ વાગી ગયા. ટકોરાનો અવાજ શૂન્યમાં મળી ગયો. તો પણ કોઇ અદ્‌ભુત ઘટના બની નહીં. સર્વ ઉત્સુક નેત્રોથી ટેબલ તરફ જોઇ રહ્યા. હીરો જ્યાં મુકેલો હતો ત્યાંજ હતો.

કુટ્‌સે ગર્વ સહિત કહ્યું. "કેમ ! હું કહેતો'તોને કે બ્લેકમાં એટલી શકિત નથી કે આ હીરાને આપણી સમક્ષ ચોરી શકે ? હું જાણું છું કે આપણ સર્વને મૂર્ખો બનાવવાને માટે—" ઇન્સ્પેક્ટર કુટ્‌સ પોતાનું કહેવું પૂરૂં કરે તે પહેલાં વચમાંજ સ્મિથ બુમ મારી ઉઠયો. કારણકે તેજ વખતે કોઇ જગ્યાએ 'ખટ' દઇને એક અવાજ થયો, અને સાથેજ તે ઓરડામાંનાં તમામ વિજળીના દીપકો એક ક્ષણમાં બુઝાઇ ગયાં. આખા ઓરડામાં ગાઢ અન્ધકાર ફરી વળ્યો ! કોઇ કાંઇ પણ જોઇ શકતું નહોતું !

એ અદ્‌ભુત બનાવથી બીજા તો ભયભીત બની ગયા, પણ મિ० બ્લેક તેવો થયો નહોતો. તેણે તેજ વખતે એવા અન્ધકારમાં પણ વિજળીની ઝડપે પોતાનો ડાબો હાથ ટેબલ ઉપર મુકી દીધો. કે જે જગ્યા પર હીરો મુકયો હતો; તે જગ્યા આવાં અન્ધકારમાં પણ મિ० બ્લેકના મગજમાંથી ખસી નહોતી. ત્યાર બાદ જણાયું કે સર હીલારી બુમો પાડતો પોતાની ખુરશી ઉપરથી ઉઠી એ ઓરડાના અમુક ભાગમાં દોડા દોડી કરી રહયો છે. તેના ધક્કાથી કેટલીયે ખુરશીઓ ઉંધી વળી ગઇ. આ સર્વ ઘટના જોતજોતામાં બની ગઇ. કેટલીક મિનિટ પછી સર હીલારીએ પાછા વીજળીના દીપકો સળગાવ્યા.–ઇન્સ્પેકટર કુટસ ટેબલની પાસે થર થર કંપતો ઉભો હતો, તેનું મ્હોં સુકાઇ ગયું હતું. સ્મિથથી પણ એવીજ અવસ્થા થઇ હતી.

દીપકો સળગ્યા પછી ગભરાયલા સ્વરે કુટસે કહ્યું. "હીરો કયાં છે ? ટેબલ પર તો દેખાતો નથી !"

સર હીલારીએ કહ્યું. "મારો સર્વનાશ થઇ ગયોરે ! શું હીરો ચોરાઇ

ગયો ? શું આટલાં બધાં માણસોની સમક્ષ ચોરી થઈ ?"

મિ૦ બ્લેકે કહ્યું. "નહીં; ચોરી થઇ નથી. હીરો ચોરાઇ જાય એવી શંકાથી મેં તેને પ્રથમથીજ ઉંચકી લીધો હતો. આમ કહી મિ૦ બ્લેકે પોતાની મુઠ્ઠી ઉઘાડી હાથમાંની વસ્તુ સર્વની સામે મુકી દીધી; પરન્તુ હાથમાંની તે વસ્તુ હીરો નહોતો, માત્ર કાચનો ટુકડો હતો! કુટ્સ બુમ મારી ઉઠયો. અરે ! આ શું ? આ તો હીરો નથી પણ કાચનો ટુકડો છે ! શું આ જાદુ નથી ? જાદુ સિવાય આવું અદ્‌ભુત પરિવર્તન થવું અસંભવિત છે." મિ૦ બ્લેકે ક્ષણભર નિસ્તબ્ધ રહીને સર હીલારીને કાચનો ટુકડો બતાવી દ્રઢ સ્વરે પૂછયું. "સર હીલારી ! આ કાચના ટુકડાનો તમે શો ઉપયોગ કરો છો ?"

સર હીલારી એ પ્રશ્નનો કાંઇ પણ ઉત્તર ન આપતાં જેવો પાછો હઠવાને તૈયાર થયો કે તુર્તજ મિ૦ બ્લેકે પાછળથી એક ધક્કો મારી ટેબલ નજીક લાવી તેના હાથમાં હાથકડી પહેરાવી કુટ્સને કહ્યું. "ઇન્સ્પેકટર કુટ્સ ! આજ તમારો ગુન્હેગાર બેટ છે."

કુટ્સ મિ૦ બ્લેકનું કહેવું ન સમજી શકવાથી વ્યાકુળ દ્રષ્ટિએ તેનાં મ્હોં તરફ જોઇ રહયો. ક્ષણ ભર તો તે કાંઇ પણ બોલી શકયો નહીં; પછી ભારે સ્વરે કહયું. "શું આ બેટ છે ? મિ૦ બ્લેક ! શું તમે ગાંડા થઇ ગયા છો ? તમે આ શુ કર્યું ? સર હીલારીના હાથમાં હાથકડી નાંખી ?"

મિ૦ બ્લેકે દ્રઢ સ્વરે કહયું. "આ માણસ સર હીલારી વેજ છે અગર કોઇ બીજો છે તે હું કહી શકતો નથી. પણ એજ માણસ બેટ છે, એમાં જરા પણ શંકા નથી. હું ઘણા દિવસથી સર હીલારીની તપાસમાં છું. એટલુંજ નહી પણ અમેરિકાથી મારાં કરેલાં કેટલાક ટેલીગ્રામોનાં ઉત્તરો આવ્યા છે. તેથી મને જણાયું છે કે, આજથી કેટલાક મહિના પહેલાં અમેરિકામાં સર હીલારી મરણ પામ્યો હતો ! અને આ બેટ

સર હીલારીનું નામ ધારણ કરી તેની અતૂલ સમ્પત્તિનો માલીક બની બેઠો છે, તેનું ખરૂં નામ 'ડાર્ક ડોનેલ્ડ' છે. ડોનેલ્ડ એક ચાલાક ચોર છે, એણે પોતાનું નામ બેટ રાખ્યું છે. એ માણુસ ચોરી કરવામાંજ ચાલાક છે, એ ઉપરાંત બનાવટી વેષ ધારણ કરવામાં અને માણસોના કંઠસ્વરની પણ નકલ કરવામાં એકકો છે, એના હાથની ચાલાકી જોઇને તો ખરેખર આપણે ચકિત થવું પડે છે. એવો માણુસ આ દેશમાં તો નહીં હોય! કેમ બેટ! આ વાતો ખરી છે ને ?"

સર હીલારીના વેશમાં રહેનાર ચોર પહેલાં તો જરા ગભરાયો પણ પછી તુર્તજ તેણે કહયું. "મિ૦ બ્લેક! મને તમે પકડયો! હું નહોતો જાણુતો કે તમે આટલા બધા ચતુર હશો. એટલા માટે મેં બરાબર સાવધ રહયા સિવાય કામ કર્યું. હવે મને મારી ભૂલનું ફળ મળી ગયું છે. હું મારી મુર્ખતાથીજ પકડાઇ ગયો છું. એટલા માટે મને હમણાં મારી બુદ્ધિ ઉપર ગુસ્સો ઉપૂજે છે. તમે બરાબર કહયું કે મારૂં નામ ડાર્ક ડોનેલ્ડ છે. સર હીલારીને આફ્રીકાથી ન્યુયોર્કમાં આવ્યા પછી એક થીયેટરમાં મારી સાથે ઓળખાણુ થઇ હતી. ત્યારથી અમે ધીમે ધીમે જીવજાન મિત્ર બની ગયા અને એક ઠેકાણે રહીને મોજ મજાહમાં અમારા દિવસો વ્યતીત કરવા લાગ્યા. અન્તે એક રાત્રે મારા મુકામ પરજ સર હીલારી હૃદય બંધ પડી જવાથી મરણુ પામ્યા. તેના ચહેરા સાથે મારો ચહેરો બહુજ મળતો આવવાથી મેં એક પ્રપંચ રચ્યો. હું જાણુતો હતો કે તે લંડનનો એક પ્રતિષ્ટિત માણુસ છે. તેથી તેનાં કપડાં વિગેરે પહેરીને સર હીલારી બની બેઠો. તેના ગુપ્તમાં ગુપ્ત કાગળપત્રો મારા હાથમાં આવવાથી સર હીલારીના નામથી મને ઓળખાવવાને ઝાઝી મુશ્કેલી પડી નહીં. મેં લોકોમાં એવું જાહેર કર્યું કે રાતના મારે ઘેર જે માણુસ મરણુ પામ્યો છે તે ડાર્ક ડોનેલ્ડ હતો. ત્યાર પછી સર હીલારીના કાગળપત્રો લઇને હું લંડ-

ન્માં આવ્યો અને તેની સમસ્ત સમ્પત્તિનો માલીક થઇ બેઠો. મારી ચાલાકીમાં અને મારા કામોમાં કોઇ પણ વાંધો ઉઠાવી શક્યું નહીં."

સર્વ વાતો સાંભળી કુટ્સે કહ્યું. "તો શું તમે ખરેખર બેટ છો! આ બધી તમારીજ લીલા છે?"

બેટ બોલ્યો. "હા, સાહેબ! મારૂંજ નામ બેટ છે. મેંજ તમને રાત મારી બેશુદ્ધ બનાવી તમારી છબી ઉતારી હતી. મારી ઇચ્છા એવી હતી કે તમને બરાબર દિવાના બનાવી દઉં, અને તે ઇચ્છા પૂર્ણ પણ થાત પણ એટલામાં મારીજ બુદ્ધિના દોષથી હું આજે પકડાઇ ગયો."

ઇન્સ્પેકટર કુટ્સે પૂછ્યું. "તમે બહાદુર ચોર છો! તમારા જેવો જો બીજો એકજ ચોર અહીં હોત તો, મારે નોકરી છોડી નાસી જવું પડત. વારૂ, કહો તો ખરા તમે મારૂં ઘડીઆળ કેવી રીતે ચોર્યું હતું?"

બેટે કહ્યું. "લીલામખાનામાં જે વખતે કપડાં ખોલી તમારી તપાસ થતી હતી તેજ વખતે! એમાં હાથની ચાલાકી સિવાય અન્ય કાંઇ નથી."

કુટસે કહ્યું. "આજે રાતના આ બધું શું થયું? પ્રકાશ એકદમ શી રીતે બુઝાઇ ગયો અને હીરો કયાં ગૂમ થઇ ગયો.

મિ૦ બ્લેકે કહ્યું. "મારી ખાત્રી છે કે હીરો એના ખીસ્સામાં છે. બીજે કોઇ પણ ઠેકાણે તે જઇ શકે એમ નથી. ખીસ્સામાં ન હશે તો ફુલદાનીમાં હશે. ડોનેલ્ડ! હાથ ચાલાકીમાં તમારો અનુભવ સમ્પૂર્ણ છે. બેઇએ તેટલી નજર રાખવા છતાં પણ હીરો મારા હાથમાં ન આવ્યો. પણ એક વાત મોટા આશ્ચર્યની છે કે તમે ટેબલ પાસે બેઠા બેઠા દીવાઓ શી રીતે બુઝાવી નાખ્યા? તમે એ ન કહેશો તો પણ હમે જાણીશું!"

ત્યાર પછી મિ૦ બ્લેકે ટેબલ ઉપરથી ટેબલકલોથ ખેંચીને દૂર ફેંકી દીધું તો તેને જણાયું કે જ્યાં બેટ બેઠો હતો તેની પાસેજ એક નાનું સરખું વિજળીક બટન છે! તે બટન દબાવવાથી સર્વ દીવાઓ બુઝાઇ ગયાં હતાં.

મિ૦ બ્લેકે ઇન્સ્પેકટર કુટસને કહ્યું. "બેટ ! આપણને સાક્ષી રાખી આ પ્રમાણે પોતાની ચીજ ચોરવા તૈયાર થયા એ જોઇને આપણે ઘણું આશ્ચર્ય પામીએ છીએ; પણ આશ્ચર્ય પામવાનું કાંઇ કારણ નથી. હું એની ચાલાકી સમજી ગયો છું. એ જાણતો હતો કે અનેક કારણોથી હું એના ઉપર વહેમ રાખતો હતો મારી તે ધારણાનું નિવારણ કરવાના ઉદ્દેશથીજ એણે આ યુકિત કામે લગાડી હતી, પણ એમાં એ ઘણી સહેલાઇથી પકડાઈ જશે એ કોઇ જાણતું નહોતું. પણ એનું વ્હાણ નિર્વિઘ્નતાથી સમુદ્ર તરી છેક કિનારે આવીને ડુબી ગયું ! કેમ ડોનેલ્ડ ! હું જે કહું છું તે બરાબર છેને !"

બેટે સરળ ભાવે કહ્યું. "ઠીક છે ! જરા મજા જોવાને માટેજ મેં આજનો કાર્યક્રમ ઘડયો હતો. પણ મિ૦ બ્લેક ! એ તો કહો કે તમે મારી ઉપર કઇ કઈ વાતોથી વ્હેમ રાખતા થયા ?

મિ૦ બ્લેકે કહ્યું. "માર્કવિસ પત્નીને ત્યાં, બેંકમાં વિગેરે જે જે સ્થળોએ ચોરી થઈ છે તે તે ઠેકાણે જે જે લોકો હતા તેના નામનું લીસ્ટ તપાસતાં તમે સર્વ સ્થાન પર હાજર હતા એમ મને જણાયું. ત્યાર પછી અમેરિકાથી મને એવી ખબર મળી કે **સર હીલારી** મરણ પામ્યો છે, ત્યારે તમારા ઉપર સમ્પૂર્ણ વહેમ મને આવ્યો. મને અમેરિકાથી એક મિત્રે જણાવ્યું છે કે તમારા મુકામ પર જે માણસ મરી ગયો હતો તે (**સર હીલારી**) હમ્મેશાં તમારા મુકામ પરજ રહેતો હતો એટલે તમે **સર હીલારી** બની આ દેશમાં આવ્યા અને સભ્ય સમાજમાં જવા આવવા લાગ્યા. કાલે અમેરિકાથી એક તાર આવ્યો તેનાથી તો વળી મને ચોકકસ ખાત્રી થઇ. તેમાં લખ્યું હતું કે, "એક દિવસ રાત્રે તમારા મુકામ ઉપરજ સર હીલારી મરણ પામ્યો. હતો તમે અમેરિકામાં જે ધિક્કારવા જોગ ધંધો કરી તમારો નિર્વાહ ચલાવતા હતા એ જાણી હું સમજી ગયો કે તમે ડોનેલ્ડ સિવાય અન્ય કોઈ નથી. છતાં તમો તમારી ભુલથીજ પકડાયાં છો ! તમે સ્મિથ પાસેથી

નામનાં બે લીષ્ટો માગી લીધાં હતાં તે તમારી પ્રથમ ભુલ હતી. તમે જાણતા હતા કે એ બન્ને યાદીમાં સર હીલારીનું નામ છે. ફીલ્ડશાયરની મિસિસ માર્કવિસને ત્યાં તમે હાજર હતા તેથીજ હીરાનો હાર તમે ચોરી શક્યા; અને સેન્ટ્રલ યુનાઇટેડ બેંકની સાથે તમારે લેણદેણ હોવાથી તમે હંમેશાં એ બેંકમાં જતા આવતા હતા; તેથી બેંકની ખાસ ચાવીઓનો બીબુનો નમુનો બનાવવો એ તમારા જેવા ચાલાક ચોર માટે મુશ્કેલ નહોતું; અને તે એટલે સુધી કે એજ યુક્તિથી મારે ત્યાં પણ તમે પ્રવેશ કરી શક્યા. કાલે રાતના તમારી બીજી ભૂલ થઇ. તમે મારાં કપડાં પહેરી પ્રિન્સ એન્ડરનો હીરાજડિત મુગટ ચોરવા ગયા ત્યાંથી પાછા આવી મારાં કપડાં ઉતારી તમારાં કપડાં પહેરી તમે બહાર આવ્યા. એટલામાં હું આવી રહ્યો. મને પાસેજ જોઇને તમે દરવાજો ઠોકવો શરૂ કર્યો. કારણકે તેથી એમ માલમ પડે કે તમે મને મળવા આવ્યા હો. તો પણ એ ચાલાકીમાં તમારી એક ભૂલ થઇ. કાલે રાતના પુષ્કળ બરફ પડયું હતું જે લોકો એ વખતે બહાર ફરતા હોય તેઓનાં કપડાં અને બુટ ભીંજાઇ ગયા સીવાય રહેજ નહી મેં તમારાં બુટ તરફ ધ્યાનપૂર્વક જોયું તો તે વખતે તમારાં બુટ સાફ હતાં, કારણકે તમે મારાં બુટ પહેરી હારેન ગાર્ડન ગયા હતા તો પણ તમે બુટ કેમ અદલ બદલ કર્યાં એ હું સમજી શક્યો નહીં.

બેટ બોલ્યો:—"તે હુ કહું, તમારે ત્યાં 'ટાઇગર' નામનો એક કુતરો છે. તે ગન્ધનું અનુસરણ કરે છે. વખતે મને પુકડાવી આપે એટલા માટે—"

મિ૦ બ્લેકે કહયું. "બસ, બસ, સમજી ગયો. તમે બેહદ ચાલાક છો. તમે હદ બહાર ચાલાકી ચલાવી મને લાંચ્છિત બનાવ્યો છે. તો પણ તમારા ઉપર તમને સંપૂર્ણ વિશ્વાસ હોવાથી આજે મજા જોવા જતાં તમે સહેલાઇથી પકડાઇ ગયા. ચાલો હશે, આ લોઢાની પેટીમાંજ સમસ્ત ચોરીઓનો માલ છે ને ?"

બેટે કહ્યું. "હા; સર્વ માલ એ પેટીમાંજ છે. વધારે બાહોશી બતાવવા જતાં આજે હું પકડાઇ ગયો. જો હું સર હીલારી બનીનેજ સીધી રીતે મારૂં જીવન વ્યતીત કરતે તો આજે મને આ પ્રમાણે પકડાવાનો વખત આવતે નહીં. ચોર ગમે તેટલો ધનવાન હોય તો પણ ચોરી કર્યા વિના તે શાન્ત રહી શકતો નથી. તેને માટે સંતોષ બહુ દુર રહે છે. એ ચોરનો સ્વભાવ છે. અને તેથીજ હું પણ મારા સ્વભાવનો ત્યાગ કરી શકયો નહીં."

મિ૦ બ્લેકે કહ્યું. "હવે પશ્ચાતાપ કરવાથી શું થવાનું છે? રેનેલ્ડ તમારે માટે મને દુઃખ થાય છે. તમારા જેવા પ્રતિભાશાળી માણસને જેલમા રાખવો એ મને ઠીક લાગતું નથી. તમને જેલમાં મોકલવાની મારી ઇચ્છા નથી."

બેટ બોલ્યો. "તમારી એ પ્રશંસાને માટે ઉપકાર, ઇન્સ્પેકટર કુટ્સ! તમારે જે કરવું હોય તે કરો, હવે વિલમ્બ શા માટે કરો છો?"

ઇન્સ્પેકટર કુટ્સે તુર્તજ દરવાજો ઉઘાડી એક કોન્સ્ટેબલને મોટર લાવવાની આજ્ઞા આપી. મોટર આવ્યા બાદ મિ૦ બ્લેકે કહ્યું. "તમે એને લઇને જેલ તરફ જાઓ હું તથા સ્મિથ-સર હીલારીની લોઢાની પેટીની તપાસ કરીને આવીએ છીએ.

ત્યાર બાદ બ્લેકે સર હીલારીના ખજાનામાંથી બેટે ચોરેલી સર્વ વસ્તુઓ સાથે લઇ સ્કોટલાંડ યાર્ડ તરફ પ્રયાણ કર્યું.

વાંચક! ચાલાક ચોરની ચાતુરીનો અહીં અંત આવી આપણી વાર્તા સમ્પૂર્ણ થાય છે! ભવિષ્યમાં આજ ચાલાક ચોરનું બીજું સાહસ બહાર પડે ત્યાં સુધી સાહેબજી!

સમાપ્ત

☞ ડીરેકટીવ વાર્તાઓ. ☜

ચાર લાખની ચોરી...	૦-૮-૦
અદ્દભુત ખૂન	૦-૮-૦
ભયંકર મૂર્તિ	૦-૮-૦
સાડ સાત ખૂન	૦-૮-૦
ડાકટર કે દૈત્ય	૦-૮-૦
કપટસોહનું કાવત્રું...	૦-૮-૦
પતી કે પીશાચ	૦-૮-૦
ખુની કોણ?	૦-૮-૦
ભેદી પૂતળું.	૦-૮-૦
ચોકટનો એકકો.	૦-૮-૦
લાલનો એકકો.	૦-૮-૦

નવી વાર્તાઓ.

વસંત અને ગુલાબ...	૦-૮-૦
દેવનાઈ બેસતો પલંગ.	૦-૮-૦
સુર્યકુમારી	૦-૮-૦
સતી કે શંખણી	૦-૬-૦
ભેદી રાજકુમાર	૧-૮-૦

જાદુ-હુન્નર.

કોકશાસ્ત્ર...	૧-૮-૦
હુન્નર શિક્ષક	૧-૪-૦
જાદુકળા...	૧-૦-૦
જાદુકપટ...	૦-૬-૦
ભયંકર ભૂતાવળી	૦-૬-૦
કામરૂ દેશની ઇન્દ્રજાળ.	૦-૬-૦

એ શીવાય બીજી દરેક જાતની વાંચવા લાયક બુકો મળવાનું ઠેકાણું.

શા૦ ચુનીલાલ મગનલાલ બુકસેલર. રાણીતળાવ-સુરત.

વાચવા લાયક પ્રખ્યાત થયલી વાર્તાઓ

ગજરામારૂની વાર્તા (અણુમાનીતીનો પુત્ર.) ...	०-૮-०
સદેવંત સાવળીંગા (આઠ ભવની વાર્તા) ...	०-૮-०
સુંદર કામદાર (ચમત્કારીક ઘટના.)	०-૮-०
બરાસ કસ્તુરી (ભેદી બનાવથી ભરપુર.) ...	०-૮-०
સ્ત્રી ચરીત્રનીં વાર્તા (સ્ત્રીઓની કપટલીલા.) ...	०-૮-०
બોલતો પલંગ (અદ્ભુત વાર્તા.)	०-૮-०
માનમુસાફરી (સાત પ્રશ્નોની વાર્તા)... ...	०-૧૨-०
છેલ જરાર (ઇતીહાસીક વાર્તા)	०-૬-०
હોથલ પદ્મણી (ઇતીહાસીક વાર્તા)	०-૮-०
બીરબલ બાદશાહ મોટી (હાજર જવાબી વાર્તા)	०-૧૨-०
રાજા ભરથરી (સચીત્ર વાર્તા)	०-૮-०
બોલતો પોપટ	०-૮-०
વરઘેલી વિણા	०-૧૨-०
કપટસીંહનું કાવત્રું (સંસારીક કાવાદાવા) ...	०-૮-०
બેવકુફ મુનીમ (કોમીક વાર્તા)	०-૬-०
અકલનો ભંડાર (નાની નાની વાર્તા)... ...	०-૬-०
તારી કે નાગણ (પ્રપંચથી ભરપુર)... ...	०-૬-०
ડાહ્યો કે દીવાનો (શીખામણરૂપ વાર્તા) ...	०-૪-०
સોળ વર્ષની સતી ને નવ વર્ષનો પતી (૩૦ ભાગ પુરાં)	૧-०-०
સુરતીલાલ નોવેલ (૧૬ ચીત્રો. પાકું સોનેરી પુઠું)	૧-૮-०
વૈતાળ પચ્ચીસી...	०-૧૨-०
જગદેવ પરમાર...	०-૮-०

આ તથા એ શીવાય બીજાં કોઇ પણ પુસ્તકો માટે પુછો.

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર. રાણીતળાવ-સુરત.

ગાયનોનાં શોખીનોને ખુશ ખબર.

લોકપ્રીય થયલાં નાટકોમાંનાં વખણાતા સુપ્રસિદ્ધ ગાયનોનો મોટો જથ્થો. જેમાં ઉસ્તાદી રાહની ચીજો, જાણીતા ગવૈયા અને ગાનારીઓએ ગાયલી પ્રખ્યાત ગઝલો, ગાયનો, ભજનો વીગેરેનાં બહોળા સમાવેશવાળી બુક નામે.

સંગીત

ફોનોગ્રાફ ગાયન સંગ્રહ.

ભા. ૧ થી ૮; અને સંખ્યાબંધ ચિત્રો સાથે.

શ્રી રાધાકૃષ્ણનાં દર્શણીક ફોટાવાળું સુંદર મનમોહક પચરંગી. કાર્ડબોર્ડપર છાપેલાં પુંઠા સથેની દળદાર બુક. છતાં કીંમત **ફક્ત એક રૂપીયો.**

પોષ્ટેજ અલગ

મળવાનું ઠેકાણું:—

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર

ઠે૦ રાણીતળાવ—સુરત.

તૈયાર છે! તૈયાર છે!! તાકીદે મંગાવો!!!

વહેલો તે પહેલો

જાદુઈ વાતો.

—: એક નવીન નવલકથા :—

અરેબિયન નાઈટ્સનાં જેવીજ આશ્ચર્યતાથી ભરપુર, અલૌકીક ઘટનાઓથી ભરેલી હાજર જવાબી અને ચતુરાઇનાં ભંડારરૂપ વાર્તાઓ, હાસ્યરસની વિનોદ વાટીકાના ઉગતાં પુષ્પોની મધુર સુગંધીથી ભરપુર અને અજાયબીનો ખજાનો એકવાર જરૂર વાંચો. જંજાળ નગરીની વાતો. અને હોંશીયારખાની હોંશીયારી વાંચી જરૂર તમો સ્પાકીન પોકારશો.

સુંદર છાપ. ફેન્સી પુઠું. છતાં કીંમત બાર આના

—: ટપાલ. વી. પી. પોષ્ટેજ અલગ. :—

મળવાનું ઠેકાણું:—

ચ. મગનલાલ બુકસેલર

ગોપીતળાવ—સુરત.